


વણજારો (ફોટો · ડૉ. ધીર[illegible])

કુમાર

સંસ્થાપક
રવિશંકર રાવળ
તંત્રી
બચુભાઈ રાવત

સપ્ટેમ્બર '૪૮

સળંગ અંક-૨૯૭



શ્રધ્ધા

ચિત્રકાર · શકુન્તલા દીવાનજી

કુમાર
સપ્ટેમ્બર ૧૯૪૮
અંક ૨૯૭

અનુક્રમ

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

નાટિકા


લેખો

વિભાગો

ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭ાા; પરદેશમાં રૂ. ૯ાા અથવા ૧૫ શિલિંગ. છુટક નકલના બાર આના.



ગુજરાતમાં વરસાદ

'હિંદનો બગીચો' ગણાતો આપણો ગુજરાત પ્રાંત વરસાદ બાબતમાં જેટલી અનિયમિતતા તથા પરાવલંબીપણું ભોગવે છે તેટલાં કદાચ બીજો કોઇ પ્રાંત ભોગવતો નહિ હોય. પંજાબની જેમ આપણે ત્યાં નહેરો નથી કે સિંધની જેમ સક્કર બૅરેજ નથી. કેવળ મેઘરાજાની કૃપા પર જ આપણો પાક અવલંબે છે. અને એ વરસાદ પણ દર વર્ષે નિયમિત ને પ્રમાણસર આવતો હોય તો ય ઠીક. પણ એક વર્ષે અતિવૃષ્ટિ થાય છે તો બીજે વર્ષે તદ્દન અનાવૃષ્ટિ.

ગુજરાતમાં વરસાદ જુલાઇમાં પડવો શરૂ થઇ સપ્ટેમ્બર સુધી પડે છે. ઉનાળામાં અરબી સમુદ્રમાં થતા બાષ્પીભવનથી ઉત્પન્ન થએલાં વાદળાંને નૈઋત્યના મોસમી પવન ગુજરાત પર ખેંચી લાવે છે. પણ આ ખેંચાઈ આવેલાં વાદળાંમાંથી બહુ જ ઓછો વરસાદ ગુજરાતની ભૂમિને મળે છે. કેમકે તેને ઠારવા આપણે ત્યાં કોઈ ઊંચા પહાડો નહિ હોવાથી એ ગુજરાત પરથી પસાર થઈ આગળ ચાલ્યાં જાય છે અને ગુજરાતને તેનો લાભ મળતો નથી. જ્યાંજ્યાં પર્વતો હોય છે ત્યાંત્યાં વાદળાંઓ અટકી જઈ ઊંચે ચઢે છે. આથી તે ઠંડાં થઇ સંતૃપ્ત (Saturated) બની વરસે છે. કોંકણમાં ધોધમાર વરસાદ વરસે છે તેનું કારણ ત્યાંના પશ્ચિમ ઘાટના પહાડો જ છે. ગુજરાતમાં પણ જ્યાં થોડો ઉચ્ચ પ્રદેશ છે તેની પાસેના પ્રદેશમાં સારો વરસાદ પડે છે. દા. ત. પશ્ચિમ ઘાટના ઉત્તરના છેડા પાસે આવેલા ધરમપુર અને વાંસદા આગળ, સાતપુડા ને વિંધ્ય પર્વતમાળા પાસે આવેલા છોટાઉદેપુર ને બારિયા આગળ, અરવલ્લી પર્વત પાસે ઈડર આગળ અને ગિરનાર પાસે જૂનાગઢ આગળ. પરંતુ બાકીનો સમસ્ત ગુજરાત એવા વરસાદથી વંચિત જ રહે છે.

પણ ગુજરાતમાં વરસાદ એકલા નૈઋત્યના પવનને લીધે જ આવતો નથી. એ પવનોને લીધે પડતો વરસાદ ઘણો ઓછો અને અપર્યાપ્ત છે. પણ ગુજરાતને એક બીજી બાજુથી પણ વરસાદ મળી રહે છે. આપણે ત્યાં વરસાદ શરૂ થાય છે એ જ વખતે બંગાળના ઉપસાગરના ઉત્તરના ભાગમાં એક 'ડિપ્રેશન' (દાબ) શરૂ થાય છે. તેને લીધે હવા ત્યાંથી ધસી આવવાથી ઊપજતાં હવાઈ મોજાં એ તરફથી પણ વરસાદનાં વાદળાં ખેંચી લાવે છે, જે હિંદના પ્રદેશ પર થઇને વાયવ્ય તરફ આગળ વધતાં આખા ગુજરાત પરથી કે તેના સરહદના ભાગ પરથી પસાર થાય છે. ત્યારે ગુજરાતમાં સારો વરસાદ પડે છે. આપણે ત્યાં ઘણી વાર ધોધમાર વરસાદ પડવાથી જે રેલો આવે છે તેનું કારણ પણ એ મોજાં જ છે. આંકડાઓ જોતાં જણાય છે કે આ કારણે દર બે કે ત્રણ વર્ષે ગુજરાતમાં સખત વરસાદ વરસે છે. પરંતુ જ્યારે તે મોજાં ગુજરાત પરથી પસાર થતાં નથી ત્યારે આપણે ત્યાં અનાવૃષ્ટિ જેવું જ થાય છે અને દુકાળનો સંભવ ઊભો થાય છે. આપણું આ વર્ષ પણ એવું જ જાય તો નવાઇ નહિ. (અનુસંધાન આગળ પૃ. ૨૮૨ ઉપર)

કાળની કેડીએ

કાળની કેડીએ ઘડીક સંગ,
રે ભાઈ, આપણો ઘડીક સંગ;
આતમને તો ય જનમોજનમ લાગી જશે એનો રંગ!
—કાળની૦

ધરતીઆંગણ માનવીના આ ઘડીક મિલનમેળા,
આખર તો સૌ અલગ એવી આવશે વિદાયવેળા;
તો કેમ કરીને ય કાળ ભૂલે ના એમ ભમીશું ભેળા.
હૈયાનો હિમાળો ગાળી ગાળીને વહશું હેતની ગંગ!
—કાળની૦

પગલેપગલે પાવક જાગે ત્યાં ઝરશું નેનની ઝારી,
કંટકપથે સ્મિત વેરીને મ્હોરશું ફૂલની ક્યારી,
એકબીજાને જીતશું, રે ભાઇ, જાતને જાશું હારી.
ક્યાં ય ન માય રે એટલો આજ તો ઉરને થાય ઉમંગ!
—કાળની૦

નિરંજન ભગત

ઝંખના

વાયરે વાવડ દીધા દૂરના:
હો જી દૂર મલક મોઝાર
કોઇ કરે રે પોકાર..
વાયરે વાવડ દીધા દૂરના.

સૂતાં રે ઝબકીને જાગે સોણલાં, નહિ દિન નહિ એને રેણ,
ઝણુકી ઊઠ્યું રે જંતર કાયનું, બાજે વ્હાલીડાંનાં વેણ–વા૦

લીલુડી ધરતીનો મ્હોર્યો બાગ આ, નભથી ઝરે ફૂલની ધાર,
લખનો આનંદમેળો જામિયો, એક વિણ સૂનો સૌ સથવાર–વા૦

સૂતેલ હોય તો બેઠો થઇ જજે, બેઠો ઊઠજે અધીર,
દૂરના મારગ પાંખ્યું વીંઝજે, છૂટ્યું આવે જેમ તીર–વા૦

જીવ તો આકુડો છોડી ચાલિયો, એને ઝાલ્યો નો ઝલાય,
પૂંઠે તે રહ્યું આ મનખા માળખું, રૂદિયું એનું અકળાય–વા૦

આડા તે મ્હેરામણ મોટા ઊછળે, ઊછળે ભેરવને વેશ,
છોડી રે મરજીવે કાગળ-બેડલી, ઓરો ઓરો આવે દેશ–વા૦

રાજેન્દ્ર શાહ

મોગરો

વણવાવ્યો ને વણસીંચિયો
મારા વાડામાં ઘર પછવાડ રે
મોગરો મ્હોર્યો મ્હોર્યો રે.

આનપનાં અમરત ધાવિયો
ધોળો ઊછર્યો ધરતીબાળ રે.
મોગરો મ્હોર્યો મ્હોર્યો રે.

આવે સમીરણ ડોલતા
કંઇ કુદરત કરતી લાડ રે.
મોગરો મ્હોર્યો મ્હોર્યો રે.

આડો ને અવળો ફાલિયો
મસ ફૂલડે મઘમઘ થાય રે.
મોગરો મ્હોર્યો મ્હોર્યો રે.

એવો મ્હોર્યો અલબેલડો
એને ચૂંટતાં જીવ ચૂંટાય રે.
મોગરો મ્હોર્યો મ્હોર્યો રે.

સૃષ્ટિ ભરીને વેલ વાધતી
વળી વાધે નભવિતાન રે.
મોગરો મ્હોર્યો મ્હોર્યો રે.

કળીએ કળીએ રાધા રમે
એને પાંદડે પાંદડે કહાન રે.
મોગરો મ્હોર્યો મ્હોર્યો રે.

બાલમુકુન્દ દવે

વેરાનતાનું ગાન

(એક નિરાશા અને એનો ઉત્તર)

· વસંતતિલકા ·

"રે મૂઢ! જો, વિગત આજ અષાઢ,–ભમ
હૈયે અડી જ્યમ જરી સરી જાય સ્વપ્ન.–
રેલાવીને અમૃતપૂર્ણ સહસ્રધારા
પૃથ્વી-ઉરે, પ્રબલ ચેતન અંગઅંગે
પૂરી, અણુઅણુ કરી દીધ ધન્ય-ગાત્ર,
કિન્તુ યુગોથી તલસંત અભાગી તુંને
એકે ય બિંદુ રસનું નવ લાધ્યું, માત્ર
વેરાનતાની અહીં ભીષણ રુદ્ર કારા."

"વેરાન છો હૃદય તાહરું, કિન્તુ શુષ્ક
હૈયાતણાં ગુપત કો'ક ઊંડાણ, લાસ્યે
ધીમું હસંત સુચિરન્તન એક પુષ્પ;
શાને અધન્ય પછી તું? દઇ વેરી એની
થોડી રહીસહી સુગન્ધ જગે, હયાની
વેરાનતાનું કર ગાન પ્રફુલ્લ આસ્યે."

શ્રીકાન્ત માહુલીકર

સ્વરૂપાનુભૂતિ એટલે પોતાની જાતની સાચી ઓળખ અને તે કેમ સાધવ

—મનન—

★કલા કલાની ખાતર(આર્ટ ફૉર આર્ટ્સ સેક), સૌન્દર્યનિષ્ઠા કેવલ સૌન્દર્યજ્ઞાનાર્થે વ્યક્તિજીવન જીવનના સંપૂર્ણ સમતોલ વિકાસની જ ખાતર, વગેરે બોધમુક્તકો ઉપર અધિકારી કિશોરકિશોરીઓ પોતાનું ચિત્તંત્ર જેમ વહેલું એકાગ્ર કરે તેમ તેઓ પોતાના ભાવિ સુધારનાર અને ઘડનાર પોતે જ બની શકે છે. 'આત્મૈવ હ્યાત્મનો બન્ધુઃ, આત્મૈવ રિપુરાત્મનઃ'. આ દુનિયામાં માણસનો એક પૂરો હિતેચ્છુ અને સન્મિત્ર, તેમ એનો કટ્ટામાં કટ્ટો દુશ્મન માણસ પોતે જ છે. 'અત્ર આત્માતણો સાચો મિત્ર શત્રુ જ છે આત્મા.'

કવિ કહે છે, "Self-reverence, self-knowledge, self-control,

—These three alone lead man to sovereign power."

અને હું આમાં ઉમેરું છું,—

These three alone lead man to fullest and exalted Being.

જાત માટે પૂજ્યભાવ, જાતનું જ્ઞાનવિજ્ઞાન, જાતનો સંયમ, આ ત્રણથી જ માણસ સર્વશક્તિમાન બને : આ ત્રણ વડે જ માણસ પ્રાઢચોદાત્ત જીવનભણી દોરાય.

આમાં જાત માટે પૂજ્યભાવ અને જાત વિશે જ્ઞાનવિજ્ઞાન તો બરાબર; પણ જાતને સંયમ શાને વારુ, એ સવાલ કુદરતી છે.

જુવો, બીજો કવિ કહે છે,— "We look before and after."


"માનવી નયન ચલવિચલ હે છે ફરતા ચોદિશા
ચડે ઊંચે અંતરિક્ષ, પડે વળી પાતાલમાં,
આતુરાં આગળ ધસે, ફરિફરી ભાવિ ઉકેલવા,
ભૂતનાંને વીતકોને ગયે તાજાં રાખવા."

માણસજાત મૂળ પ્રકરેલી તરુકુંડનિવાસી મહાવાનર(એપape)માંથી. લાખ કે સવાલાખ વર્ષ તળે હટાયેલી એ એની આદ્ય ક્ષણમાં પણ માણસ એકલ વ્યક્તિ ન હતો. પાંચપંદરનાં જૂથ સાથે જ એ તરુકુંડમાંએક ઝાડથીબીજે કુદા કરતો:પછી દશપંદર હજાર વર્ષે આમાંનાં પ્રથમ એકબે ને પછી ઘણાંખરાં જૂથ તરુનિવાસ છાંડી જમીન પર વસતાં થયાં, ગુફાઓ અને ગુપ્ત સ્થાનોમાં સંતાતાં થયાં. આમ પચાશેક હજાર વર્ષ વીતેલાં,તેદરમિયાન આ ચારકરવાળો પ્રાણી બે હાથ બે પગવાળો બન્યો, ટટાર ઊભો રહેતો થયો, ઓજાર અને શસ્ત્રાસ્ત્ર સંઘરતો-બનાવતો અને સુધારતો થયો, સંખ્યામાં વધવા લાગ્યો, આસપાસ ચોતર્ફ ધસતો થયો, જુદીજુદી બોલીઓ રચી ખીલવવા માડયો, સ્થાયી જેવા નિવાસોને પેઢી પછી પેઢી વળગી રહેવા લાગ્યો, ઢોરનાં ટોળાં ઉછેરતો અને ગામડાંઓ વસાવતો વધવા લાગ્યો. પાસેપાસેનાં સ્થાનોનાં જૂથો વચ્ચે અવારનવાર કાપાકાપી ચાલી રહે, કેમ કે દોંગા સશસ્ત્ર કપટી મરદોને નિઃશસ્ત્ર અબળાઓનાં જ્યારે ને ત્યારે હરણ કરી જવાની કટેવ, એક જૂથને બીજા જૂથના સંઘરાઓ ઉપર તરાપ મારવાની કટેવ, લગભગ વિના કારણે અને તોરમાં સામસામે ઘુરકતાં બાથંબાથી કાપાકાપી પ્રવર્ત્તાવવાની કટેવ. પરંતુ આમ પણ એ જૂથોમાં વ્યક્તિઓની સંખ્યા પેઢીએ પેઢીએ, સૈકેસૈકે વધતી જ ચાલી. ભૂતકાળમાં ગમે તેટલી પાછળ નજર નાખો, જૂથમાં વસતી વ્યક્તિઓ જ જણાશે. પ્રથમ આદમ એકલો, પછી આદમ અને હવાનું એક જ જોડું, એ તો કેવળ કલ્પના છે, વાસ્તવિક વર્ણન નથી. અને વાસ્તવમાં તો દૂરમાં દૂર ભૂતકાળમાં પણ જૂથમાં વ્યક્તિઓ-વ્યક્તિઓનાં જૂથ જ જોવા પામિયે છીએ. એકલી વ્યક્તિ ક્યારે ય નહીં, ક્યાં ય નહીં.

વધતાં વધતાં વધતાં અત્યારે વ્યક્તિઓ બસોત્રણસો કોટિની સંખ્યાએ પહોંચી છે. એકલા હિંદમાં જ સાત લાખ કે નવ લાખ ગામડાંઓમાં સોબસો વસતીપુંજ સંગઠાયા છે, જે દરેકમાં લાખથી વધારે વ્યક્તિઓ વસી રહી છે. હજી તો અર્વાચીન દૃષ્ટિ જેને ઔદ્યોગિક વિકાસ કહે છે, તે આપણે ત્યાં લગભગ બધો જ બાકી છે. ધારો કે એ વિકાસ સંપૂર્ણપણે સાધતાં અર્ધી સદી વહી જાય. તો એ પચાશ વર્ષમાં હાલની ચાળીશ કોટિ સંખ્યા વધીને કેટલી થઇ ગઈ હશે—એંશી કોટિ? એકસો વીશ કોટિ? અને તે પચાશ વર્ષ દરમિયાન દુનિયા પર હાલ બસોત્રણસો કોટિ મનુજ વ્યક્તિઓ છે, તે વધારે કેટલી થઇ હશે વારુ? બેથી બમણી—ત્રમણી? એકલા સાઇબીરિયા—ઉત્તરપૂર્વ એશિયાની—પ્રશાંત સાગરથી યૂરલ પર્વતમાલા લગીના વિસ્તીર્ણ પ્રદેશમાં વસતી હાલ છે તેથી પાંચ છ ગણી વધી ગઈ હશે? દક્ષિણધ્રુવ પ્રદેશ નવો શોધાય છે; ત્યાં વસનાર શરૂ થશે—ક્યારથી? પ્રત્યેક માણસ વાંછે છે આઝાદી, સંપૂર્ણ સ્વતંત્રતા, ચારેબાજુનો પૂરેપૂરો વિકાસ. પણ આવી વધારે વ્યક્તિઓની સંખ્યા જશે કેટલી ઝડપે? જેમ વધે તેમતેમ માત્ર એ સંખ્યાવધારાયોગે આઝાદ અને વિકસતું જીવન દરેક વ્યક્તિ માટે વધારે શક્ય બને કે ઓછું, એ આપણી વિચારમાળામાં ત્રીજો મણકો છે. બોલો જોઉં, વધારે શક્ય બને કે ઓછું? કેટલાક કહેશો વધારે શક્ય બને, કેટલાક ધારશો ઓછું શક્ય બને. પરંતુ વિશેષ વિચાર કરતાં ચોખ્ખું સમઝાશે કે આ બન્ને જવાબ ખોટા છે. તો શું સાચો જવાબ આપણે ન મેળવી શકિયે એવો અગમ્ય છે? એમ પણ નથી.

વ્યક્તિસંખ્યા વધતી જાય તેમતેમ જ કેટલીક દિશામાં આઝાદીવધારો લાભે એમ છે. આપણે ઊંચેઊંચે ચડતા જઇએ તેમતેમ દૃષ્ટિમર્યાદાનું વર્તુલ દૂર દૂર ખસતું જાય છે. આપણે ચોતર્ફ વધારે વિસ્તીર્ણ પટ જોઇ શકિયે છિયે. આપણી સંખ્યા વધે તેની સાથે ખોપરીએ ખોપરીએ જુદી ગતિ એ ન્યાયે આપણને વધારે બુદ્ધિ સૂઝે છે; આપણાં નિત્ય નૈમિત્તિક વ્યવસાયોમાં આપણે વધારે ઝીણવટથી કામવ્હેંચણી (ડિવિઝન ઑફ લેબર Division of labour) પ્રવર્ત્તાવીને એ વ્યવસાયની દરેક વિગતમાં વધારે નિષ્ણાત બનિયે છિયે. આપણાં ઓજારો અને હથિયારો વધે સુધરે, આપણાં સાધનસામગ્રી વધતાં જાય અને વૈવિધ્યવાળાં થતાં આવે, આપણે આપણા કુલ ઉત્પાદનનો જથ્થો વધારે મોટો રચી શકિયે, તેમાં અવનવીન વિવિધતાઓ ઉમેરી શકિયે, આપણા કુલ ઉત્પાદનમાંથી વધારે વધારે વ્યક્તિઓને પોષી શકિયે. વચ્ચેવચ્ચે લડિયે વઢિયે તેમાં પ્હેલાં કરતાં એકબીજાની વધારે ખુવારી પણ કરતા રહિયે, તથાપિ પેઢીઓને ગાળે ગાળે આપણી સ્થિતિ તપાસવાને બદલે તેને સૈકાસૈકાને ગાળે ગાળે સરખાવિયે, તો કોઇ ભાગમાં પડતી જણાય, કોઈમાં ચડતી એ જોકે ખરું છે તોપણ બધા ભાગને એકંદરે લેતાં

જેમાં આપણા વયોવૃદ્ધ સાક્ષર શ્રી બલવન્તરાય ઠાકોર ઐતિહાસિક પદ્ધતિએ. આપણા રાષ્ટ્રજીવનમાં સંયમની જરૂર પ્રબોધે છે.



લેખક : શ્રી બળવન્તરાય ક. ઠાકોર

આખી માનવજાતિએ સમગ્રે સારી પેઠે પ્રગતિ, ઉન્નતિ ને સંસ્કૃતિ મેળવ્યાં છે અને સાક્ષી જગતનો ઇતિહાસ છે. થોડાં છૂટાંછવાયાં ગામડાંમાંથી વિસ્તીર્ણ રાજ્યો બંધાયાં છે, તેમનાં કદ પણ ઉત્તરોત્તર વધતાં ગયાં છે.

બુદ્ધ અને મહાવીરનો સમય સંભારો. તે સમયે આપણામાં ન્હાનાંન્હાનાં અમીરશાસિત(ઍરિસ્ટૉક્રેટિક) રાજ્યો જ મોટે ભાગે હતાં. પ્રાચીન ગ્રીસ, પ્રાચીન રોમમાં યે એમ હતું. પછી મોટાં રાજાશાસિત એકશાસનો(મૉનર્કીઓ) થવા લાગી. કદે મોટાં ખરાં, પણ આયુષ્યે સદ્યભંગુર. ત્રણચાર પેઢી થાય ત્યાં તો એક રાજવંશનો અસ્ત થાય ને થોડા અંધાધૂંધીના ગાળા પછી બીજો રાજવંશ માથે મુકુટ પ્હેરે એમ ચાલ્યા કરતું. કુલસત્તાધર રાજાના રાજ્યમાં એક ગુણ ખરો, કે તેનો અમલ વિસ્તીર્ણ પ્રદેશ પર ચાલે; પણ તે આગલાં અમીરશાસનો(ઍરિસ્ટૉક્રસીસ) કે ન્હાનાંન્હાનાં જિલ્લારાજ્યો પેઠે સૈકા ને સૈકા ટકી ના શકે, એ તેનો અવગુણ પણ હતો.

રાજ્યસંસ્થા માણસે ઉત્પન્ન કરેલી. બે ટોળાં સામસામે ઝગડે, એ જાગતાઊંઘતા—બેઠા કે સળગતા—વિગ્રહની દશા ચાલ્યા જ કરે, તેની ખુવારીમાંથી ઉગરી જવાને સારુ એનો મહામંત્ર આ હતો કે જે જે લોક રાજાનું રાજપદ માન્ય રાખે તે માંહોમાંહ્ય તો અહિંસાધર્મ પાળે. બે જણ વચ્ચે, બે ગામ વચ્ચે કે કોઈ પણ બે ન્હાના જથ્થા વચ્ચે વિરોધકારણ ઉપસ્થિત થતાં, બંને પોતે લડી લેવાનું માંડી વાળી, પોતાનો ન્યાય ભલે રાજા કરે એમ સ્વીકારે, અને રાજા જે ચુકાદો આપે, તે માન્ય પણ રાખે. પોતાના વાજબી હક્કનું રક્ષણ જાતે લડીવઢીને જેવું થાય તેવું કરી લેવાની હઠ સૌ એકસરખી છોડી દે, અને રાજાને આશરે સંપીસંપીને રહે; તેમ પરાયા રાજનો હુમલો આવતાં, સૌ સાથે મળી સંરક્ષણ કરવામાં પોતાના રાજાને પૂરતો ટેકો આપે, એનું નામ તે રાજ્ય. અહિંસાનો વિસ્તાર રાજ્યના વિસ્તારની સાથે વધે.

આમ પણ રાજ્યના વિસ્તાર વધવામાં કેટલીક મર્યાદાઓ સૈકાઓ લગી નડયા કરી. છેક અઢારમા સૈકા લગી એક સ્થળની બાતમી બીજે સ્થળે પહોંચાડવાની શક્તિ અત્યંત ઓછી હતી. અને દૂર સ્થળે વખતસર પ્હોંચી જવાની આપણી શક્તિ તેથી પણ મર્યાદિત હતી. અકબર આગ્રાથી અમદાવાદ મારતે ઘોડે અને કયાંય રાતગાળો કર્યાં વગર કે જમવાઊઠવા પણ રોકાયા વગર, અને ટૂંકામાં ટૂંકે શિરોહીને રસ્તે તથા લગભગ છડી સવારીએ પ્હોંચી ગયો, તો અમદાબાદનું બંડ ઇંડામાંથી જ ફૂટી ગયું. અકબરે દશ પંદર દિવસ જ વિલંબ કર્યો હોત, તો અમદાવાદની મુસ્લિમ 'ગુજરાતી' બંડખોરોની સેના સજ્જ થઈ આગ્રા ભણી પ્રયાણ આદરત, અને પછી તો આ બી મુઘલ સલ્તનતનું બલ જમાવીને અકબર રીતસરનું યુદ્ધ ખેડીને જ ગુજરાત પ્રાંતને પાછો મેળવી શકત. આ સોળમા સૈકાનો બનાવ. અઢારમા સૈકાનો દાખલો સંભારો. ઈ. ૧૭૬૧ માં પાણીપતના યુદ્ધમાં અબદાલીએ મરાઠી સેનાને રગદોળી નાખી. ગાદીવારસ વિશ્વાસરાવ પડયો, સેનાપતિ પરશુરામ ભાઉ પડયો, પાંચપંદર સરદારો ખપી ગયા ને મરણિયા મરાઠાઓનાં હાંજા ગગડી ગયાં. લાગ બરાબર સાધીને અબદાલીએ પૂરા બળે ધસારા કર્યા અને રાત પડતાં તો મરાઠા ઘોડાં કે પાયદળનું એકે મોટું ટોળું સંગઠિત રહેવા પામ્યું નહીં. વારુ. આ કારમા કેરના ખબર પેશ્વા પોતે બીજી મોટી સેના સાથે ઉત્તર તર્ફ વ્હારે આવતો હતો ત્યાં એને કેવી રીતે પડયા ? આગ્રાના એક કોટિધ્વજે પોતાની પેઢીના બહાનપુરના આડતિયાને તાબડતોબ ખેપિયો દોડાવેલો: તે સમયે રાજ્યની જેમ શાહ વ્હેપારીઓ પણ પોતાને જુદેજુદે થાણે જરૂરી સમાચાર જેમ બને તેમ જલદી પ્હોંચાડવાને ટપાલો બાંધી રાખતા. આગ્રાના કોટિધ્વજે બહાનપુર પોતાના આડતિયાને લખેલું તેમાં ભાષા વાપરેલી અલંકારિક: 'બે હીરા ગુમ થયા છે; અનેક જવાહીરો ધૂળમાં રગદોળાઈ ગયાં છે; અને મ્હોરો રૂપાનાણું અને ત્રાંબાનાણું કેટલું તણાઇ ગયું છે તેનો તો હિસાબ પણ ક્યાંથી થઈ શકે?' આવી મતલબનું લખાણ વાંચતાં જ આડતિયો ગાદી પરથી ઊભો થઈ ગયો અને દોડયો પેશ્વા સરકારની છાવણીમાં, જે બહુ દૂર ન્હોતી. પાણીપતથી રીતસરના સમાચાર મળતાં તો બીજા ચાર દિવસ વીતી ગયા. પરંતુ આ ગર્ભળી લખાવટ જોતાં જ પેશવાના પેટમાં ધ્રાસ્કો પડયો તે પડયો.

બીજી રીતે જુવો. હિંદ જેવા હિમાચલથી હિંદી મહાસાગર લગી વિસ્તરતા દેશમાં આખા ય દેશમાં કાળ પડે એમ બનતું જ નથી. પરંતુ દાણાનાં ગાલ્લાં જ મોકલાય. ચોવીશ મણ અનાજ ભરેલું ગાડું રોજના બાર પંદર ગાઉ જ જઇ શકે. રોજ ને રોજ બે બળદ અને એક ગાડીત પેટમાં ઓરણી તો માગે જ. હિસાબ કરો કે એ ૨૪ મણ અનાજ કેટલા ગાઉ પ્હોંચાડાય તે પ્હેલાં તો ગાડીત અને બળદોએ મળીને જ તેને પૂરું કરી નાખ્યું હોય. તાત્પર્ય કે એક પ્રાંતમાં પુષ્કળ પાક થયો હોય, પરંતુ ત્રણસો ચારસો માઈલ દૂર આવેલા બીજા પ્રાંતમાં કાળ પડયો હોય ત્યાં તેને પ્હોંચાડવા જ આપણે અશક્ત હતા. આમ આપણાં કુદરતી શક્તિઓ અને પદાર્થોના જ્ઞાનની જે મર્યાદાઓ હતી, તેના જ પરિણામે રાજ્ય-સંસ્થાઓના વિસ્તારની પણ મર્યાદાઓ અનિવાર્ય બનેલી હતી.

તાર, આગગાડી, વીજળી, એ સર્વ આપણાં સાધનસામગ્રી જડ્યાં ઓગણીશમી સદીમાં. એરોપ્લેન, રેડિયો વગેરે પગભર થયાં છે છેક ઇ. સ. ૧૯૨૦ પછી, પ્હેલા વિશ્વયુદ્ધ પછી. હવે જ આપણે આખી દુનિયાના ઐક્યના, તમામ માણસજાત એક જ ફેડરેશનની આણ તળે, એવાં એવાં સ્વપ્ન સેવી શકિયે તેવી પરિસ્થિતિનો સૂર્યોદય થયો છે: કુલકુલાં માણસજાતમાં અહિંસા પ્રવર્તાવવાની ભાવના હવે જ સંભવિત વસ્તુઓની દૃષ્ટિમર્યાદામાં આવી ગણાય.

પરંતુ પ્રથમ પ્હેલે દરજ્જે તો આપણામાં હૃદયપલટો થવો જોઈએ; (અનુ૦ પૃ. ૨૮૦મે)

મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજના ગુજરાતી મંડળના નિમંત્રણે તા. ૫મી ઑગસ્ટ ૧૯૪૮ના રોજ વિદ્યાર્થીઓ આગળ કરેલું પ્રવચન

★ મેધાવી વિદ્વાન, સંસ્કૃતના પ્રખર પંડિત અને હિંદી વિપ્લવવાદના



વિલાયતથી બૅરિસ્ટર થઈ આવી દીવાન બન્યા ત્યારે

પોતાની તેજસ્વી મેધાથી ૨૧ વર્ષની ઊગતી ઉંમરે એમણે ઑક્સફર્ડના પ્રથમ હિંદી ગ્રૅજ્યુએટ જ નહિ પણ સંસ્કૃતના પ્રખર પંડિત તરીકે જગતભરમાં નામના મેળવી. . . . . .

ગુજરાતે જે અનન્ય વિભૂતિઓ હિંદને ચરણે ધરી છે તેમાં હિંદી સ્વાતંત્ર્યના અરુણોદય કાળની વિપ્લવ પ્રવૃત્તિના સંચાલક અને આજીવન લડવૈયા શ્યામજી કૃષ્ણ વર્માનું સ્થાન ઘણું ઊંચું છે. હિંદના એક અંધારા ખૂણામાં એક ગરીબ કુટુંબમાં જન્મી, કશા યે સાધન કે વસીલા વિના કેવળ પોતાની તેજસ્વી મેધા અને ઉત્તુંગ મહત્ત્વાકાંક્ષાના બળે થોડાં વર્ષોમાં સંસ્કૃત અને અંગ્રેજીના પ્રખર વિદ્વાન તરીકે તેમણે નામના મેળવી, સ્વબળે ઇંગ્લંડ જઇ ઑક્સફર્ડના પ્રથમ હિંદી એમ. એ. થયા, બૅરિસ્ટર થયા, એટલું જ નહિ પણ નવતર રાષ્ટ્રવાદી હિલચાલના અત્યંત કપરા કાળમાં ઇંગ્લંડમાં સર્વમાન્ય અગ્રણી બન્યા અને આમ, હિંદના ક્રાંતિકારી ઇતિહાસમાં પોતાનું નામ ઊજળા અક્ષરે લખાવી ગયા.

તેમનો જન્મ ઈ. ૧૮૫૭ના ઑક્ટોબરની ૪થીએ કચ્છના માંડવી ગામમાં એક ગરીબ ભણશાળી કુટુંબમાં થયો હતો. શાળામાં દાખલ થયા ત્યારથી જ તેમણે પોતાની બુદ્ધિપ્રભાના ચમકારા બતાવવા માંડેલા. પિતા તે વખતે મુંબાઈમાં કાળી મજૂરી કરી પેટિયું કાઢતા હતા. તેથી પ્રાથમિક શિક્ષણ પૂરું કરી પોતાની નાનીની સહાય વડે ભૂજમાં હાઈસ્કૂલમાં ભણવા માંડયા. ત્યાં મેધાની તેજસ્વિતા બતાવી રહેલા એ શ્યામજીની વાત મુંબાઈના એક શ્રીમંત મથુરાદાસ લવજીના કાને પડતાં તેમણે શ્યામજીને મુંબાઇ આણી ત્યાંની શાળામાં દાખલ કરાવ્યા. જોતજોતાંમાં અહીં પણ શ્યામજીએ મહારાષ્ટ્રીય વિદ્યાર્થીઓને યે પાછળ પાડી દઈ પ્રથમ કક્ષા મેળવી. શાળાના અભ્યાસ સાથે તે સંસ્કૃત પાઠશાળામાં પણ અભ્યાસ કરવા લાગ્યા, અને બન્ને દિશામાં આશ્ચર્યજનક પ્રગતિ કરીને ૧૮ વર્ષની નાની વયે જ સંસ્કૃત અને અંગ્રેજીમાં ભારે નૈપુણ્ય મેળવ્યું. તેમની આ તેજસ્વી બુદ્ધિમત્તાને કારણે શેઠ છબીલદાસ લલ્લુભાઈ સાથે તેમનો પરિચય થયો, જે ટૂંક વખતમાં ગાઢ સ્નેહમાં પરિણમતાં છબીલદાસે ઈ. ૧૮૭૫માં પોતાની પુત્રી ભાનુમતીનાં તેમની સાથે લગ્ન કર્યાં.

પણ બીજે જ વર્ષે એક મોટી આફત આવી. મૅટ્રિકની પરીક્ષાના ટાણે જ તેમની આંખો બગડવાથી તે પરીક્ષામાં વાંચી જ ન શક્યા અને નપાસ થયા! પણ એથી તે જરા યે ડગ્યા નહિ. એ કાળે પોતાના સંસ્કૃત જ્ઞાનને કારણે તે સંસ્કૃતના લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાન પ્રો૦ મોનીઅર વિલિયમ્સ સાથે પરિચયમાં આવ્યા. તે શ્યામજીની વિદ્વત્તાથી એવા તો મુગ્ધ થઈ ગયા કે તે શ્યામજીને ઑક્સફર્ડમાં પોતાના સહાયક તરીકે લેવા તૈયાર થયા. એ અરસામાં તેઓ સ્વામી દયાનંદના પણ સંસર્ગમાં આવ્યા અને આર્ય સમાજના રંગે રંગાયા. ત્યાં પણ તેમની સંસ્કૃત ભાષાની વિદ્વત્તા, વેધક બુદ્ધિ તથા સુધારક



વિલાયતમાં ઇંડિયન સોશ્યૉલૉજિસ્ટ પત્રના તંત્રી તરીકે ('ગતિ'ના સૌજન્યે)

સામેના પાને: છેવટના દિવસોમાં

૨૮મે વરસે બૅરિસ્ટર થઈ આવી દેશી રજવાડાંની દીવાનગીરી કરતાં એમને અંગ્રેજી અમલની કુટિલતાનો પરચો મળ્યો, ને હિંદમાં તેના દમનનો ભોગ બનવા કરતાં વિલાયતમાં એમને ઘરઆંગણે જ મોરચો માંડવાનો નવો માર્ગ શોધી તેમણે જીવનભરનો વિદેશવાસ સ્વીકાર્યો. . . .

વૃત્તિએ બધા પર ઊંડી છાપ પાડી. પ્રો૦ વિલિયમ્સ પરની પોતાની છાપ ઘેરી કરવા શ્યામજીએ અખિલ હિંદમાં પ્રચારયાત્રા કરવાનું ઠરાવી નાશિકથી તેની શરૂઆત કરી. સંસ્કૃતમાં ભાષણ કરી તેમણે ત્યાંના વિદ્વાનોના મન હરી લીધાં. ત્યાંથી પૂને જઇ પ્રો૦ કાથવટે, પ્રો૦ કુંતે, ચિપળૂણકર, રાનડે ઇત્યાદિ તરફથી પણ કલ્પનાતીત પ્રમાણપત્ર મેળવ્યું. ત્યાંથી અમદાવાદ, વડોદરા, ભરૂચ, લાહોર ઇત્યાદિ ઠેકાણે પણ તે ફર્યા ને સર્વ સ્થળેથી સંસ્કૃતની ગાઢ વિદ્વત્તા માટે વિદ્વાનોની પ્રશંસા મેળવી.

આદિકાળમાં તેના પુરસ્કર્તા તથા પ્રસારક પહેલા ઉદ્દામવાદી ગુજરાતી

શ્યામજી કૃષ્ણ વર્મા

આમ, મૅટ્રિકની પરીક્ષામાં ઊડી ગયા છતાં બીજાં બે વર્ષમાં તેમણે સંસ્કૃત વિદ્યાના પ્રખર પંડિત તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી અને જેમતેમ પૈસાની થોડીઘણી વ્યવસ્થા કરી લઈ ઇ. ૧૮૭૯ના એપ્રિલમાં ઇંગ્લંડ ગયા. પણ ત્યાં પહોંચતાં જ જેમના પર આધાર રાખી તે ત્યાં ગએલા તે પ્રો૦ વિલિયમ્સ તરફથી તેમને નિરાશા મળી. છતાં જરાપણ ડગ્યા વગર તેમણે પુરુષાર્થ શરુ કર્યો. થોડા દિવસે પ્રો૦ વિલિયમ્સને શ્યામજીની યોગ્યતા સમજાઇ અને તેમને અઠવાડિયાના ૧। પાઉન્ડના 'ઑનરેરિયમ'થી નિમણૂકપત્ર અપાવ્યો. શ્યામજીએ ઑક્સફર્ડની બેલિયલ કૉલેજમાં નામ દાખલ કરાવ્યું. એ અરસામાં મુંબાઈના ગવર્નર સર રિચર્ડ ટેમ્પલની ભલામણને લીધે તેમને કચ્છ સંસ્થાન તરફથી વાર્ષિક ૧૦૦ પાઉન્ડની મદદ મળતાં આર્થિક ચિંતા ઘણી ઓછી થઇ ગઈ. કૉલેજના અભ્યાસ સાથે અંગ્રેજ વિદ્યાર્થીઓને સંસ્કૃત શીખવવાનાં ટ્યૂશનો પણ તે કરતા અને ખાનગી રીતે ગ્રીક અને લૅટીન પણ શીખતા. થોડા વખતમાં તેમણે તે બંને ભાષા પર જબરું પ્રભુત્વ મેળવ્યું. ૧૮૮૩માં તેમણે ઑક્સફર્ડના ગ્રૅજ્યુએટની ઉપાધિ સગૌરવ મેળવી. પણ તે પહેલાં યે તેમણે પોતાની વિદ્વત્તાની છાપ ઇંગ્લંડના વિદ્વાનો પર પાડવા માંડી હતી. ૧૮૮૧માં તેમણે 'હિંદની લેખનકળાની શરૂઆત' એ વિષય પર રૉયલ એશિયાટિક સોસાએટી સમક્ષ ભાષણ આપી સૌને મુગ્ધ કર્યાં. તરત જ સોસાએટીએ તેમને સભ્ય તરીકે માન્ય કર્યા. એ જ વર્ષમાં બર્લિનમાં ભરાએલી પૌરસ્ત્ય પરિષદમાં હિંદના પ્રતિનિધિ તરીકે તેમને મોકલવામાં આવ્યા, જ્યાં તેમણે 'હિંદની જીવન્ત ભાષા: સંસ્કૃત' પર નિબંધ વાંચ્યો. ૧૮૮૩માં લાઈડન ખાતે ભરાનારી પૌરસ્ત્ય વિદ્યાની બીજી પરિષદમાં પણ તેમની જ વરણી થઇ. ૧૮૮૨માં તે એમ્પાયર ક્લબના સભ્ય તરીકે પણ ચુંટાયા.

આમ, ઇંગ્લંડમાં પાંચ વર્ષના ગાળામાં શરુઆતના તંગીના દિવસો વટાવી જઇ અવિરામ પરિશ્રમ અને અચળ આત્મશ્રદ્ધાના બળે તેમણે પાશ્ચાત્ય શિક્ષણ તથા માનભર્યો દરજ્જો પ્રાપ્ત કર્યા, એટલું જ નહિ પણ દુનિયાભરના પૌરસ્ત્ય વિદ્વાનોમાં સ્થાન મેળવ્યું, અને ૨૬ વર્ષની વયે તો ઑક્સફર્ડના પ્રથમ હિંદી સ્નાતક તરીકે જ નહિ પણ સંસ્કૃતના પ્રખર પંડિત તરીકે જગતભરમાં સર્વત્ર નામના મેળવી, ૧૮૮૩ની આખરે તે હિંદ આવ્યા.

૧૮૮૪ના શિયાળામાં ભાનુમતીને સાથે લઇ ફરી તે ઇંગ્લંડ ગયા. ત્યાં ઈનર ટેમ્પલની બૅરિસ્ટરની પદવી મેળવી ૧૮૮૫ના જાન્યુઆરીમાં હિંદ પાછા આવીને તે પોતાના જૂના મુરબ્બી રતલામના દીવાન ગોપાળરાવ દેશમુખને મળવા ઊપડયા. એમણે શ્યામજીની રાજા સાથે મુલાકાત ગોઠવી, જેમાં રાજા તો શ્યામજીની શક્તિ, જ્ઞાન અને સંસ્કારી દબદબથી અંજાઇ જ ગયા. દેશમુખ વૃદ્ધત્વને કારણે ટૂંક સમયમાં જ નિવૃત્ત થવાના હતા, એટલે રાજાએ તો માત્ર અઠ્ઠાવીસ જ વર્ષના છતાં શક્તિશાળી શ્યામજીની દીવાન તરીકે સાતસોના દરમાયે નિમણૂક કરવાની સૂચનાને વધાવી લીધી; અને દોઢ વર્ષની કામગીરીને અંતે તો રાજાએ શ્યામજી સાથે દર વરસે રૂપિયા સોનો વધારો કરી રૂપિયા ૧૦૦૦ લગી પગાર પહોંચાડવાની શરતે કરાર કર્યો. પણ ટૂંક સમયમાં જ તબિયતની નાદુરસ્તીને લીધે ૧૮૮૮ના મેમાં, પોતાના કરારની મુદત પૂરી થતાં પહેલાં શ્યામજીએ રતલામથી રાજીનામું આપ્યું; ને કરાર મુજબ કશી પણ જાતના પેન્શન વગેરેની હકસાઈ પહોંચતી ન હતી, છતાં રાજાએ ખુશ થઇને શ્યામજીને બત્રીસ હજાર રૂપિયા આપ્યા!

તબિયત સારી થયા પછી શ્યામજીએ અજમેરની એજન્સી કચેરીમાં વકીલાત શરૂ કરી. ઈનર ટેમ્પલના એ બૅરિસ્ટરને ધીકતી કમાણી સાધવામાં કાંઈ વાર ન લાગી. થોડાં વર્ષોમાં તો શ્યામજીએ પોતાની એ કમાણીને અજમેર આસપાસ રૂનાં ત્રણ જીનમાં રોકીને મોટી સદ્ધર આવક ઊભી કરી ને જિંદગીભર નોકરીની ફિકરમાંથી મુક્ત થયા. પ્રથમ કક્ષાના ધારાશાસ્ત્રી અને સંપત્તિશાળી પુરુષ તરીકે એ અજમેર મ્યુનિસિપાલિટીમાં ચુંટાયા. પણ મનમાં તો અમર્યાદ સત્તા અને બાંધ્યા પગારની સદ્ધરતા આપતા દીવાનપદાની જ ગાંઠ હતી; એટલે ૧૮૯૨ની આખરમાં શ્યામજીએ હજાર રૂપિયાના દરમાયે ત્રણ વર્ષ માટે ઉદેપુરની દીવાનગીરી લીધી.

અહીં પણ મહારાણા સાથે ઘનિષ્ઠ સંબંધ બંધાયો. પણ ત્રણ વર્ષ બાદ ૧૮૯૫માં મનસુખરામ ત્રિપાઠીની શિફારસથી ૧૫૦૦ના પગારે ત્રણ વર્ષને માટે જૂનાગઢના દીવાન તરીકે શ્યામજીની નિમણૂક થતાં ઉદાર મહારાણાએ એમને એક વર્ષની પૂરા પગારે રજા આપી. અને ભવિષ્યમાં ગમે ત્યારે આવવાની છૂટ આપી. (અનુ. પૃ. ૨૮૪મે)



અને ત્યાં 'ઇંડિયન હોમરૂલ સોસાએટી', 'ઇંડિયા હાઉસ' તથા 'ઇંડિયન સોશ્યૉલૉજિસ્ટ' પત્ર સ્થાપી હિંદી ક્રાંતિવાદના શ્રીગણેશ માંડી પોતાના અઢળક ધનનો સતત પ્રવાહ તેની પાછળ અંત સુધી રેડયો . . . .

દોરંગી ગુલામ

મેરી કેરૉલીન ડેવીસના મૂળ અંગ્રેજી
નાટક ઉપરથી : અનુવાદક
રજનીકાન્ત મોદી

[દૃશ્ય: વનની વચમાંથી જતો એક રસ્તો. તેની કોર પર જંગલી ગુલાબના છોડ અને બીજી વનસ્પતિઓ છે. રસ્તાની સામસામી બાજુએ બે બાલિકાઓ રાહ જોતી ઊભી છે. તેમણે એકમેકને જોઈ નથી. બાલિકાઓએ એવા ઝભ્ભા પહેર્યા છે કે જેથી, જો માથે તાજ પહેરે તો તે રાણીના જેવી જ લાગે; અને તાજ ન હોય તો ખેડૂતબાળા જેવી બની જાય. પહેલી બાલિકાએ તાજ પહેર્યો છે. બીજીએ તેને બેદરકારીપૂર્વક હાથમાં રાખ્યો છે.]

પહેલી બાલિકા (બીજીની તરફ જોતી): તું કોની રાહ જુએ છે?

બીજી બાલિકા: હું જીવનની રાહ જોઉં છું.

પહેલી: હું પણ જીવનની જ રાહ જોઉં છું.

બીજી: લોકો કહેતા હતા કે એ આ રસ્તે નીકળશે. તું માને છે કે એ આ રસ્તે થઇને નીકળે?

પહેલી: એ બધે જ રસ્તે થઇને જાય છે.

બીજી (હજી જોરમાં શ્વાસ લેતી): હું તો એને મળવા દોડી.

પહેલી: તને એની બીક તો નથી લાગતી ને?

બીજી: લાગે છે; એટલે તો દોડી.

પહેલી (સ્વગત): હું પણ એને જ મળવા દોડી'તી.

બીજી: ઓહ, જો એ આવતો લાગે છે.

પહેલી: ના રે; એ તો ફક્ત પાંદડાંઓની અને હમેશ એમને જતા રહેવા પ્રેરતા પવનની વચ્ચે ચાલતી રકઝકનો અવાજ છે.

બીજી: પણ પાંદડાં જતાં તો નથી રહેતાં.

પહેલી: કોઈક દિવસ તો તે જશે જ. અને પવન એ જાણે પણ છે. પણ તું તારો તાજ કેમ પહેરતી નથી?

બીજી: આપણે તાજ શા માટે પહેરવા જોઇએ? (એમ કહેતી તાજ પોતાના માથા પર મૂકે છે).

પહેલી: તું નથી જાણતી?

બીજી: ના.



પહેલી: જીવનની સામે તાજ પહેરી રાખવામા જ શાણપણ છે.

બીજી: તારું કહેવું સમજાયું નહિ.

પહેલી: એ શાણપણ બહુ થોડા જ સમજે છે;—જેમને એની સૌથી વધારે જરૂર હોય છે તેઓ પણ—

બીજી: એ આવે છે કે શું? મને અવાજ સંભળાયો.

પહેલી: એ તો ગુલાબના છોડ પરથી પોતે પડી ગઈ એવું સ્વપ્નું સેવતી કોઈ પાંખડીનો જ અવાજ છે.

બીજી: હું તો કંટાળી, રાહ જોઈજોઇને—

પહેલી: આપણે બધા ય એને માટે ઉત્સુક છીએ. પણ એ જ્યારે આવે છે ત્યારે આપણને સતાવે છે અને ત્રાસ આપે છે. ને આપણે જો એનો ભેદ ન જાણતા હોઇએ તો આપણને મારી પણ નાખે છે.

બીજી: એ ભેદ શો છે?

પહેલી: કે તે એક ગુલામ છે. જોકે એ ડોળ તો મોટો ઘાલે છે પણ એના હૃદયમાં તો એ સદા જાણે જ છે કે પોતે ગુલામ છે. અને જેમને એના આ ભેદની ખબર છે તેમનાથી જ માત્ર તે ડરે છે

બીજી: જરા વધુ સમજ પાડ.

પહેલી: જેઓ તેનાથી ડરે છે તેમની ઉપર તો એ જુલમી બને છે. તે વશ રહે છે માત્ર રાજાઓ અને રાણીઓને જ.

બીજી: એટલે કે એ જ...

પહેલી: ...કારણને લીધે આપણે આપણા તાજ વિના એની નજરે ચડવું ન જોઇએ.

બીજી: આ બધી વાત તેં કેવી રીતે જાણી?

પહેલી: આપણા નગરના દરવાજાની બહાર બેસનારા એક ડાહ્યા વૃદ્ધે એ મને કહી.

બીજી: એણે તે શાથી જાણી? તે પણ શું એવો રાજા હતો તેથી?

પહેલી: ના; એ ડરનારાઓમાંનો એક હતો તેથી.

બીજી (સ્વપ્ન જોતી હોય તેવી દશામાં): મેં સાંભળ્યું છે કે જીવન બહુ જ સુન્દર છે. શું એ ખરેખર સુંદર છે? પરંતુ મેં એમ પણ સાંભળ્યું છે કે એ અતિશય કદરૂપો છે. એનું મોં ફાડેલું છે અને એ દાંત કચકચાવે છે; એની આંખો ફાંગી છે અને એનાં નસકોરાં જાડાં છે. શું એ એવો છે? કે પછી એ ખૂબ સુંદર છે?

પહેલી: કદાચ તું પોતે જ એ જોઇને નક્કી કરી શકશે...ઓહ!!

[રસ્તાના સૌથી દૂરના વળાંક ઉપર જીવન આવતો દેખાય પણ છે. એ કોઈ વિજેતાની જેમ ચાલે છે: તેના દેખાવમાં કાંઈક કદરૂપાપણું છે. એવામાં ઓચિંતું કોઇ સૂર્યકિરણ બાલિકાઓના તાજના મણિઓ પર પડતાં, જીવન બાલિકાઓને જુએ છે. એ લળી પડે છે અને કોઈ ખૂંધા ગુલામની જેમ ચાલે છે. હવે એ ખૂબસૂરત બની જાય છે.]

પહેલી: એણે આપણા તાજ જોયા!

બીજી: એમ?

પહેલી: હા. અને યાદ રાખજે! જ્યાં સુધી તું એની સ્વામિની રહેશે ત્યાં સુધી જ તું સલામત છે. કદી ભૂલતી નહિ કે એ ગુલામ છે અને તું રાણી છે.

જીવનભરનું ભાથું બાંધી આપતું એકાંકી રૂપક

બીજી (સ્વગત): તો તો તાજ વિના હું કદી પણ એની નજરે ચડવાની જ નહિ ને.

પહેલી: મૂગી રહે! એ આવી પહોંચ્યો!

બીજી: ખરેખર એ અત્યંત ખૂબસૂરત છે...

પહેલી: હા, પણ જ્યાં સુધી એ ગુલામ છે ત્યાં સુધી.

બીજી (ન સાંભળતી): એ બહુ જ—ખૂબ જ સુંદર છે...

પહેલી: જીવન! (જીવન એના પગ આગળ ઢળે છે.)

બીજી (આનન્દથી): ઓહ!

પહેલી: જીવન! મને એક ખુમચો ભરીને પોખરાજ જોઇએ છે. (જીવન અનુમતિપૂર્વક નમે છે.)

બીજી: ઓહ—હો...!!

પહેલી: અને મોતી! (જીવન નમે છે)

પહેલી: અને ચોમેર કિલ્લેબંધીવાળો મહેલ. (જીવન નમે છે.)

બીજી: હા—

પહેલી: વળી, મને પ્રસન્ન શબ્દે રીઝવનાર એક મધુભાષી સુંદર રાજકુમાર મારે જોઇએ છે. અને ખાવાને માટે સ્વાદિષ્ટ પકવાન પણ. જા; મારે માટે આ બધી ચીજો જલદી તૈયાર કર. (જીવન અનુમતિ દાખવતો નમે છે અને જવા માટે પાછો ફરે છે.)

બીજી: ઓહ!!

પહેલી: જોયું? આવી રીતે વર્તવું જોઇએ; અને આ રીતે જ એને કામમાં લેવો જોઇએ. આમ જ કરવું જોઇએ; બીજી કોઈ રીતે નહિ. હવે તારો વારો. (એ બાજુના છોડ પરથી એક ગુલાબ ચૂંટે છે અને પોતાની આંગળીમાં ગોળગોળ ફેરવે છે.)

બીજી: જીવન! (જીવન નમે છે.) મને એક સોનેરી કિનખાબના ઝભ્ભાની ઈચ્છા છે. (જીવન નમે છે.)

પહેલી: હા! (અને એના નમેલા મસ્તક ઉપર, એના તત્પર આજ્ઞાંકિતપણા ઉપર બંને જણીઓ હસે છે.)

બીજી: અને મને એક નાનો સરખો બાગ જોઇએ, જ્યાં હું ફરતીફરતી વાજિંત્રો વાગતાં સાંભળી શકું. (જીવન નમે છે.)

બીજી: આ નિયમ બહુ સારો.

પહેલી (ગુલામને જતો પાછો બોલાવીને): મને એક પંચ-કલ્યાણ ઘોડો જોઇએ છે. અને એક હજુરીઓ છોકરો પણ મને લાવી આપ. જેના વાળનાં ઝુલફાં સોનેરી હોય અને ગાલમાં ખાડા પડતા હોય તેવો. (જીવન કબૂલાતમાં નમે છે અને જવા માંડે છે.)

પહેલી (હાથના લહેકાથી પાછો બોલાવીને): અરે જીવન! (અને ખાસ અગત્યનો કોઈ મોડો સૂઝેલો વિચાર કહેતી હોય તેમ) બંને ગાલમાં ખાડા પડતા હોય તેવો છોકરો, હોં.

બીજી: અને મારે માટે એક માણેકની કંઠી લાવી આપ.

પહેલી: (પોતાનું ગુલાબ ફેંકી દઇને) અને એક તાજું ગુલાબ. (જીવન નમે છે અને હુકમ અદા કરવાને જવા માટે ફરે છે. બન્ને જણીઓ પોતાનાં સાહસ અને તેની સફળતાથી આનંદઘેલી બને છે.)

પહેલી: અરે જીવન! (જીવન થંભે છે.)

બીજી: તેં તે શું કરવા માંડયું છે?

[પ]હેલી: અહીં આવ! (જીવન તેની પાસે આવે છે એવી જ પહેલી બાલિકા ત્વિલઝડપથી એના ગળામાં રહેલી સોનાની એક સાંકળી ખેંચી કાઢે છે.)

બીજી (ગભરાઇને): અરે! આટલી હિંમત તું કરે છે?

પહેલી: એના શરીર પર જે કંઈ તને દેખાય તે તારે લઈ લેવું. (ફરી એ જીવનનું કાંડું પકડે છે ને તે પરથી પહોંચી ખેંચી કાઢે છે.)

બીજી (ગભરાઇને): ઓહ!

પહેલી: જા હવે. (જીવન જાય છે.)

બીજી: પણ શા માટે આમ—

પહેલી: એ જીવનને ભિખારીઓ નથી ગમતા, સમજી? એ તો એક ગુલામ છે.

બીજી: પણ એ એટલો સુંદર છે!

પહેલી: છતાં રખે ભૂલતી કે એ તારો ગુલામ છે...જોયો આ ગુલાબનો છોડ? (અડકીને બતાવે છે) એ પહેલાં રાણી હતો. પણ એ રાણી એ વાત ભૂલી ગઈ.

બીજી: ઓહ!

પહેલી: (રસ્તાની બાજુમાં પડેલાં ને એ ગુલાબના છોડનાં જ અંગ જેવાં લાગતાં હાડકાં બતાવીને) જે જે બીજાં બધાં એમ ભૂલી ગયાં તેમનાં સૌનાં આ હાડકાં છે!

બીજી: પણ એ સુંદર તો બહુ જ છે.

પહેલી: હા; પણ જ્યાં સુધી તું એની સ્વામિની છે ત્યાં સુધી જ.

બીજી: પણ એ તો નમ્ર છે.

પહેલી: હા,—જ્યાં સુધી તું એનાથી ડરતી નથી ત્યાં સુધી.

બીજી: પણ તેં તો એના અલંકારો ય ઝડપી લીધા!

પહેલી: જીવન એ એક જ એવી વ્યક્તિ છે કે જેની સાથે એમ ઉદ્ધત જ થવું જોઇએ.

[એવામાં તેમને રોકકળ ને ચીસો તથા કોઈ અદૃશ્ય ટોળાને ધમકાવતો કર્કશ અવાજ સંભળાય છે.]

બીજી: એ શું થાય છે?

પહેલી: આ બાજુ આવતી રહે; બતાવું. પણ જો, આપણે દેખાઈ ન જઇએ તેની સાવચેતી રાખજે. (સ્ટેજની બાજુ પર રહેલી ઝાડીમાં તેની સાહેલીને ખેંચી જાય છે.)

બીજી: નહિતર આપણને એ શું કરશે?

પહેલી: છાની રહે! જો એ તને જોશે તો શું કરશે? એ હમેશ ડરની પહેલી નિશાનીનું જ ધ્યાન રાખતો હોય છે.

બીજી: ડરની પહેલી નિશાની શી છે?

પહેલી: ડરનો વિચાર.

બીજી: પણ એ શું કોઈના વિચાર જોઇ શકે છે?

પહેલી: માત્ર ડરના જ વિચાર.

બીજી: પણ એ વિચારોને કોઈ બહુ સારી રીતે છુપાવે તો? ખુદ પોતાથી પણ—

પહેલી: તો પણ. પરંતુ ડરના શબ્દો તો એથી યે વધારે ખરાબ છે. જો આપણે કહીએ કે આપણે ડરીએ છીએ તો આપણને વધુ ડર લાગે; કારણ કે જે કાંઈ આપણા શબ્દોમાં આવે તે આપણાં શરીરમાં પણ દાખલ થાય.

સ્ટેજ બહારના અવાજ: ઓ સ્વામી! દયા કરો, સ્વામી!

પહેલી બાલિકા: સાંભળ્યું? આ રીતે લળી પડવાનું તો એને ઉલટો બગાડે છે. કોઇ પણ સારા નોકરને એ બગાડે છે. જ્યાં સુધી એને એના સ્થાન પર રાખવામાં આવે છે ત્યાં સુધી જ...

[એક પુરુષ પ્રવેશે છે અને સ્ટેજની

બહાર જીવન તરફ જોઈને ભયથી નમે છે.]

પહેલી (છાનીમાની પુરુષ પાસે જાય છે અને કહે છે): આમ ડરો છો શું? એ તો માત્ર એક સેવક છે. તમે જોતા નથી કે એ કેવળ ગુલામ જ છે?

પુરુષ: તમે એમ શાથી કહો છો? એના ભયંકર મોં તરફ તો જુઓ. જેણે એ એક વખત પણ જોયું હોય એને તો કશી શંકા જ નથી હોતી કે એ તો સ્વામી છે...અતિ ક્રૂર સ્વામી છે!

પહેલી: તમે પોતે જ એને જ્યાંસુધી સ્વામી ન બનાવો ત્યાં સુધી એ સ્વામી થઇ શકતો નથી.

પુરુષ: આ વળી શું કહો છો? એ સાચી વાત છે?

પહેલી: હા, તદ્દન સાચી વાત છે.

પુરુષ (ઊઠવાનો પ્રયત્ન કરે છે ને પાછો ઘૂંટણ પર પડે છે): હા. મને લાગે છે કે એ વાત તો ખરી છે. પણ તમે ચાલ્યાં જાઓ.

પહેલી (ફરી પાછી ઝાડીમાં સંતાઇને): ઓહ!

[જીવન સ્ટેજ ઉપર આવે છે. એના હાથમાં ચામડાનો ગૂંથેલો મજબૂત ઝેરબંધ(ચાબુક) છે અને તેના વડે તે અરધા લળી પડેલા પુરુષો અને સ્ત્રીઓના ખીચોખીચ એક ટોળાને ઢોરની માફક હાંકતો આવે છે. તેઓ નમે છે અને તેના ઝભ્ભાને ચૂમે છે. એનું મોં ફાડેલું છે, ને એ દાંત કચકચાવે છે. એની આંખો ત્રાંસી છે અને એનાં નસકોરાં જાડાં છે. ભયાનકતાની એ મૂર્તિ છે.]

જીવન: અલ્યાઓ! તમારા આદર્શો મને આપી દો. ત્રણ આદર્શો. તમારી પાસે છે પણ એટલું જ ને?

યુવાન: જીવને મારા આદર્શો ઝૂંટવી લીધા.

કામદાર: મને પણ એણે લૂંટી લીધો.

યુવાન: પણ મારા આદર્શો તો એટલા ઓછા હતા.

કામદાર: અને તું જો વધારે મેળવવાનો શ્રમ કરી રહેશે ત્યારે એ બધાં પણ એ ઝૂંટવી જ લેવાનો.

જીવન (એક ઘરડી સ્ત્રીને): તું જેને ધિક્કારે છે તે કામ બાર કલાક સુધી કર; અને એક કલાક તને મનગમતું કામ કર એટલે તારો ઘા તાજો રહે અને વેદના વધારે તીવ્ર બને.

ઘરડો પુરુષ: અરે, દયા કર! આટલો ક્રૂર ન થા. જે કામ મને ગમે છે તે મને ભૂલી જવા દે.

જીવન: કૂતરા! હું આપું તે જ મળવાનું છે. ભીખ માગ્યે મારી પાસેથી કશું જ તને મળવાનું નથી.

એક અવાજ: મને એક સ્વપ્ન આપ,—માત્ર એક જ સ્વપ્ન કે જેનાથી મારાં બાવડાં મજબૂત થાય.

બીજો અવાજ: એક જરા જેટલો સ્નેહ આપ કે મારો દિવસ સહેજ ઓછો આકરો બને!

ત્રીજો અવાજ: માત્ર આરામ, થોડો આરામ! ઊછળતા સમુદ્રનો અને પવન વડે ડોલતા ઘાસનો વિચાર કરવા જેટલો તો વખત આપ!

એક સ્ત્રી: સ્વામી!

[જીવન એને ચાબુકથી ફટકાવે છે. સ્ત્રી તીણી ચીસ પાડે છે. જીવન એ બધાથી દૂર ખસે છે અને કૃત્રિમ નાચ કરવા માંડે છે. નાચતાં નાચતાં એ વધારે ને વધારે કોપાવિષ્ટ બને છે અને ભયાનક અટ્ટહાસ્ય કરીને ટોળા ઉપર ઝેરબંધના ફટકા મારે છે. અનેક મરીને પડે છે. એક પાંગળાની તો તે પોતાના હાથ વડે ગળચી જ ભીડી નાખે છે. છેવટે તે આખા ટોળાને સ્ટેજની બહાર હાંકી જાય છે.]

બીજી બાલિકા (બન્ને બાલિકાઓ છુપાઈ હતી ત્યાંથી બહાર આવતાં): ઓહ! તેમણે જોયું તેવું એનું રૂપ ભગવાન મને કદી ન બતાવે.

પહેલી: તું નમશે નહિ તો તારે કદી એ નહિ જોવું પડે. માટે કદી પણ નમતી નહિ, મારી નાનકડી રાણીબા!

બીજી: નહિ, કદી જ નહિ નમવાની હું જીવનને. તેં મને શીખવ્યું છે તેમ ટટ્ટાર ઊભી રહીશ અને કહીશ, 'જીવન, મારે માટે બીજો કંઠહાર લાવ.'

પહેલી: મારે હવે જરા વાર જવું પડે એમ છે. હું ફરી પાછી આવું છું. પણ જોજે ભૂલતી નહિ. (જાય છે.)

બીજી: હું કહીશ...

[એવામાં સ્ટેજની બહારથી જીવનનો અવાજ સંભળાય છે. બીજી બાલિકા નરમ બને છે જીવન પ્રવેશે છે.]

બીજી બાલિકા: ગુલામ! મને તારી લાલ મણિવાળી સાંકળી જોઇએ! (જેવો જીવન આજ્ઞાંકિતપણે આગળ આવે છે તેવી તરત જ તે એના ગળામાથી સાંકળી ખેંચી કાઢે છે.) અને આ પણ.

[એમ કહેતી એના હાથમાંથી એની આંગળી પરની વીંટી પણ ખેંચી કાઢે છે. ગુલામ નમે છે. એવામાં જ્યાં પેલાં શરીરો પડ્યાં હતાં ત્યાં બાલિકાની નજર જાય છે અને તેના શરીરમાં એક ધ્રુજારી આવી જાય છે. બરાબર એ જ પળે જીવન માથુ ઊંચું કરતો એનાં ભયનાં ચિહ્ન જોઈ જાય છે. અને આ ક્ષણ પછી એનું સ્વરૂપ બદલાય છે. ગુલામમાંથી આખરે તે જુલ્મગાર બને છે.]

જીવન: તું મારાથી ડરે છે?

બીજી બાલિકા: ના.

જીવન: એવાં ઘણાં છે કે જે મારાથી ડરે છે.

બીજી બાલિકા: તું તો ગુલામ છે.

જીવન: પણ ગુલામ સ્વામી બની શકે છે.

બીજી બાલિકા: હરગીઝ નહિ.

જીવન: હું તો બની શકું છું.

બીજી બાલિકા: તું તો મારો ગુલામ છે.

જીવન: જો હું તારો સ્વામી હોઉં—

બીજી બાલિકા: તું ગુલામ છે, ગુલામ!

જીવન: જો હું તારો સ્વામી હોઉં તો તારી તરફ તો ખરેખર હું માયાળુ થાઉં. તું અત્યંત ખૂબસૂરત છે.

બીજી બાલિકા: આહ!

જીવન: ખરેખર, તું બહુ જ સુન્દર છે.

બીજી બાલિકા: એ તો આ મારો તાજ છે ને, તે મને એટલી સુન્દર બનાવે છે.

જીવન: ના રે. તું તારો તાજ માથા પરથી ઉતારી નાખે ને, તો યે તું તો સુન્દર જ રહે.

બીજી બાલિકા: એ તો હું કદી નહિ કરવાની.

જીવન: ફૂલોના ગુચ્છા સોંસરાં ચળાઇ આવતાં સૂર્યકિરણો વડે રતુમડી બનેલી સફરજનની ત્વચા જેવી તું સુન્દર છે. ઉપવનમાં નિજ હથેળી પર કમળકળી રમાડતા નાના સરોવર જેવી તું સુન્દર છે...

બીજી બાલિકા (સ્વગત): એ મને ડરાવવા માટે આમ લલચાવતો લાગે છે. એટલે હું તો એમ જ ઉત્તર આપીશ, કે મેં સાંભળ્યું છે કે માણસો એવાં સુંદર હોય છે ખરાં. હું કાંઈ ડરતી નથી; પણ એને ખુશ કરવા એમ કહીશ.

જીવન: તું મારાથી ડરે છે?

બીજી બાલિકા: હા.

જીવન: તું ડરે છે?

બીજી બાલિકા: હા. હું ડરું છું.

જીવન: ઓહ! હું ખુશ થાઉં છું.

બીજી બાલિકા (સ્વગત): મને ખાત્રી જ હતી કે હું એને ખુશ કરી શકીશ! જે કાંઈ આપણે બોલીએ તે આપણા શરીરમાં પણ દાખલ થાય છે, એમ પેલીએ કહ્યું હતું. જેમકે ડર. પણ એ કાંઈ બધું જ જાણતી લાગતી નથી. એ તો અશક્ય! ને આને ખુશ કરવામાં કેટલી મઝા છે—ને એ કેટલું સહેલું છે! હું કાંઈ એનાથી ખરેખર ડરતી નથી. મેં તો ફક્ત એમ 'કહ્યું' કે હું ડરું છું.

જીવન: તું તારો તાજ માથા પરથી કાઢી નાખશે?

બીજી બાલિકા: ના.

જીવન: સ્ત્રીના વાળ પવનમાં ઊડતા હોય તેના જેવું સુન્દર દૃશ્ય બીજું કાંઇ નથી. તારા તાજ નીચે દેખાતા આ મનોહર વાળ પવનમાં ફરફરતા હોય તો કેટલા સુન્દર લાગે!

બીજી બાલિકા (તાજ કાઢી): લે. એક પળને માટે કાઢું છું.

જીવન: ખરે જ, તું રૂપરૂપનો અંબાર છે.

બીજી (સ્વગત): કદાચ મેં આમાં ડહાપણ નથી વાપર્યું.

જીવન: કોઈ નવા ખીલેલા અને પોતાની રંગભભકથી ઊડતા પંખીને અચાનક છક કરી દેતા ફૂલ જેવી તું લાગે છે.

બીજી બાલિકા (સ્વગત): પેલીએ કહ્યું હતું કે મારે...

જીવન: સાગરના પેટાળમાં રહેલા પ્રાચીન ધન ભંડારોના મોંઘા મણિઓ જેવો તારો તાજ છે. હું તારો તાજ જોઈ શકું?

બીજી બાલિકા (સાવચેતીપૂર્વક તાજ તેની આગળ ધરે છે; પણ પછી મન બદલી નાખે છે): ના—

જીવન: મને એ એકવાર મારા હાથમાં લઇ જોવા દે. હું તરત તને એ પાછો આપી દઈશ.

બીજી બાલિકા: જો તું ચોક્કસ એ મને પાછો આપવાનો હોય—

જીવન (તાજ લે છે.): પણ તારા વાળ તો આ તાજ વિના જ વધારે સરસ લાગે છે. (એમ કહી તાજને દૂર ફેંકી દે છે.)

બીજી બાલિકા: અરે, આ તેં શું કર્યું?

જીવન: એ તો જરા ગમ્મત.

બીજી બાલિકા: પણ તેં તો વચન આપ્યું હતું—

જીવન: ગમ્મતમાં.

બીજી બાલિકા: પણ—

જીવન: હો—હો! મારી સાથે હસ. કેવી ગમ્મત!

[બીજી બાલિકા હસે છે, પણ પછી કાંપે છે.]

જીવન (પોતાના કામથી ખૂબ ખુશ થઈને): જરા નૃત્ય તો કર. તું જુવાન છે, સુન્દર છે, સુખી છે. જરા નાચ જોઉં.

બીજી બાલિકા: શાનું નૃત્ય કરું?

જીવન: વસન્ત ઋતુનું. જાણે તરતનાં જાગેલાં ઝરણાં સાગરને મળી જવા ગાંડાં બનીને દોડી રહ્યાં છે; ચન્દ્રિકામાં કોઈ સફેદ કળી વિકસી રહી છે અને પર્ણાચ્છાદિત કુટિરમાં એક યુવતી ઊંઘી રહી છે; પછી સૂર્ય તેને જગાડે છે......

[બીજી બાલિકા આ બધું નૃત્યાભિનયથી બતાવે છે. પહેલાં તો તે તેનાથી ડરે છે, પણ પછી તે બધું ભૂલી જાય છે અને નિર્ભયપણે નૃત્ય કરે છે. પછી કહે છે.]

બીજી બાલિકા: હવે મારો તાજ પાછો આપ.

જીવન: તને તાજની જરૂર જ નથી, સુન્દરાંગી!



બીજી બાલિકા: પણ હું તારાથી ડરું છું.

જીવન: મારાથી ડરે છે? મેં શું કર્યું?

બીજી બાલિકા: હું નથી જાણતી.

જીવન: તું ડર નહિ.

બીજી બાલિકા: હું ખરેખર ડરું છું.

જીવન: તારા તરફ તો હું માયાળુ સ્વામી થઇશ.

બીજી બાલિકા: સ્વામી?

જીવન: માયાળુ સ્વામી.

બીજી: તું તો મારો ગુલામ છે.

જીવન: ગુલામ તો હતો ત્યારે; હવે ફરી પાછો તારો કદી પણ ગુલામ થવાનો નથી.

બીજી બાલિકા (સ્વગત): અને જો પેલીની વાત સાચી હોય તો? જો એ કહેતી હતી તે ખરું હોય તો?

જીવન: તું શું બબડે છે?

બીજી બાલિકા: કંઈ નહિ—

જીવન: તારે મને સ્વામી કહેવો પડશે.

બીજી બાલિકા: હરગીઝ નહિ. એ હું નહિ કહું.

જીવન (એની તરફ કટાક્ષથી): મને સ્વામી કહે; તો હું તારી તરફ માયાળુ થઈશ.

બીજી બાલિકા: ના. એમ બનવાનું જ નહિ ને.

જીવન (રસ્તા ઉપરથી ચાબુક ઊંચકે છે. ચાબુક સાથે રમતો, પણ તેની સામે હસતો): તો હું તારી તરફ માયાળુ થઇશ.

બીજી બાલિકા (ડરથી): સ્વામી—

જીવન: એ શબ્દોનો સૂર કેટલો સારો છે.

બીજી બાલિકા: તું મને હવે મારો તાજ પાછો આપ—

જીવન: લોભિયણ! પાડ માન કે હું તને સજા કરતો નથી.

બીજી બાલિકા: તું મને મારશે તો નહિ ને?

જીવન: જો તું હુકમ નહિ માને—

બીજી બાલિકા (મન્દ અવાજે): તું મને મારતો નહિ—

જીવન: તારે નમવું જ પડશે.

બીજી બાલિકા (ફરી વાર સ્વગત પેલા શબ્દો સંભાળીને બોલતી): કદી પણ નમતી નહિ, મારી નાનકડી રાણીબા!

જીવન: તારે મને નમવું જ પડશે.

બીજી બાલિકા: નહિ.

જીવન (મારવા માટે ચાબુક ઉગામતો): ઘૂંટણે પડ! ગુલામ!

બીજી બાલિકા: તું તો માયાળુ હતો ને જીવન? તેં મને કેટલા સુંદર શબ્દો કહ્યા હતા?

જીવન: નમે છે કે નહિ!

બાલિકા: પણ તું તો કહેતો'તો ને કે તું હમેશ માયાળુ રહેશે?

જીવન: કેમ? હુકમ નથી માનવો?

બીજી બાલિકા: હું? કદી પણ નહિ. (ત્યાં તો જીવન તેના ખભાની આસપાસ ચાબુક ફેરવે છે. બાલિકા બીકથી ચીસ પાડે છે.) મને ફટકાવ નહિ. હું નમીશ. (નમે છે.)

જીવન: જોયું? આવી રીતે હું બધાંને તાબે કરું છું.

બીજી બાલિકા: સ્વામી!

જીવન (તિરસ્કારથી): એ શબ્દોનો સૂર તો સારો છે.

બીજી બાલિકા: દયા—! દયા કર!

જીવન: એમ રાગડા ન તાણ. (એને લાત મારે છે.)

બીજી બાલિકા (લથડિયાં ખાતી ઊઠીને): મને બચાવી લે.

જીવન: બચાવું? હું તો તને મારવાનો; કારણ કે જે મારાથી ડરે છે તેમની ચીસો મારા કાનને પ્રિય લાગે છે. (એને ફટકાવે છે.)

બીજી બાલિકા: ઓ સ્વામી!

જીવન (ચાબુક દૂર ફેંકી દઈને): પણ એના કરતાં યે વધારે પ્રિય તો છે શાન્ત પડી ગએલી ચીસો—(એ એને પકડે છે. બન્ને વચ્ચે ઝપાઝપી થાય છે.)

બીજી બાલિકા: આ તો ખૂબ બળિયો લાગે છે—એની સામે મારાથી વધારે ટકાય તેમ નથી!

[બંને ઝપાઝપી કરે છે. જીવન એનું ગળું દબાવીને મારી નાખે છે. પછી ભયાનક રીતે હસીને સ્ટેજ બહાર ચાલ્યો જાય છે.]

પહેલી બાલિકા: (આનંદથી કૂદતી પ્રવેશે છે અને ગાય છે.)

હો રે હો! આવી વસન્ત!
હો રે હો! હો રે હો આવી વસન્ત!
વિશ્વ સૌ હર્ષે ઘૂમન્ત! હો રે હો! હો રે હો!૦

[છોડ પરથી ગુલાબ ચૂંટે છે.]

હો રે હો! આવી વસન્ત! રંગીલી વસન્ત! હો રે હો!૦
પ્રેમ આવ્યો છે વેગે ધસન્ત.
એને ભાળ્યો તો એક દિ પ્રભાતે
સૂર્યતેજમાંહિ માર્ગમાં રમન્ત.
હો રે હો! આવી વસન્ત!
હો રે હો! હો રે હો! આવી વસન્ત!

[ઓચિંતું શબ જોતાં તેનું ગીત થંભી જાય છે અને એ નિશ્ચલપણે શબ સામે જુએ છે. પછી અતિશય ધીમે પગલે એની પાસે જાય છે, મરણ પામેલી એ બાલિકાનાં વસ્ત્ર ઠીકઠાક કરે છે અને તેના શબ પાસે નમે છે. પછી મન્દ અવાજે બોલે છે.]

એ જુવાન હતી.... પેલો નિર્દય હતો. (શબને સ્પર્શે છે.) એ એક રાણી પણ હતી. એણે પેલાનાં આભરણો ઝૂંટવી લીધાં હતાં. જો! આ એના ગળામાં લાલમણિથી સળગી ઊઠતી પેલાની સોનાની સાંકળી રહી. અને એની આંગળી પર પેલાની વીંટી પણ છે. પણ એ બહુ જ બળિયો હતો... બહુ જ બળિયો. (ઊભી થઈ કાંપે છે અને ડરથી રાંક બની જાય છે.) જીવને એને પીસી નાખી. જીવને એ બધાયને પીસી નાખ્યા... કોઈ દિવસ... મને ધારતી છે કે...

[એવામાં અચાનક જીવન પ્રવેશે છે. તેનું રૂપ હજુ ય જુલમીનું છે. બાલિકા રાંક બનીને ઊભી છે. જીવનની નજર આખા સ્ટેજ ઉપર ફરી વળે છે, પણ બાલિકા પર તેની નજર પડે તે પહેલાં બાલિકા એને એક ક્ષણ વહેલો જોઈ જાય છે એટલે એ બરાબર વેળાસર ટટ્ટાર બની જાય છે, અને જીવન તેને જુએ તે પહેલાં જ તુમાખી બની જાય છે. તે જેમ બોલતી જાય છે તેમ જીવન પાછો ગુલામ બનતો જાય છે.]

પહેલી બાલિકા: (બેદરકારીપૂર્વક હાથમાંના ગુલાબને ફેંકી દેતી અને તે શબ પર પડે છે તે જોવાની પણ પરવા ન કરતી) જીવન! મારે માટે એક તાજું ગુલાબ લાવ! (જીવન લળીલળીને નમે છે ને હુકમ અદા કરવા ચાલ્યો જાય છે.)

[પડદો]

[મૂળ અંગ્રેજી રૂપકનું નામ The Slave with Two Faces છે. એને ભજવવા માટે D. Appleton-Century Co., 35 West 32nd Street New York City U.S.A. એમની પરવાનગી આવશ્યક છે.]

મહાદેવભાઈની ડાયરી

ગુજરાતમાં વરસાદ ઓછો થતો જાય છે? કે અનિયમિત થયો છે?—

એવાએવા હમણાંના આપણા જીવનમરણને લગતા એ વિકટ પ્રશ્નની છણાવટ કરતો લેખ

વર્ષાનું ઝરણું માનવ, પશુ તથા વનસ્પતિ એ ત્રણેના જીવનનું અનુપમ અમૃત છે. ગ્રીષ્મઋતુના અંતે ધગધગતી ધરતીને ઠારવા માટે આકાશમાંથી મેઘરાજાના દૂત વાદળો આવે છે. વરસાદનાં ઝાપટાંથી જમીન ઠંડી થઈ ધીમેધીમે હરિયાળી થતી જાય છે. વર્ષાઋતુની હવા ભેજવાળી હોવાથી વનસ્પતિનાં પાંદડામાંથી વરાળ રૂપે ઊડી જતું પાણી બચે છે અને તેથી વનસ્પતિ પણ ખૂબ ફૂલેફાલે છે. જ્યાં અતિશય ગરમી અને બાષ્પીભવન હોય છે ત્યાં વરસાદ ખૂબ પડે છે, અને તેથી પણ વનસ્પતિ ત્યાં ખૂબ ખીલે છે. વિષુવવૃત્તના પ્રદેશમાં હમેશાં તાજાં ને લીલાં જંગલો (Evergreen Forests) જોવામાં આવે છે તેનું કારણ પણ આ જ છે. ત્યાં ઝાડ ઘણાં ગીચ હોય છે એટલું જ નહિ પણ તેમનું કદ પણ મોટું હોય છે. વર્ષાઋતુમાં કેવળ જલસિંચન થાય છે એટલું જ નહિ પણ પાકને પોષણ આપનાર કેટલાક પદાર્થો પણ તે ઉત્પન્ન કરે છે. વીજળીનો ચમકારો થાય છે ત્યારે હવામાં 'ઍમોનિયા' (Ammonia) અને નત્રવાયુના ક્ષારો (Nitrates) ઉત્પન્ન થાય છે, જે વરસાદનાં નાનાંનાનાં ટીપાંમાં ઓગળી જઈ વરસાદ સાથે ધરતીમાં ખાતર રૂપે ભળી જાય છે. હિંદુસ્તાનમાં પડતા વરસાદમાં આવી જાતના ક્ષારોનું પ્રમાણ ઇંગ્લંડના વરસાદના ક્ષારોના પ્રમાણ કરતાં વધારે છે, એમ ડૉ. વૅાએલકર નામના એક અંગ્રેજ વૈજ્ઞાનિકે સાબિત કર્યું છે.

દરેક ઠેકાણે વરસાદ અમુક પ્રમાણમાં પડવાનાં વિશિષ્ટ કારણો હોય છે. કેટલેક ઠેકાણે ઉનાળામાં તો કેટલેક ઠેકાણે શિયાળામાં વરસાદ પડે છે. આપણા ગુજરાતમાં ખાસ કરીને ઉનાળાને અંતે વરસાદ પડવો શરૂ થાય છે. ઉનાળા દરમ્યાન પડતી સૂર્યની અતિશય ગરમીથી સમુદ્રમાંથી ખૂબ બાષ્પીભવન થાય છે. અને તેનાં વાદળાં બંધાય છે. એ વાદળાં પવનના જોરથી આકાશમાં જે ઠેકાણે ખેંચાઈ જાય ત્યાં વરસાદ પડે છે. અરબી સમુદ્રમાં જે વાદળાં પેદા થાય છે તેને નૈઋત્યના પવનો હિંદના પશ્ચિમ કિનારા પર મોકલે છે. સૌથી પહેલાં એ વાદળોમાંનાં ઘણાંખરાં પશ્ચિમ ઘાટ પર વરસાદ રૂપે વરસી જાય છે; બાકીનાં થોડાંઘણાં ગુજરાતનાં મેદાનો તરફ આગળ વધે છે. પણ એ વાદળોને ઠારવા માટે ગુજરાતમાં પશ્ચિમ ઘાટ જેવા વિશાળ પહાડ ન હોવાથી અહીં વરસાદ ઓછો પડે છે. ગુજરાતના જુદાજુદા ભાગમાં કેટલો વરસાદ પડે છે તે નીચેના કોઠામાં આપ્યું છે.

જિલ્લો	વાર્ષિક સરેરાશ	ઓછામાં ઓછો	વધારેમાં વધારે	ઊગતા પાક
અમદાવાદ	૨૬.૪	૧૯ (ખારાઘોડા)	૩૩.૬ (મોડાસા)	ઘઉં, જુવાર બાજરી, ચણા, વગેરે
ખેડા	૩૧.૫	૨૮.૫ (માતર)	૩૪.૧ (આણંદ)	બાજરી, ડાંગર, ઘઉં, જુવાર વગેરે.
પંચમહાલ	૩૭.૦	૨૮.૭ (દાહોદ)	૪૧.૭ (હાલોલ)	મકાઈ, ડાંગર, ચણા, બાજરી, ઘઉં, વગેરે
ભરૂચ	૩૩.૩	૩૧.૪ (વાગરા)	૪૬.૨ (દહેજ)	ઘઉં, જુવાર, લાંગ, જવ, રાગી, વગેરે.
સુરત	૫૩.૯	૩૫.૪ (ઓરપાડ)	૭૪.૧ (પારડી)	ડાંગર, જુવાર, ઘઉં વગેરે

આ આંકડા ઉપરથી જણાશે કે ગુજરાતમાં જુદેજુદે ઠેકાણે ભિન્નભિન્ન પ્રમાણમાં વરસાદ પડે છે અને એ પ્રમાણે જુદાજુદા ભાગમાં વિશિષ્ટ પાક ઊગે છે. દાખલા તરીકે અમદાવાદમાં ઘઉં, ખેડામાં બાજરી ને સુરતમાં ડાંગર ખાસ ઊગે છે. અહીંની જમીનમાં વૈજ્ઞાનિક પદ્ધતિ અનુસાર સારામાં સારા પાક ઉગાડવા હોય, તો ગુજરાતને જુદાજુદા ભાગમાં પડતા વરસાદના પ્રમાણના આધારે જુદાજુદા વિભાગોમાં વહેંચી દઈને વરસાદના તે પ્રમાણના આધારે કયા ભાગમાં કયો પાક સારામાં સારી રીતે ઊગી શકે, એ નક્કી કરવું જોઈએ. આમ કરવાથી પાકનું ઉત્પાદન પણ સારી રીતે વધી શકે. વળી તેના આધારે કયા ભાગમાં નહેરો બાંધવાની ખાસ જરૂર છે, એ પણ નક્કી થઈ શકે. એવા વિભાગો આ અંકમાં આપેલા ચિત્રબોધના નકશામાં દર્શાવ્યા પ્રમાણે પડશે. એ નકશામાં વરસાદના કુલ સરેરાશ પ્રમાણના અનુસાર ઇંચ દર્શાવતાં કૂંડાળાં કરી વિભાગો પાડયા છે.

પરંતુ આપણે ત્યાં દર વર્ષે બધે એકસરખા પ્રમાણમાં વરસાદ પડતો નથી. કોઈકોઈ વર્ષે એટલો બધો વરસાદ પડે છે કે જેથી નદીઓમાં પૂર આવીને પારાવાર નુકશાન થાય છે, તો વળી કોઇ વર્ષે ઘણો ઓછો વરસાદ પડવાથી દુકાળ પડે છે.

આમાં અતિવૃષ્ટિ થવાનાં કારણો જોઈએ. વર્ષાની શરૂઆતમાં કોઈકોઇ વાર બંગાળનાં અખાતમાં તોફાનનાં મોજાં (Cyclonic Depression) ઉત્પન્ન થઈ દેશ પરથી પસાર થાય છે. જ્યારે આ મોજું ગુજરાત ઉપર અથવા ગુજરાતની સરહદ પાસે થઈને વાયવ્ય સરહદના પ્રદેશ અને સિંધ તરફ જાય છે, ત્યારે ગુજરાતમાં વરસાદનાં જોરદાર ઝાપટાં પડે છે. આ પ્રમાણે જ્યારે થાય ત્યારે થોડા વખતમાં વધુ વરસાદ પડે છે. એવાં જોરદાર ઝાપટાં ગુજરાતમાં ઈ. ૧૮૯૧ અને ૧૯૨૦માં પડયાં હતાં; તે વખતે ફક્ત ૨૪ કલાકમાં જ લગભગ ૧૫ થી ૨૦ ઈંચ જેટલો ધોધમાર વરસાદ પડ્યો હતો. કોઇકોઇ વાર આવો વરસાદ સાતસાત દિવસ સુધી સતત પડયા જ કરે છે. એ મોજું જાય, કે તરતજ વરસાદ બંધ થઇ સૂર્યનો તડકો નીકળે છે. પરંતુ આ રીતે જ્યારેજ્યારે અતિવૃષ્ટિ થાય છે ત્યારેત્યારે લોકોને પારાવાર નુકસાન થાય છે. ખેતરના ખેડાણના ઉપલા થરની ખાતરવાળી ફળદ્રુપ માટી ધોવાઇ જાય છે, ને જમીનમાં ઠેરઠેર ગાબડાં પડી જાય છે, નદીનાળાંમાં પૂર આવે છે જેમાં કેટલાય ખેડૂતોનાં ઘર-બાર ને ઢોર-ઢાંખર તણાઇ જાય છે, પાક નાશ પામે છે, એટલું જ નહીં પણ ખેતરમાં પાણી ભરાઈ જવાથી રવિ પાકની વાવણી લંબાય છે અથવા બિલકુલ થઇ શકતી નથી.

આનાથી ઊલટું, કોઈ કોઈ વર્ષે હવામાનમાં ફેરફાર થવાથી અરબી સમુદ્ર પરથી આવતા ભેજવાળા પવનો સારો વરસાદ ન આપે અથવા વહેલોમોડો આવે ત્યારે પાક બરોબર ઊગતો નથી, જેથી ગુજરાતમાં દુકાળ પડે છે. ગુજરાતમાં આવા અનેક દુકાળ પડી ગયા છે, જેમાં ૧૯૦૧થી ૧૯૦૩ સુધી ચાલેલો દુકાળ ભયંકર હતો.

ગુજરાતમાં અતિવૃષ્ટિ તથા અનાવૃષ્ટિ થવાનાં કારણો આમ ઉપર પ્રમાણે છે. છેલ્લાં પચાસ વર્ષના ગાળામાં ગુજરાતમાં જુદેજુદે ઠેકાણે અતિવૃષ્ટિ ને અનાવૃષ્ટિ કયાકયા વર્ષમાં થએલી તે નીચે આપેલા કોઠા પરથી જણાશે ૧૮૯૫થી ૧૯૪૪ સુધીના દર પાંચ વર્ષના સરેરાશ

વાર્ષિક વરસાદના આંકડા (ઇંચમાં) તેમાં આપેલા છે.

વર્ષ	અમદાવાદ	ખેડા	પંચમહાલ	ભરૂચ	સુરત	બ્રિટિશ ગુજરાત
૧૮૯૫-૧૯૦૦	૨૭	૨૮	૩૪	૪૦	૩૨	૩૨
૧૯૦૧-૦૫	૨૯	૨૦	૩૦	૩૩	૩૨	૩૧
૧૯૦૬-૧૦	૩૬	૩૩	૪૩	૩૦	૩૮	૩૭
૧૯૧૧-૧૫	૩૨	૩૫	૪૦	૪૦	૪૩	૩૭
૧૯૧૬-૨૦	૨૬	૨૮	૩૩	૩૭	૪૧	૩૩
૧૯૨૧-૨૫	૨૬	૨૪	૩૪	૨૫	૩૯	૩૦
૧૯૨૬-૩૦	૪૨	૩૮	૫૨	૩૫	૪૨	૪૨
૧૯૩૧ ૩૫	૩૮	૩૫	૫૨	૩૦	૪૯	૪૧
૧૯૩૬-૪૦	૨૫	૨૩	૩૩	૨૮	૪૧	૩૦
૧૯૪૧-૪૪	૩૬	૩૯	૪૫	૩૮	૫૦	૪૧

ઉપરના આંકડાઓ પરથી જણાશે કે ગુજરાતના કુલ વાર્ષિક વરસાદમાં જુદેજુદે વખતે ખૂબ વધ-ઘટ થાય છે: કોઈ વર્ષે અતિવૃષ્ટિ થાય છે, તો કોઈ વર્ષે અનાવૃષ્ટિ પણ થાય છે; કોઈ કોઈ વાર પાંચ કે પાંચથી વધારે વર્ષ સુધી અનાવૃષ્ટિ ચાલે છે; અને ત્યાર પછી વળી પાછી પાંચ કે વધારે વર્ષ અતિવૃષ્ટિ ચાલે છે. આમ ગુજરાતમાં છેલ્લાં પચાસ વર્ષ દરમિયાન વરસાદ કોઇ ખાસ ક્રમસૂચક વધારો કે ઘટાડો બતાવતો નથી. આમ કેટલાકને જે ભય રહે છે કે ગુજરાતમાં વરસાદ વર્ષેવર્ષે ઓછો થતો જાય છે તે તદ્દન બિનપાયાદાર છે. અતિવૃષ્ટિના વર્ષ બાદ અનાવૃષ્ટિનું વર્ષ પણ આવે છે, એ રીતે ૧૯૪૭ના અતિવૃષ્ટિના વર્ષ બાદ ૧૯૪૮નું ચાલુ વર્ષ અનાવૃષ્ટિનું નીવડે તો એમાં નવાઇ પામવા જેવું કંઈ નથી. પરંતુ ખેતીવાડી અને પાક ઉગાડવા માટે વરસાદ કુલ કેટલો પડે છે તે મહત્ત્વનું નથી પણ વરસાદની સમયસરની વહેંચણી ખાસ જરૂરની છે. નીચેના કોઠા પરથી ગુજરાતમાં તેમ થાય છે કે નહિ તે જણાશે.

વર્ષ	સરેરાશ વાર્ષિક વરસાદ	વર્ષના કુલ દિવસો	(એક ઇંચ વરસાદ પડવા લાગેલા દિવસો)
૧૮૯૫-૦૦	૩૨·૩૬	૩૭	૧·૨૦
૧૯૦૧-૦૫	૩૧·૧૪	૩૧	૦·૯૯
૧૯૦૬-૧૦	૩૬·૬૮	૪૨	૧·૧૫
૧૯૧૧-૧૫	૩૭·૨૭	૪૨	૧·૧૩
૧૯૧૬-૨૦	૩૩·૪૪	૪૩	૧·૩૨
૧૯૨૧-૨૫	૨૯·૫૮	૪૦	૧·૩૬
૧૯૨૬-૩૦	૪૧·૭૩	૪૫	૧·૧૦
૧૯૩૧-૩૫	૪૦·૯૬	૪૩	૧·૦૫
૧૯૩૬-૪૦	૩૦·૦૩	૩૬	૧·૨૦
૧૯૪૧-૪૪	૪૧·૪૭	૩૯	૦·૯૫

ઉપરના આંકડાઓ પરથી જણાય છે કે વરસાદના કુલ પ્રમાણની માફક વરસાદની સમયસરની વહેંચણીમાં પણ કોઈ ખાસ ક્રમસૂચક મોટો ફેર પડયો નથી. માત્ર ૧૯૪૧-૪૪ના સમય દરમિયાન વરસાદની વહેંચણી બહુ જ ખરાબ થઇ હતી. લગભગ એક દિવસથી પણ ઓછા સમયમાં સરેરાશ એક ઇંચ જેટલો વરસાદ પડયો હતો. ત્યારબાદ ૧૯૪૭ના સપ્ટેમ્બર માસમાં ગુજરાત અને કાઠિયાવાડમાં ખૂબ વરસાદ પડયો હતો. મુંબાઈમાં તો એ વખતે છેલ્લાં ૧૭ વર્ષ દરમિયાન કદી યે ન પડયો હોય એવો ભારે વરસાદ (લગભગ ૨૯ કલાકમાં ૧૩ ઇંચ) પડયો હતો. પરિણામે ઘણુંખરુ વરસાદનું પાણી જમીનમાં પચવાને બદલે પૂરમાં વહી ગયું હતું.

અત્યાર સુધી ગુજરાતની ખેતીવાડીને અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ તથા વરસાદની અનિયમિતતાથી ઘણું જ નુકસાન થયું છે, એ તો સર્વવિદિત વાત છે. તે જો અટકાવવું હોય તો ચિત્રબોધના પાના પરના નકશા પર પાડેલા ભાગ પ્રમાણે ગુજરાતમાં વરસાદના જુદાજુદા પ્રમાણમાં તે તે ભાગને અનુકૂળ એવા પાક ઉગાડવા પડશે. તદુપરાંત ઓછા વરસાદવાળા વિસ્તારમાં સારી રીતે પાક ઉગાડવાને માટે નહેર, કૂવા, તળાવો વગેરેનો પ્રબંધ કરી મબલખ પાણી મળે એવી વ્યવસ્થા કરવી પડશે. નહેર બાંધવાની મોટી યોજનાઓ વધારે ખર્ચાળ ને લાંબા ગાળાની હોવાથી, નહેરની મદદની તાત્કાલિક આશા રાખવી એ યોગ્ય નથી. એટલે હાલમાં તો ખેડૂતોએ સ્વેચ્છાપૂર્વક સહકારી પદ્ધતિથી કૂવા ને તળાવો ખોદવાં જોઇએ. આ પ્રયત્નોને ઉત્તેજન તથા મદદ આપી આપણી રાષ્ટ્રીય સરકાર ગુજરાતને ફરીથી 'હિંદના બગીચા'નું ઉપનામ અપાવશે એવી આશા છે.

રઘુનાથદાસ પરીખ એમ. એસસી. (ઍગ્રી.)

ગુજરાતમાં વરસાદ (અનુ૦ પૃ૦ ૨૬૦ થી ચાલુ)

આમ ગુજરાતભરમાં વરસાદનું કોઇ સ્થાયી પ્રમાણ નથી, જેને આધારે ખેડૂત પાકની વાવણી સફળતાથી કરી શકે. વિવિધ સ્થળના છેલ્લાં ૫૦ વર્ષના આંકડા જોતાં જણાય છે કે વરસાદનું પ્રમાણ કોઈ વર્ષે તદ્દન ઓછું તો કોઈ વર્ષે ઘણું વધારે છે. અમદાવાદ ને સુરતના ૧૯૩૫થી ૧૯૪૫ સુધીના આંકડાઓ જોતાં આ વસ્તુ સ્પષ્ટ થશે:
અમદાવાદ: ૨૨, ૨૧, ૩૯, ૧૭, ૨૦, ૧૭, ૪૪, ૪૭, ૩૧, ૩૯, ૩૬.
સુરત: ૪૦, ૨૪, ૬૫, ૪૨, ૨૯, ૫૬, ૪૫, ૫૩, ૨૮ ૫૬, ૬૮.
આ રીતે એકાદ બે વર્ષ અનાવૃષ્ટિનાં જાય છે તો વળી બીજાં વર્ષે બમણો-ત્રણગણો વરસાદ પડી અતિવૃષ્ટિ થાય છે. આ ઉપરથી એક વસ્તુ સિદ્ધ થાય છે કે કેવળ વરસાદ પર જ આધાર રાખીને આપણે પાક વાવીએ તો વરસાદની અનિયમિતતાને લીધે તે નિષ્ફળ જવાનો સંભવ રહેલો છે. કોઈ પણ ખેતીપ્રધાન દેશ આ રીતે વરસાદની અનિશ્ચિતતા પર નભી શકે નહિ. આ અનિશ્ચિતતાને દૂર કરવી હોય તો આપણે Dry farming ખીલવવું પડશે. તે માટે નદીઓમાંથી નહેરો કાઢવાની અને બંધો બાંધવાની વિશાળ યોજનાઓ આપણે કરવી પડશે. ગુજરાતમાં નદીઓ મબલખ છે અને ઘણીખરીમાં બારે માસ પાણી પણ રહે છે. જો તેમના પર બંધો બાંધવામાં આવે તો ગુજરાતનું નંદનવન થતાં વાર નહિ લાગે. તે પોતાને જોઈતું અનાજ તે પોતે જ પકવી શકશે, એટલું જ નહિ પણ બીજા અછતવાળા પ્રાંતોને પણ તે પૂરું પાડી શકશે.

પરંતુ બંધોની યોજના થતાં તથા પ્રત્યક્ષ બંધાતાં ઘણાં વર્ષો નીકળી જવાનો સંભવ છે. ત્યાં સુધી ગુજરાતના પાકમાં સુધારો થઈ મોટા પ્રમાણમાં તે ઊતરે તે માટે એક બીજી યોજના વિચારવા જેવી છે. ગુજરાતમાં જુદેજુદે ઠેકાણે વરસતા સરાસરી વરસાદ પ્રમાણે ગુજરાતને જુદાજુદા વિભાગોમાં વહેંચી દેવું જોઈએ. આ રીતે ગુજરાતના ભાગ પડતાં કેવા ભાગ પડે તે ચિત્રબોધના નકશામાં બતાવ્યું છે. આ રીતે ભાગ પડવાથી ગુજરાતમાં વૈજ્ઞાનિક પદ્ધતિએ વાવેતર કરવું શક્ય બનશે. તે વિભાગો પરથી કયા વિભાગમા વરસાદનું પ્રમાણ ઓછું કે વધારે છે, કયા વિભાગમાં નહેરોની તાત્કાલિક જરૂરિયાત છે તથા વરસાદના પ્રમાણના આધારે કયા ભાગમાં પાક સારો ઊગી શકે તે સુલભતાથી નક્કી થઇ શકે. આમ પાકનું વાવેતર સારીપેઠે વધારી શકાય તેમ છે.

દેશ પર વર્ષેવર્ષે આવતું અન્નસંકટ નિવારવું હોય તો આવી યોજનાઓનો સહાનુભૂતિપૂર્વક વિચાર થવો જોઇએ.

લોખંડ અને ગજવેલની પણ હરીફાઈ કરી રહેલી નવી ધાતુ મૅગ્નેશિયમ

લેખક • ડૉ. નરસિંહ મૂ. શાહ., એમ. એસસી., પીએચ. ડી.

સંસ્કૃતિનો જેમજેમ વિકાસ થતો ગયો તેમતેમ મનુષ્યે જુદી-જુદી ધાતુઓ શોધતા જઈ તેનો ઉપયોગ કરવા માંડ્યો. એ રીતે આધુનિક યુગની ધાતુઓમાં પોલાદ અને ગજવેલ (Steel) અગ્રસ્થાને આવે છે. આજે કોઇ પણ દેશની પ્રગતિનું માપ તેના ગજવેલના ઉત્પાદન પરથી અંકાય છે. આપણા પ્રત્યેક આધુનિક ઉદ્યોગમાં ગજવેલની જ પ્રભુતા ગાજે છે. પરંતુ ગજવેલની મોટી ખામી એ છે કે તે બહુ ભારે ધાતુ છે. તેને બદલે જો તેવા જ ગુણવાળી હલકી ધાતુ વાપરી શકાય તો અનેક ફાયદા થાય તેમ છે. કારખાનાંમાં વસ્તુની હેરફેર, વ્યવહાર વગેરેમાં એને બદલે કોઈ હલકી ધાતુ જો વાપરી શકાય તો કાર્યક્ષમતામાં વધારો થાય એ દેખીતું છે.

આજે અનેક સંશોધન પછી મૅગ્નેશિયમ અને ઍલ્યુમીનિયમ એ બે ધાતુ ગજવેલનું સ્થાન લેવા લાગી છે. તે વજનમાં હલકી હોવા સાથે ગજવેલની મજબૂતી અને ઈષ્ટ ગુણો ધરાવે છે. જર્મની, ઇંગ્લંડ અને અમેરિકામાં તો છેલ્લી પચ્ચીસીમાં મૅગ્નેશિયમની મિશ્ર ધાતુઓ જ વાપરવા લાગી છે, ને વિશ્વયુદ્ધ દરમિયાન થએલા સંશોધનને પરિણામે એ દિશામાં જે પ્રગતિ થઈ છે તેથી ગજવેલનું સ્થાન લેનાર ધાતુ તરીકે મૅગ્નેશિયમની મહત્તા પુરવાર થઈ છે.

મૅગ્નેશિયમ સ્વતંત્ર અવસ્થામાં ક્યાંય મળતું નથી. માત્ર સંયોજિત રૂપે તે પૃથ્વીની સપાટી પર સર્વત્ર વેરાએલું જડી આવે છે. તે સંયોજનોમાં ઉદ્યોગમાં ઉપયોગી ત્રણ ખનીજો છે: મૅગ્નેસાઇટ, ડૉલોમાઇટ અને કાર્નાલાઇટ. આમાંનું પહેલું ખનીજ ખૂબ ઉપયોગી છે. વળી દરિયાના પાણીમાં રહેલા મૅગ્નેશિયમ ક્લોરાઈડમાંથી પણ આ ધાતુ કઢાય છે. આશરે ૭૭૦ પૌંડ દરિયાના પાણીમાંથી એક પૌંડ મૅગ્નેશિયમ ધાતુ નીકળે છે. દરિયાના પાણીમાંથી આ ધાતુ જુદી પાડવા માટે, ગરમી વડે ઓગાળેલા મૅગ્નેશિયમ ક્લોરાઈડમાં વીજળીનો પ્રવાહ પસાર કરવામાં આવે છે. પણ તાજેતરમાં કૅનેડામાં શોધાએલી એક નવી રીતમાં વીજળીની જરૂર પડતી નથી. ડૉલોમાઈટ અને લોહયુક્ત સીલીકોનનું મિશ્રણ કરી તેને ભઠ્ઠીમાં પૅક કરી ગરમ કરવામાં આવે છે, જેથી મૅગ્નેશિયમ તેની વરાળ રૂપે જુદું પડી ભઠ્ઠીના મોં આગળ જમા થાય છે. આ રીતનો ફાયદો એ છે કે ઓછા મૅગ્નેશિયમના પ્રમાણવાળા અશુદ્ધ ખનીજો પણ આ રીતે વાપરી શકાય છે.

ત્રણ દશકા પૂર્વે મૅગ્નેશિયમના ઉપયોગો તદ્દન નજીવા હતા. આ ધાતુ બળે છે ત્યારે આંખો આંજી નાખે એવો પ્રકાશ પેદા થાય છે. આથી ફૂલઝર ને ફટાકડાની બનાવટમાં કે રાત્રે ફોટો પાડવા માટે ફ્લૅશ લાઈટ તરીકે તેનો થોડોક ઉપયોગ થતો. પણ આજે તો વિમાનો અને મોટરો બનાવવામાં તે મબલખ વપરાય છે. ક્રૅન્ક, તેલ પૂરવાનાં વાસણો, પિસ્ટન, બેરીંગ, લીવર અને એવી અનેક ચીજો તેની મિશ્ર ધાતુઓમાંથી બને છે. અને સૂક્ષ્મદર્શક યંત્ર તથા બાયનોક્યુલરના ભાગો, સીનેમા મશીનરી, ગોલ્ફની લાકડીના ટોપકાં, કાપડઉદ્યોગની મશીનરી, વીજળીના પંખા, રેડિયો વાલ્વ, ચોપડીઓનાં પૂઠાં તથા દાહક બૉમ્બની બનાવટમાં ય તે વપરાય છે ઉદ્યોગોમાં તેનું સ્થાન મહત્તા પૂર્ણ બનતું જાય છે.

એ ખાસ નોંધવું જોઇએ કે આ ધાતુ સાવ હલકી હોવા છતાં ખૂબ મજબૂત છે. ઉપરાંત લોઢાની માફક તેને કાટ ચઢતો નથી. ત્રણ ટકા મિઠાના દ્રાવણમાં છ વર્ષ સુધી તેને ડુબાડી રખાય તો માત્ર ઉપરની સપાટી પર થોડો કાટ જણાય છે.

પહેલા મહાયુદ્ધ પૂર્વે જર્મની એકલું જ મૅગ્નેશિયમ મોટા પાયા પર બનાવતું. ૧૯૩૭માં દુનિયાનું આ ધાતુનું ઉત્પન્ન આશરે વીસ હજાર ટન હતું: પણ ૧૯૪૦માં તો તે બેવડું થયું. આ ઉપરથી ઉપર દર્શાવેલી તેની ઉપયોગિતાનો ખ્યાલ આવશે. હિંદુસ્તાનમાં માત્ર ૨ ટકા મૅગ્નેસાઇટ નીકળે છે. પરંતુ આ ધાતુના બીજા સંયોજનો અહીં પુષ્કળ મળી શકે તેમ છે, એટલે અહીં તેનો ઉદ્યોગ ખીલાવી શકાય તેમ છે.

ઝાડનાં પાંદડાંમાં ક્લોરોફીલ નામનો જે લીલો પદાર્થ રહેલો છે તેની રચનામાં મૅગ્નેશિયમ ધાતુ આવેલી છે એ ખાસ નોંધવું જોઈએ.

યુદ્ધવિરામ પછી વિમાનોની બનાવટ માટે મૅગ્નેશિયમની માગણી ઓછી થઇ છે. હવે તેનો ઉપયોગ બૅટરી અને સેલની બનાવટમાં જસતને સ્થાને થવા લાગ્યો છે. આથી, વજનમાં હલકી બૅટરીઓ ખૂબ લોકપ્રિય થવા લાગી છે. હવે એક્યુમેલેટરની બનાવટમાં પણ તેને વાપરવા માટે સંશોધન ચાલી રહ્યું છે.

મૅગ્નેશિયમના અનેક ઉપયોગી ક્ષારો પૈકી મૅગ્નેશિયમ સલ્ફેટ (વિલાયતી મીઠું) દાકતરો રેચક તરીકે વાપરે છે. મૅગ્નેશિયમ ક્લોરાઈડ કાપડની બનાવટમાં ખૂબ ઉપયોગી રસાયન છે. હિંદમાં તે ખારાઘોડા, મીઠાપુર વગેરે જગ્યાએ દરિયાના પાણીમાંથી મીઠું કાઢી લીધા પછી રહેતા પ્રવાહી-બીટર્નમાંથી બનાવાય છે. મૅગ્નેશિયમ ક્લોરાઇડ અને ઑક્સાઈડનું મિશ્રણ કરીને તૈયાર કરેલી પેસ્ટ (લુગદી) થોડા વખત પછી સીમેન્ટની માફક કઠણ થઇ જતી હોવાથી તેનો ઉપયોગ દાંત ભરવામાં થાય છે. તેનું પ્લાસ્ટર પણ કરવામાં આવે છે.

મૅગ્નેશિયમ સલ્ફેટની સાથે હાઇડ્રોજન પૅરૉક્સાઈડ મેળવીને તેમાં કૉસ્ટિક સોડાનું દ્રાવણ ઉમેરવાથી બનતો મૅગ્નેશિયમ પૅરૉક્સાઇડ ટૂથ પેસ્ટની બનાવટમાં વપરાય છે. વળી તે જંતુનાશક પણ છે. મૅગ્નેશિયમ કાર્બોનેટ પણ દવામાં વપરાય છે.

જેમાંથી મૅગ્નેશિયમ નીકળે છે તે મૅગ્નેસાઇટ ખનિજ પણ ખૂબ ઉપયોગી છે. વીજળીની ને બીજી ભઠ્ઠીઓ—જેમાં ખૂબ ગરમી પેદા થાય છે તેની ઇંટો તેમાંથી બનાવાય છે. આવી ઇંટોને 'રીફ્રેક્ટરી' ઇંટો કહે છે. તે સામાન્ય ઇંટોની માફક વિશેષ ગરમીથી ભુક્કો થઈ જતી નથી. રબરની બનાવટમાં પણ મૅગ્નેસાઇટનો ઉપયોગ થાય છે. બીજા મૅગ્નેશિયમના ઉપયોગી ક્ષારો પણ તેમાંથી તૈયાર કરવામાં આવે છે.

મૅગ્નેસાઇટ કરતાં ડૉલોમાઇટ કુદરતમાં વિશેષ મળી આવે છે. તે પણ ભઠ્ઠીઓની ઇંટો બનાવવામાં વપરાય છે, પણ તે મૅગ્નેસાઈટની ઇંટો જેટલી સંતોષકારક નીવડતી નથી. બાંધકામમાં પથ્થર તરીકે તેનો ઉપયોગ જાણીતો છે.

મૅગ્નેશિયમના એક વિશિષ્ટ ગુણનો ઉલ્લેખ જરૂરી છે. અલ્ટ્રાવાયોલેટ કિરણોમાં મૅગ્નેશિયમને હવાની હાજરીમાં રાખવામાં આવે તો એ મંદતા (Passivity) ધારણ કરે છે એમ જણાયું છે. લોહ તથા એલ્યુમિનિયમને જલદ નાઇટ્રિક ઍસિડમાં રાખવાથી તેમનામાં પણ મંદતા આવે છે. આ મંદ ધાતુઓ તેઓના સામાન્ય ગુણધર્મ પ્રમાણે ન વર્તતાં તેમની ક્રિયાશીલતા શૂન્ય થઇ જાય છે.

ગણેશ નેપાળથી કન્યાકુમારી સુધી, અને એક કાળે તો છેક ચીન-જાપાન-જાવા સુધી માન્ય થએલા શુભંકર દેવતા

અને તેમનો મહોત્સવ ગણેશચતુર્થી



ઘણા પ્રાચીન કાળથી પૂજાતા ગણપતિની અનેક પ્રકારની આકૃતિઓ પૈકી સૌથી વધુ પ્રચલિત એવી ચારભુજાવાળી આકૃતિ.

ધર્મ વ્યવસ્થાપકો કહે છે કે કળિયુગમાં ત્વરિત સિદ્ધિ આપનાર દેવતાઓ બે છે: ચંડી(કાલિમાતા) અને ગણપતિ. વિઘ્નહર્તાપણું અને અલૌકિક બુદ્ધિસામર્થ્યનું જેમનામાં આરોપણ કરવામાં આવ્યું છે તે ગણપતિની સ્થાપના નેપાળથી માંડી રામેશ્વર સુધી હિંદભરમાં મંદિરેમંદિરે જ નહિ, પણ પ્રત્યેક હિંદુમાત્રના નિત્ય પૂજાના પંચાયતનમાં તથા ઘરને બારણેબારણે કરવામાં આવી છે. નાના કે મોટા કોઈ પણ શુભ કાર્યની શરૂઆતમાં ગણપતિને જ બેસાડાય છે. જેમનો પરસ્પર કદી પણ મેળ નથી ખાતો એવા શૈવ અને વૈષ્ણવ બંને સંપ્રદાયના લોકો તેની ભાવથી પૂજા કરે છે.

આવા સુખકર્તા, દુઃખહર્તા, મંગલમૂર્તિ ગનાએલા શ્રી ગણેશની ઉત્પત્તિ વિષે અનેક કથાઓ પુરાણોમાં તથા ધાર્મિક ગ્રંથોમાં મળે છે. અથર્વશીર્ષમાં કહ્યું છે કે જગતના આરંભમાં પ્રકૃતિ અને પુરુષમાંથી શ્રેષ્ઠ ગજાનન સ્વરૂપ ઉત્પન્ન થયું. બીજી કથા એમ છે કે એકવાર દ્વારપાળનું કાર્ય કરતા પાર્વતીપુત્ર ગણપતિએ શંકરને અંદર ન જવા દેવાથી પિતાપુત્ર વચ્ચે યુદ્ધ થયું. તેમાં શંકરે ગણપતિનું મસ્તક કાપી નાખ્યું. છેવટે પાર્વતીના આર્જવથી ઇંદ્રના હાથીનું માથું ત્યાં બેસાડવામાં આવ્યું. ત્રીજી કથા એવી છે કે પાર્વતીએ પોતાના શરીરના મેલમાંથી એક પૂતળું ઘડી તેને ગંગાના પાણીમાં મૂકતાં જ તેને હાથીનું મુખ અને વિશાળ દેહ પ્રાપ્ત થયો. એક બીજી કથા વળી એમ છે કે ગજાસુર નામના રાક્ષસે શંકર ભગવાનનું કમંડળ ઢોળી નાખ્યું. તે કૃત્ય પોતાના પુત્રે જ કર્યું છે માની તેમણે ગણપતિનો શિરચ્છેદ કર્યો. પણ સાચી વાત જણાતાં ગજાસુરનું હાથી જેવું માથું કાપી લાવી પુત્રના ધડ પર બેસાડી તેને જીવતો કર્યો. વિષ્ણુએ ગજાસુરનો વધ કરવા એ રૂપે પાર્વતીને પેટે જન્મ લીધો હતો એવી પણ એક કથા છે. પુરાણોમાં એક કથા એમ પણ મળે છે કે એકવાર પાર્વતીએ પોતાના પુત્ર ગણેશની સંભાળ રાખવાનું કામ ભૂલથી શનિને સોંપ્યું. પણ એ ઉગ્ર ગ્રહની નજર ગણેશના મસ્તક પર પડતાં જ તે બળીને રાખ થઈ ગયું! દુઃખી થએલી પાર્વતી બ્રહ્મા પાસે ગઇ અને તેમની સલાહ માંગી. બ્રહ્માએ કહ્યું: ‘રસ્તામાં તને પહેલાં જે મળે તેનું માથું કાપી લઇ ગણેશના શરીર પર બેસાડી દેજે.’ ભોગજોગે પાર્વતીને સામો હાથી જ મળ્યો. આથી તેનું માથું બેસાડવામાં આવ્યું.

પણ ગણેશપુરાણમાં ગણપતિ વિષે જે વિસ્તારી હકીકત આપી છે તે પરથી ગણપતિના આજ સુધી ત્રણ અવતાર થયા મનાય છે. એક, કૃતયુગમાં કશ્યપ-પત્ની અદિતિને પેટે મહોત્કટ વિનાયક રૂપે, એ અવતારમાં તેમણે પૃથ્વીને પીડતા દેવાંતક ને નરાંતક રાક્ષસોનો નાશ કર્યો હતો; બીજો અવતાર ત્રેતાયુગમાં શિવપાર્વતીને ત્યાં ગણેશ રૂપે લઇ સિંધુદૈત્યનો નાશ કરી લોકોને યાતનામાંથી છોડાવ્યા હતા; અને ત્રીજો, દ્વાપરયુગમાં ભગવાન શંકરને ત્યાં જ અવતરી સિંદુરાસુરનો વધ કરેલો. આમ પ્રજાને પીડતા રાક્ષસોથી પૃથ્વીને બચાવી હોવાથી તે વિઘ્નહર્તા તરીકે લોકપ્રિય થયા હોય એમ લાગે છે.

ઘણા તત્ત્વચિંતકો ગણપતિ વિષે તાત્ત્વિક વિચાર કરતાં એમ માને છે કે ગણપતિ એટલે ‘ગણેશ’ નહિ, પણ ‘ગુણેશ’ હોવા જોઇએ. ગુણેશ એટલે સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણોના સ્વામી. બીજી માન્યતા એમ છે કે એ ૐકાર પ્રણવ રૂપ હોઇ તેમની ઉપાસના એટલે પ્રત્યક્ષ પરબ્રહ્મની જ ઉપાસના. ૐકારમાં હાથીની સૂંઢ જેવો આકાર છે જ. માથાપરનો અર્ધચન્દ્ર પણ ગણપતિના દાંત જેવો લાગે છે. એવા ૐ સ્વરૂપ જ્ઞાન-વિજ્ઞાનમય ગણપતિનું વાહન ઉંદર ગણાય છે. ઉંદર એટલે કાળ. જેમ ઉંદર દરેક વસ્તુનો કોતરીને નાશ કરે છે, તેમ કાળ પણ અહર્નિશ સૃષ્ટિના પદાર્થનો નાશ કરે છે. એ કાળને જીતી લઇ તેને જ વાહન બનાવનાર ગણપતિ પરમેશ્વરનું જ રૂપ છે એમ તાત્ત્વિકો માને છે. ગણપતિ-પૂજા ચતુર્થીને દિવસે થાય છે, એનો અર્થ એ કે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થામાંથી ઉન્નત થઇ ચોથી એટલે કે તૂર્યાવસ્થા પ્રાપ્ત કરવાથી જ માનવ પૂર્ણાવસ્થાએ પહોંચે છે અને ત્યાં જ પરબ્રહ્મ સ્વરૂપ પરમેશ્વર એટલે કે શ્રીગણેશ વાસ કરે છે. ચતુર્થીને દિવસે ચંદ્રદર્શનની મના છે તેની પાછળ એ રહસ્ય છે કે મનના દેવતા ચન્દ્ર ગણાય છે, અને જો તૂર્યાવસ્થા પ્રાપ્ત કરવા જ્ઞાનારાધના કરવી હોય તો મન ઉપર કાબૂ મેળવવો જોઇએ. આમ ચન્દ્રદર્શન ન કરવું એટલે મન ઉપર કાબૂ મેળવવો અને મનને એકાગ્ર કરવું એવો છે.

ગણેશચતુર્થીને દિવસે ચન્દ્રનું દર્શન કરવું નિષિદ્ધ મનાવા પાછળ એવી એક પૌરાણિક કથા છે કે એક વખત ગણેશ પોતાના વાહન ઉંદર પર બેસીને જતા હતા ત્યારે અકસ્માત પડી ગયા. એ જોઇને ચન્દ્ર હસી પડ્યો. આથી ક્રુદ્ધ બની ગણપતિએ શ્રાપ આપ્યો કે જે કોઈ તારું દર્શન કરશે તેના પર ચોરીનું આળ તથા દુઃખો આવી પડશે. આથી દેવો અને મનુષ્યોએ તેનું દર્શન કરવાનું બંધ કર્યું. આ પ્રમાણે બધા તરફથી તિરસ્કૃત થએલો ચન્દ્ર એક કમળમાં સંતાઇ ગયો. આમ ચન્દ્ર-પ્રકાશ લુપ્ત થવાથી અકળાએલા દેવોએ ગણેશ પાસે જઈ પોતાનો શ્રાપ પાછો ખેંચવા વિનતિ કરી.

હિંદીની આકૃતિ પ્રકટ થતી હોવાને લીધે, તથા એ પ્રસંગનાં મહત્ત્વ તેમજ ટિકિટોની સુઘડ છપાઇને કારણે, ટિકિટ-જગતમાં એક નવો આંક મૂકી જાય છે. પોણા લાખ રૂપિયાને ખરચે ખાસ સ્વિટ્ઝર્લૅન્ડ-માં છપાએલી એ ટિકિટો પર મહાત્માજીની જે બે છબિઓ છે તે હજારો છબિઓની ચકાસણી બાદ પસંદ કરાએલી. ૧૦ રૂપિયાવાળી ટિકટ પર છપાએલી છબિ 'લાઇફ' નામના અમેરિકન અઠવાડિક પાસેથી ખાસ મેળવી છે, ને બાકીની ૧॥ આનાં, ૩॥ આના તથા ૧૨ આનાવાળી ત્રણ ટિકિટો પર છપાએલી છબિ રાજકુમારી અમૃતકુંવરના સંગ્રહમાંથી છે. કુલ ૩,૧૫,૦૦,૦૦૦ ટિકિટો બહાર પાડવામાં આવી છે, જેમાં ૧॥ આનાવાળી અઢી કરોડ છે.

માસમાસની વનસ્પતિનો પરિચય - આપણી વનસ્પતિ[૧૯]

જાસુદ

લેખક
પ્રો. જયંતીલાલ દેવશંકર ઓઝા
એમ. એસસી.



રૂપમનોહર, ઘેરા લાલ રંગનાં મોટાં ફૂલોથી શોભતી આ વનસ્પતિ હિંદ-ભરમાં ખૂબ જાણીતી છે. ઘણાં તેને જાસુસ પણ કહે છે. જાસુદનાં ફૂલ સૂર્યદેવને અર્પણ કરવાથી સૂર્યદેવ પ્રસન્ન થાય છે એમ મનાય છે. સંસ્કૃતમાં જપા, હિંદીમાં જાસૂન અથવા જાસુંદ, મરાઠીમાં જાસ્વંદ ને અંગ્રેજીમાં તે 'Shoe-Flower' અથવા 'China Rose' તરીકે ઓળખાય છે. તેનું શાસ્ત્રીય નામ 'હિબિસ્કસરોઝા-સાઈનેન્સિસ'(Hibiscus Rosa-Sinensis. Linn.). તેની લાલ, પીળી, સફેદ, એવી અનેક જાત થાય છે. તે સૌમાં સફેદ ઘણી ગુણકારી મનાય છે.

જાસુદ મૂળ તો ચીનનું વતની, પરંતુ તેનાં આકર્ષક ફૂલોને લીધે તે શોભા-વૃક્ષ તરીકે હિંદભરના બાગબગીચાઓમાં ઉગાડાય છે.

તેનું વૃક્ષ ૬થી ૧૦ ફીટ ઊંચું સીધું ઊગે છે. તેનું થડ કઠણ, શાખાવાળું અને કાંટા-રહિત હોય છે. તેનાં ઘેરાં લીલાં પાન સાદાં, શાખાઓ પર એક પછી એક ગોઠવાએલાં અને દાંડીવાળાં હોય છે. દરેક પાન નીચેથી ગોળાકાર પરંતુ ઉપરની બાજુએ સાંકડું થતું જઈ ટોચે અણીદાર હોય છે અને તેની બન્ને બાજુની કિનારી કાંગરીવાળી હોય છે.

જાસુદને ફૂલો લગભગ બારે માસ આવે છે. તેનાં મનોહર ફૂલ લાંબી દાંડીવાળાં, મોટાં, દેખાવડાં, લાલ (અગર બીજા) રંગ-નાં અને શાખાઓ પર એકાકી ગોઠવાએલાં હોય છે. ફૂલની વચ્ચેથી નીકળતી પુંકેસરની લાંબી નળી તેની શોભામાં અનેરો વધારો કરે છે. જાસુદનું ફળ ગોળ અને ઘણાં બીજ-વાળું હોય છે. પરંતુ હિંદમાં જાસુદને ફળ થતાં જોવામાં આવતાં નથી, તેથી તે કાપ-કલમથી જ ઉગાડવામાં આવે છે.

જાસુદ ઉપયોગી વનસ્પતિ છે. તેની છા-લમાંથી કીમતી રેસા નીકળે છે. ચીની સ્ત્રીઓ તેનાં લાલ ફૂલોમાંથી નીકળતા રંગ સાથે બીજો રંગ મેળવી તે વડે ભમર તેમજ મા-થાના વાળ રંગે છે. તેનાં ફૂલનો રંગ બૂટને પૉલીશ કરવામાં વપરાય છે. આથી જ તેને અંગ્રેજીમાં શૂ-ફ્લાવર કહે છે. બંગાળમાં એ રંગ કાગળને લાલ રંગવામાં વપરાય છે. તાજાં ફૂલનો રસ શરબત તથા મીઠાઇને લાલ રંગ ચડાવવામાં પણ વપરાય છે. કેટલાક લોકો જાસુદનાં ફૂલનો લાલ રસ ચપ્પુનાં પાનાં પર ચડાવી તે વડે લીંબુ કાપી લોહી કાઢ્યું હોય એમ બતાવે છે. આ ઉપરાંત ચામડાં રંગવામાં પણ જાસુદનાં ફૂલનો ઉપયોગ થાય છે. તેનાં ફૂલનો તાજો રસ 'ઑલિવ' તેલમાં સરખા ભાગે મેળવી, પાણી બળી જાય ત્યાં સુધી ઉકાળી, તેનું તેલ બનાવી માથામાં નાખ-વાથી વાળ નરમ ને કાળા થાય છે અને તે વાળ માટે ઘણું ઉત્તેજક ગણાય છે.

જાસુદનાં મૂળ, પાન તથા ફૂલ ઔષધ તરીકે પણ ઉપયોગી છે. સંસ્કૃત ગ્રંથોમાં તે વિષે ખૂબ ઉલ્લેખ છે. તેનાં ફૂલ સ્નિગ્ધ ને શીત ગણાય છે. ફૂલનો કવાથ કફનો શા-મક અને ધાતુવર્ધક છે, તેમજ તે તાવમાં ઉપયોગી છે. ફૂલને ઘીમાં તળી અત્યાર્તવ બંધ કરવા માટે પણ અપાય છે, તેમજ તે પ્રદર, પથરી, પ્રમેહ આદિમાં પણ અપાય છે. ફૂલની કળીઓ વીર્યસ્રાવ તેમજ ધાતુની નબ-ળાઈ મટાડવા માટે અપાય છે. જાસુદનું મૂળ કફમાં ઘણું ઉપયોગી છે. કોંકણમાં તેનાં તાજાં મૂળનો રસ દૂધ, સાકર ને જીરા સાથે પરમિયામાં અપાય છે. તેમજ મૂળનો ભૂકો કરી તેમાં સરખા ભાગે કમળનું મૂળ તથા 'કપોક'ની છાલ મેળવી લોહીવાના દર્દમાં અપાય છે. મુંબાઈમાં જાસુદનાં સૂકવેલાં મૂળ ગુલખેરને બદલે બજારમાં વેચાય છે.

મનન(અનુ૦પૃ.૨૬૩થી ચાલુ)સંયમવધવો જોઇએ. આપણા મુસ્લિમ બિરાદરો વિશે વિચાર કરો. શાહબુદ્દીન અને કુતુબુદ્દીનથી માંડીને ઇ. ૧૭૫૭ (પ્લાસી) કે ૧૭૮૪ (બક્સરના યુદ્ધ) લગી, મુસ્લિમો જ અહીં ઉત્તર હિંદમાં ઘણેખરે રાજકર્તા કોમ હતી; હિંદુઓ તો એ રાજકર્તાઓની રૈયતની દશા ભોગવતા હતા. વારુ. અંગ્રેજોએ આવીને એ સર્વોપરિ સત્તા પડાવી લીધી. પરંતુ હવે તો એ અંગ્રેજો અહીંથી ટળ્યા છે, તો અહીંની રાજસત્તાના આ સમયે સાચા વારસ અમે નહીં વારુ ? ગઈ ગુજરીને આ ફરી ગયેલ ઝમાને સંભારવાથી શો લાભ, એમ કહેવું સહેલું છે. પરંતુ હિંદુઓએ કલ્પનાબળે જુવાન ચડતા લોહીના મુસ્લિમોના ખોળિયામાં પ્રવેશીને આ બાબત સમઝવા મથવું જોઈએ. જુવાન ચડતા લોહીના મુસ્લિમોને ગઇ કાલની જ પોતાની જાહોજલાલી પાછી મેળવવાની મહેચ્છા થાય એ કુદરતી કે અકુદરતી ? શાંતપણે વિચાર કરો. બીજી બે મોટી બીના પણ સંભારો. હજી તો આ નૅશનાલિઝમનો યુગ ચાલ્યા કરે છે. નેશનાલિઝમ જેનું પ્રજાસ્મિતા નામ મેં જ પાડેલું તે કઈ જાતનો આવેશ છે? પોતાની ચડતી કલા સાધવાની મહેચ્છા એ જ ને? અને અલીગઢ કૉલેજ કેવી રીતે સ્થપાઇ,તેની યુનિવર્સિટી કેમ થઈ? હિંદ કૉન્ગ્રેસમાંથી ગણો તો તેમ, જુદી રીતે અને સ્વતંત્રપણે ગણો તો તેમ, પણ મુસ્લિમ લીગની આપણા રાજપ્રકરણી ક્ષેત્રમાં કોન્ગ્રેસેતર સંસ્થા કેમ ઉપજી, કોને ટેકે આ બંને વધવા અને ચડતી કળા મેળવવા પામ્યાં, એ સર્વ આપણી નજર આગળ જ બની ગયેલો ઈતિહાસ સંભારો. હિંદ નૅશનાલિઝમ સ્વતંત્ર થવા માગે તે યોગ્ય, પણ મુસ્લિમ નૅશનાલિઝમ સ્વાતંત્ર્ય ઈચ્છે તે અયોગ્ય, એમ?

હિંદની બહાર નજર નાખી જુવો. ઝારકયસરોનો યુગ આથમી ગયો છે, પરંતુ કમ્યૂનિસ્ટ પક્ષના ગણાતા સોવિયેટ રશિયામાં અત્યારે જ્યૉર્જિયાવતની સ્ટાલિનના હાથમાં રશિયાની મહામોટી રાજ્યસત્તાનાં તમામ અધિકારસૂત્ર એકઠાં થઇ ગયાં છે. આગલા કોઈ પણ આપખુદ બેજવાબદાર સમ્રાટ, શહેનશાહ, ખલીફા ખાનખાનાન, કાર્ડિનલ કે મહામાત્યના હાથમાં ય એકત્ર થયેલ નહીં એટલી કુલકુલાં સત્તા એકલો સ્ટાલિન ભોગવે છે. અને સ્ટાલિનની રાજનીતિ શી છે? રશિયાના ઝારોની રાજનીતિ શી હતી? પોતાના વિશાળ રાજ્યને વધુવધુ વિશાળ બનાવતા રહેવું એ જ. ઝારોના રશિયામાં રૈયતની ગુલામગીરી અને કંગાલિયત કે રૈયત ઉપર જુલ્મની સીમા જ નહોતી. આને રાહત આપવી એ અમારો ધર્મ છે, એવા સૂર ઝાર તરફથી અવારનવાર સંભળાતા હતા ખરા; પરંતુ એ સામ્રાજ્યની એવું કશું કરવાની દાનત જ ન્હોતી. કાળા સમુદ્ર લગી પ્હોંચવું, આખો બાલ્ટિક સમુદ્ર પોતાના તળાવ જેવો બનાવી લેવો, પાસિફિક મહાસાગર અને ઇરાની અખાત લગી પણ પ્હોંચી જવા મથવું, કૉન્સ્ટાન્ટિનોપલ હાથ કરવું, એ જ ઝારોની વંશપરંપરાની રાજનીતિ હતી. આજે સ્ટાલિનની રાજનીતિ શી છે? ઝારોની સત્તાનો એ વારસ છે; એ વારસની જે રાજનીતિ હોય તે જ સ્ટાલિનની છે. વળી સ્ટાલિન કમ્યૂનિસ્ટ પક્ષનો સૌથી વધારે સમર્થ અગ્રણી છે. અને કમ્યૂનિસ્ટ પક્ષના વિચક્ષણ ચિંતકોએ મઝદૂર વર્ગના ઉદ્ધારાર્થે રાજખટપટનું કયું ષડયંત્ર નક્કી કરી રાખેલું છે તે સંભારો. કોઈ પણ દેશની વસતિમાં મુખ્ય વર્ગ ત્રણ : મજૂરો, મધ્યમવર્ગ, અમીર–મૂડીદારો. અમીર–મૂડીદારો અને બૂઝ્વા Bourgeoisની રસાકસીમાં લાગ ફાવે તેમ એકને યા બીજાને સાથ આપી આખું તંત્ર ઢીલું કરી નાખવું, ચૂંટણીઓનો ગમે તે પ્રકારે પૂરેપૂરો લાભ લઈ બને તેટલી સક્રિય અધિકારની જગાઓ પર કટ્ટા કમ્યૂનિસ્ટોને ગોઠવી દેવા, ક્રાંતિ ઉપજાવવી, રાજ્યની આખી સત્તા વિના યુદ્ધે પડાવી લેવી. અને તેમાં ફાવતાં જ હરીફ પક્ષોના આગેવાનોનો,ઘાણ જ કહાડી નાખવો. તેમને વીણીવીણીને રીંખીપીંખીને છૂંદી જ મારવા, કે ફરીને કમ્યૂનિસ્ટો સામે કોઈ પક્ષ ચૂંટણીને રસ્તે અગર કોઈ પણ રસ્તે માથું ઉંચકી જ શકે નહીં. પોલાંડમાં શું બન્યું છે તે આપણે જોયું છે. તેની પુનરાવૃત્તિ હજી ગઇ કાલે જ ઝેકોસ્લોવેકિયામાં થઈ છે. હવે આવ્યો છે હંગરી યુગોસ્લેવિયા,બર્લિન(એટલે જર્મની) અને કોરિયાનો વારો. સ્ટાલિનની રાજનીતિનું ધ્યેય અને તેની કમ્યૂનિસ્ટ પદ્ધતિ આ પ્રકારનાં છે.

મુસ્લિમ જુવાનોની મહેચ્છા કે કમ્યૂનિસ્ટોની સુરંગી નીતિજાળને 'રુક જાવ' 'હમે પતિત' 'હમે ગંવાતાં ગોઝારાં'એમ કહિયે ને તુર્ત અટકે, એવો લેશ પણ સંભવ છે ખરો ? જો નથી તો આપણે એટલે કે આઝાદીના તમામ નૈષ્ઠિક નાગરિકોએ અકળાવું, તપી જવું, જૈસે કુ તૈસા કરી બેસવું નહીં જ પાલવે. આપણે આપણો સંયમ વધારે વિસ્તૃત, ઉચ્ચતર, ગભીરતર કરવાની જરૂર છે. કારણ કે આ જે આઝાદી ઊગવા પામી છે, તેના સંરક્ષણની ફરજ આપણે માથે જેટલી છે, આપણે આપણી સ્વચ્છાએ જ જેટલી સ્વીકારિયે છિયે તેટલી સામા પક્ષોમાંના કોઈ નાગરિકો સ્વીકારતા જ નથી. ગો. મા. ત્રિ.નું મહાવાકય સંભારો : જે વધુ સમઝે તેને શિર વધારે ધર્મબંધન.

હવે બીજા ખંડ ઉપર અને અઢારમા સૈકામાં જરા નજર ફેરવિયે. અત્યારે અમેરિકાનો યુનાઇટેડ સ્ટેટ્સ સર્વાનુમતે સૌથી સમર્થ રાજ્યસત્તા છે. અને એ રાજ્યસત્તા પ્રજાશાસિત (ડેમોક્રેટિક Democratic) છે. એનો પાયો ચણાતો હતો તે સમયની મુદ્દાની હકીકત જોઇ લઇયે. બ્રિટિશ સલ્તનતના અંગ લેખે યુનાઇટેડસ્ટેટ્સનાં,તે વખતે એકબીજાથી અલગ ન્હાનાંન્હાનાં મૂળિયાંને પોતાની આસપાસ વિસ્તારેલા વિશાળ ખંડની અઢળક સમૃદ્ધિનો જેમ બને તેમ વધારે લાભ જેમ બને તેમ ઝટપટ મળી શકે એવો સંભવ જ ન હતો; કેમકે બ્રિટિશ સામ્રાજ્યનો સ્વાર્થ એ અઢળક સમૃદ્ધિનો લાભ મોટે ભાગે પોતે મેળવે એવી વ્યવસ્થા રચવા પળાવવામાં હતો એ ખુલ્લું છે. આ તેર ન્હાનીન્હાની વસાહતોને જ્યાં લગી પોતાનો કોળિયો જ કરી જાય એવા સમર્થ દુશ્મનોનું સામીપ્ય હતું ત્યાં લગી તેમને એ દુશ્મનોનો ભય હતો. અને એ દુશ્મનોના ભયથી પોતાના રક્ષણ માટે આ નબળી વસાહતોને પોતાના પિતામાતા અને છત્ર બ્રિટિશ સામ્રાજ્યનો ઉપયોગ પણ હતો. આની સેવા બજાવવાના બદલામાં બ્રિટિશ એમની કનેથી અને એમની આસપાસથી જે કંઈ તાણી જતા તે એમને મૂગે મોંએ સહન કરવું જ પડે એવી પરિસ્થિતિ હતી. પરંતુ સાતવાર્ષિક વિગ્રહને નામે ઇતિહાસપટે વર્ણવાએલા વિગ્રહનું એક અફર પરિણામ એ આવ્યું કે આ તેર સ્ટેટ્સ નામે નબળી વસાહતોની નજીકમાં એમને ધાસ્તી લાગે એવી એક પણ જબરી સત્તા રહી નહિ: એટલે એમના આગેવાનોને મહેચ્છા સ્ફુરી કે આસપાસ વિસ્તરેલ અખૂટ અઢળક સમૃદ્ધિના ધણીરણી આપણે જ એવી પરિસ્થિતિ ઉપજાવવાને શાને ન મથવું. ઇંગ્લાંડ મહા સમર્થ તો છે પણ છેલ્લા વિગ્રહે જર્જરિત છે. આપણને દબાવી દબાવીને એ તે કેટલા દબાવી શકવાનો, વચ્ચે આખો આટલાંટિક પડયો છે. માટે આ પ્રસંગ ઈતિહાસપ્રવાહે આણી આપ્યો છે તેને સુ-

ધારી જ લેવો. એમણે તો અસંતોષ અન્યાય જુલમ આદિના શોરબકોર સાથે બંડ જ પોકાર્યું, અને એક બાજુ કંઇક સાચા તો કંઈક મરીમસાલે તેજ બનાવેલ પ્રચારે પોતાની પ્રજાને સંગઠિત કરી લશ્કરી બળની જમાવટ આદરી; બીજી બાજુ ઇંગ્લિશ સામ્રાજ્યના અદેખા અને એણે આપેલી સજડ હારથી ખારીલા બનેલ ઇંગ્લિશવિરોધી યુરોપીય રાજ્યોમાંથી જેટલા બન્યા તેટલાને સમઝાવીફોસલાવી પોતાની વ્હારે ન્હોતર્યાં. સાથેસાથે ખુદ ઇંગ્લાંદમાં એમણે પોતાના પક્ષ માટે ટેકો મેળવવા જુદી રીતનું જ પ્રચારકાર્ય કર્યું. ત્હમે ઇંગ્રેજો આઝાદી માટે સૈકાઓથી કેટકેટલું લડયા ઝઘડયા છો તે સંભારો, ત્હમે રાજા જ્હોનને પાશરો કર્યો. ત્હમે પ્હેલા જેમ્સને અને બીજા ચાર્લ્સને સીધા રાખ્યા, અતિ ઉપર જતાં અટકાવી દીધા. ત્હમે ૧લા ચાર્લ્સનો શિરચ્છેદ કર્યો. ત્હમે બીજા જેમ્સને તગડી મૂક્યો. એના વારસોને રઝળતારવડતા કરી નાખ્યા. આ બધું શાને? ત્હમને આઝાદી એટલી પ્રિય તો અમે પણ ત્હમારાં જ સંતાનો ને? ત્હમારાં ધાવણ ધાવેલ, ત્હમારાં પરાક્રમો વાંચતાંવાંચતા મોટા થયેલ, અમને પણ ત્હમારો રંગ ન લાગે વારુ? રાજસત્તા જવાબદાર નહીં; કરો નાખવામાં પ્રતિનિધિ સભા કુલકુલાં નહીં ત્યાં વળી આઝાદી કેવી? 'No taxation without representation'–એ ત્હમારૂં પ્હેલા ચાર્લ્સ સામેનું સૂત્ર, તેને આધારે જ અમારી માગણીઓ છે.

આવી જંગી સંકુલ વિકટ અને પરસ્પર વિરોધી પ્રવૃત્તિઓ દરમિયાન આ તેર વસાહતોના ચિંતકોએ પોતાનું નવું રાજ્યતંત્ર કયા પ્રકારનું હોવું જોઈએ, એ વિશે તલસ્પર્શી વિચારણા પણ કરી. તેમના વિદ્વાન રાજપુરુષો લગભગ એકમત થયા કે પ્રાચીન ગ્રીક નગર-રાજ્યો(સીટી-સ્ટેટસ City-states)માં જે બંધારણ હતાં, તે પ્રમાણે પોતાનું તંત્ર પણ પ્રજાસત્તા ઉપર સ્થાપવું. વળી પ્રાચીન રોમના રાજપુરુષોએ દુનિયાદારીના તમામ વ્યવહારમાં ન્યાયનાં ધોરણ ઘણે જ મોટે ભાગે જાળવે એવું કાયદાતંત્ર ઘડેલું હતું, અને હોલાંદ ઇંગ્લાંદ અને ફ્રાન્સના ચિંતકોએ એ કાયદાઓને પચાવી પચાવીને માંથી પ્રજાસત્તાને ખાસ ઉપકારક તત્ત્વો ત્હાં તારવ્યાં હતાં; તેનો લાભ લેવાનો પણ આ નવા ખંડના પંડિતોએ નિર્ધાર કર્યો. અને પોતાનું જગદ્વિખ્યાત થયું છે તે "સ્વતંત્રતાનું જાહેરનામું (Declaration of Independence)" બહાર પાડ્યું.

આનો મૂળ મુત્સદ્દો કરેલો ફિલાડેલ્ફિયા-(આ વિશેષનામનો અર્થ છે–'ભ્રાતૃસ્નેહ-નગર')ના પોતાના મકાનમાં જુવાન કાયદાશાસ્ત્રી ટોમસ જેફર્સને, ઈ. ૧૭૭૬ના જૂન માસના બે દિવસોમાં. એ મુત્સદ્દો લેખકે પ્રથમ બતાવ્યો જ્હોન એડમ્સ અને બેન્જામિન ફ્રાન્કલિનને. તેમણે એ આખો તત્ત્વતઃ મંજૂર રાખ્યો માત્ર કોઇક શાબ્દિક ફેરફાર કર્યાં. જૂનની ૨૮મીએ આ ખરડો કૉન્ગ્રેસ એટલે પ્રજાની ચૂંટેલી ધારાસભામાં મંજૂરી માટે રજુ થયો. પણ એ સભામાં હજી તેની પ્હેલાં મંજૂર કરવો જોઇએ તે બંડના જાહેરનામાનો ઠરાવ ચર્ચાતો હતો. એ ઠરાવ નીચે મુજબ હતો: "આ સંયુક્ત સંસ્થાનો ઠરાવે છે કે અમે આઝાદ અને સ્વતંત્ર (ફ્રી ઍન્ડ ઇન્ડિપેન્ડન્ટ)છીએ ને આઝાદ ને સ્વતંત્ર અમારા હક્કથી છિયે. બ્રિટિશ રાજ્ય તર્ફની તમામ અને દરેક જાતની વફાદારીથી અમે અમારી વિમુક્તિ જાહેર કરિયે છિયે. બ્રિટિશ રાજ્ય સાથેના અમારા તમામ જાતના સંબંધોથી મોકળા થવાનો અમારો હક્ક છે અને તેમ અમે મોકળા થઇ જઇયે છિયે." એ ઠરાવ મંજૂર થયો કૉન્ગ્રેસમાં તા. ૨જી જુલાઈએ, અને તેને તેર સંયુક્ત સંસ્થાનોએ મંજૂરી આપી અને તેમના પ્રતિનિધિઓમાંથી ૫૬ જણે તેના પર સહીઓ પણ કરી.*

આ પછી જેફર્સનનો ખરડો કૉન્ગ્રેસ આગળ આવ્યો, તા. ૩જી જુલાઈએ. જેફર્સનના મૂળ ખરડામાં ગુલામગીરીનો યુનાઇટેડ સ્ટેટસના સ્વતંત્ર રાજ્યના જન્મ સાથે જ અંત આણવાની, તમામ ગુલામોને નાગરિકોના સંપૂર્ણ હક્ક મળે એવી કલમ હતી. કૉન્ગ્રેસની ચર્ચા દરમિયાન ખરડામાં સૌથી મહત્ત્વનો ફેરફાર એ થયો કે આ કલમ ઉડી ગઈ, એટલે એ મહાભારત અટપટો પ્રશ્ન બીજો એક સૈકો ઘોળાતો રહ્યો અને તે ઉપર ભારે આંતરવિગ્રહ જામ્યો, જેમાં આઝાદીના હિમાયતી યુનાઇટેડ સ્ટેટસના વધારે સમર્થ ઉત્તર વિભાગની સંપૂર્ણ ફત્તેહ થઇ, એટલે અબ્રહામ લિન્કને ગુલામગીરીની સંસ્થાને જડમૂળમાંથી ઉખેડી નાખતું જાહેરનામું ફરમાવ્યું.

પણ આપણે એ સ્વતંત્રતાના જાહેરનામાની વિગતો વિચારિયે. એ જાહેરનામું દુનિયા સાંભળે એમ જણાવે છે કે–"અમે આ સત્યોને પવિત્ર ને સર્વસંમત ગણિયે છિયે કે તમામ માણસોને અન્યોન્ય સમાન (ઇક્વલ) સર્જવામાં આવ્યા છે." ઈશ્વર આગળ સમાન, દુન્યવી હક્કોમાં સમાન, પોતપોતાની જીવનચર્યા જોગવવા માટે તકો અને અનુકૂળતાઓ મેળવવાના એકસરખા હક્કદાર. "અને આવા સમાનતાંકિત સર્જનને લીધે, તે દરેકને જીવવાનો, આઝાદીનો, અને સુખાવાપ્તિ માટે પ્રયાસોનો એકસરખો હક્ક છે." "વળી આ હક્કો દરેક સાધી શકે તે ખાતર જ પ્રજા રાજ્યસંસ્થા ઊભી કરે છે, અને કોઇ પણ રાજ્ય જે સત્તાઓ ભોગવે છે અને અમલમાં મુકે છે, તે એ રાજ્યને શાસિત પ્રજાની સંમતિથી જ પ્રાપ્ત થાય છે." એટલે કે રાજ્ય કે રાજાની સત્તાઓ ઈશ્વરદત્ત નથી જ, સહજ પ્રાપ્ત નથી જ, દરેક પ્રજાજનના હક્કો ઈશ્વરદત્ત છે, એ હક્કો સૌને એકસરખા છે, અને તે હક્કો સાધવા અને રક્ષવાને માટે જ પ્રજા રાજ્યસંસ્થાની ઉત્પાદક બને છે, અને એ રાજ્યસંસ્થાને તેને ઉત્પન્ન કરનારી પ્રજા જેટલી સત્તા બક્ષે, તેટલી જ મળે, તે ઉપરાંત તેને લેશ પણ સત્તા હોઇ ના શકે. પ્રજાની સંમતિ એકવાર મળી ગઈ એટલે નીરાંત, એમ પણ ના સમઝવું. રાજ્યસંસ્થાને સ્થાપનારી પ્રજા તેને ઉથાપવાની સત્તા પણ ધરાવે જ છે. રાજ્યાધિકાર જુલ્મી નીવડે તો તેને તોડી નવું રાજ્ય સ્થાપવાનો હક્ક પ્રજાને છે જ.

હરેક નાગરિકને કોઈ પણ બીજા નાગરિકના જેટલા જ હક્ક છે એ મુદ્દા ઉપર આજે ત્હમે એકાગ્ર ચિત્તે મનન કરશો. આ આખું વ્યાખ્યાન મેં આ મુદ્દો તારવી દેખાડવાને માટે અને એનાં વ્યાપકતા અને ગૌરવ ઠસાવવાને માટે જ યોજ્યું છે. રાજ્ય પોતાની સત્તાની અમલબજાવણી એવી રીતે કરવા બંધાયલું છે કે તેથી દરેકના હક્ક જળવાય, દરેક પોતાના જન્મસિદ્ધ વા ઇશ્વરદત્ત હક્ક ભોગવી શકે. પણ આપણે સૌ એકબીજાને એટલા બધા નિકટ છિયે કે હું હાથ હલાવવા જાઉં ત્યાં તે પાસેના નાગરિકને અડી જાય વાગી જાય એમ પણ બને. તાત્પર્ય કે મ્હારા હક્ક માટેની મ્હારી પ્રવૃત્તિ બીજાઓની પોતપોતાના હક્ક સાધવા માટેની પ્રવૃત્તિ-

* આમાં મત લેવાયા તેરે સંસ્થાનનો એકએક એ રીતે, એટલે તે સર્વાનુમતે મંજૂર થયો. દરેક સંસ્થાનના પ્રતિનિધિઓમાંથી ઠરાવના તરફેણમાં બહુમતિ હોય એટલે આખું સંસ્થાન લાભમાં મત નોંધાવે છે એમ ગણી લેવાયું. પણ કેટલાક સંસ્થાનના પ્રતિનિધિઓમાંથી વિરુદ્ધ મત પણ કેટલાક ધરાવતા હતા, તેમણે બેશક ઠરાવ પર સહી ન કરી અને આ કારણે સહીઓ ૫૬ જ થઇ.

ઓને જરા પણ નડે નહીં એ પ્રમાણે કરવાની છે. Do unto others, as you would that they should do unto you. ખ્રિસ્તી ધર્મમાં આ નિયમ સોનેરી નિયમ (ગોલ્ડન રૂલ) લેખે ઓળખાય છે. સોનેરી એટલે મહાર્હ, અમૂલ્ય. અને એ નિયમ છે પણ એવો. કેમકે એ એક નિયમ જ તમામ સંયમ (સેલ્ફ કન્ટ્રોલ Self-control) દરેકેદરેક નાગરિકને ફરમાવે છે. બીજા કોઇના હક્કને ઈજા પ્હોંચે તેની દરકાર રાખ્યા વગર ત્હમે ત્હમારા હક્ક માટે પ્રવર્ત્તો તો રાજ્યની ફરજ છે કે ત્હમને પૂછે ટોકે અને ત્હમને એ મુજબ વર્ત્તતા રોકે, બીજી વાર એમ ન કરો એટલે ત્હમને ધડો આપવાને ત્હમને ધારાધોરણો પ્રમાણે સજા પણ કરે. રાજ્ય પોતાની આ ફરજ બજાવવામાં પક્ષપાતી હોય, નબળું નીવડે, તો ત્હમે અને જે બીજાના હક્કને ત્હમે ઈજા પ્હોંચાડો છો તે, બેય જણ બોલાચાલીમાંથી તપી જાવ, ખુન્નસે ભરાવ, એ ખુન્નસમાંથી ખૂન પણ વહેવા માંડે, બે મૂળ લડનારના રક્ષણ અને ઉપરાણામાં લાગતાવળગતા દોડી આવે, ન્હાની સરખી શરુઆતમાંથી મોટું દંગલ પણ થાય, પોલીસ દોડે, ગોળીબ્હાર થાય, લશ્કરને પણ બોલાવવું પડે, તોપખાનું પણ વાપરવું પડે.

આપણા શરીરમાં હાડકાં, ચામડાં અને માંસપેશીઓ ઉપર આપણા લોહીનો અધિકાર છે, અને આપણા લોહી ઉપર આપણા શ્વાસોચ્છ્વાસનો અધિકાર છે. વ્યક્તિઓ અને કુટુંબો ઉપર ગામ અને શહેરની સત્તાનો અધિકાર છે, ગામ અને શહેરની સત્તાઓએ સમાજવ્યવસ્થા અને આર્થિક વ્યવહારનું ધ્યાન રાખવું પડે છે, અને વ્યક્તિ, કુટુંબ, ગામ, નગર, વ્યક્તિઓનાં જુદાંજુદાં પરિમિત હેતુઓ માટેનાં જૂથો, તેમ આર્થિક વ્યવહાર અને સમાજવ્યવસ્થા એ તમામ ઉપર પ્રજાસત્તાએ સ્થાપેલાં અને ટકાવી રાખેલાં રાજ્યશાસનનો અધિકાર છે. વ્યક્તિઓએ પોતપોતાના હક્ક સાધવા અને સુખ મેળવવાની પ્રવૃત્તિઓમાં કયા કયા સંયમ કેવી રીતે કેટલે દરજ્જે જાળવવા હિતાવહ આવશ્યક અને અનિવાર્ય છે, તેનો આખરી અને અફર નિર્ણય પ્રજાની વરિષ્ઠ ધારાસભા અને તેને જવાબદાર મહામંત્રિઓની સમિતિના ફરમાનો પ્રમાણે થાય છે. આ ફરમાનોની ભાષા ઘણી મોઘમ હોય, તો દરેક ખટલાની વિગતો પ્રમાણે એ ફરમાનોને અદાલતો અને તેની ન્યાયમૂર્તિઓ ઘટાવે છે અને આ રીતે પ્રજામાંની લાખો-કરોડો વ્યક્તિઓના ન્હાનામોટા વ્યવસાય એકંદરે લડાલડી મારામારી કે મોટાં સંઘટ્ટનો વિના સરલ રીતે ચાલ્યા કરે તેનું નામ જ સુધરેલી આઝાદ પ્રજા.

મહામંત્રીઓથી માંડીને ન્હાનામોટા તમામ અધિકારીઓએ પોતપોતાને સ્થાને પોતાના હક્ક શા છે અને પોતાની ફરજો શી છે તેના ભાન સાથે અપક્ષપાતે અને નિઃસ્વાર્થપણે વર્તવાનું છે, એ સંયમો તેમણે કડક રીતે પાળવાના છે. પ્રજાના અવાજરૂપ છાપાંઓ ચલાવતા માણસોએ પણ પોતપોતાના હક્ક ભોગવવાની સાથે પોતપોતાની ફરજો બજાવવાની છે અને આ કાર્યમાં તે દરેકેદરેકને પણ અનેકાનેક ન્હાનામોટા સંયમો પાળવા જ પડે છે. આપણી આર્થિક પ્રવૃત્તિઓ, સામાજિક પ્રવૃત્તિઓ, કૌટુમ્બિક અને વૈયક્તિક પ્રવૃત્તિઓને પણ આ વ્યાપક નિયમ લાગુ પડે છે. સ્વાર્થીપણું, લાંચરુશવત, ચશમપોશી, આદિ એટલું વ્યાપક ઝેર છે જે પ્રજાસત્તાનું આખું તંત્ર નબળું પાડી દે અને જીવલેણ નીવડે એટલું બધું કાતિલ રૂપ પણ પ્રકાશે છે. આ ઝેરનું બીજું નામ છે સ્વાર્થી બેજવાબદાર અસંયમી વર્તણુક.

આજનો વ્યાખ્યાન વિષય મેં મથાળે જણાવ્યો છે "સ્વરૂપાનુભૂતિ (સેલ્ફરીયલાઇઝેશન)" અને જો કે આરંભમાં કહી ગયો છું કે સ્વરૂપાનુભૂતિ સાધવાને જાત માટે પૂજ્યભાવ, જાતનું જ્ઞાનવિજ્ઞાન, અને જાતનો સંયમ ત્રણે આવશ્યક છે, તોપણ મોટે ભાગે તો મેં સંયમની જ ચર્ચા કરી. બીજા બે અંશ રહી ગયા છે, તો એનો કંઈક ખુલાસો હવે ઉમેરી લેવા રજા લઉં છું. આપણા ધર્મ, આપણી સંસ્કૃતિ, આપણી ફિલસૂફી, અને આપણાં સાહિત્યમાં તમામ સદાચાર અને નીતિને આપણે પરલોક, મોક્ષ, ઈશ્વરસાક્ષાત્કાર આદિ સાથે સાંધ્યાં છે. યુરોપની સંસ્કૃતિ ફિલસૂફીમાં પ્રોટેસ્ટંટ પંથ અવતર્યો તે પ્હેલાં આમ જ હતું. પરંતુ એ પંથે પ્રથમ શરૂ કરેલ વિચારપ્રવાહ જેમ સુક્ષ્મમાંથી સ્થૂલ, સાંકડામાંથી વિસ્તૃત, ન્હાનાશાં ઝરણાંમાંથી મહા મોટા નદનું રૂપ ધારણ કરતો થયો, તેમતેમ ત્યાં આમાં મહાભારત પલટો થવા લાગ્યો. શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક દૃષ્ટિના વિકાસ સાથે ધર્મગ્રન્થોમાં સ્વર્ગાદિ વિશે જે વર્ણનો છે જે સૈકાઓ લગી ત્યાં પણ અક્ષરશઃ પૂરેપૂરી શ્રદ્ધાથી મનાતાં હતાં, તે વિશે અશ્રદ્ધા ધીમેધીમે વધવા જામવા પામી. પરલોકમાં સુખની લાલચે આ લોકમાં નીતિ પાળિયે સદાચારી રહિયે એ સાચી નીતિ કે શુદ્ધ સદાચરણ શેનાં, એ તો સ્વાર્થ અને લાલચુપણાનો જ એક પ્રકાર નહીં વળી, એ પ્રમાણેની શંકાઓ પણ જામતી ગઇ અને યુરોપી સંસ્કૃતિનો અર્વાચીન અવતાર ઈશ્વર સ્વર્ગ પરલોક વગેરેથી અલગ નીતિ સદાચરણ સદ્વર્તન કેવાં હોય તેની શોધ તર્ફ વળ્યો. ઇશ્વર સ્વર્ગ પરલોક રૂપ જે ખીંટીએ પ્રાચીનોએ સૈકાઓ લગી નીતિ ધર્મ સદ્વર્તન આદિ લટકાવેલાં હતાં અને રોચક બનાવેલાં હતાં, તેને ઠેકાણે અર્વાચીન વૈજ્ઞાનિક દૃષ્ટિવાળા ચિંતકોએ બીજી ખીંટી જોઇ અને બતાવી. આ ખીંટી તે રાજ્યતંત્ર, રાજ્યવહીવટ, પ્રજાસંઘનો જીવનપ્રવાહ. વ્યક્તિ માત્ર કુટુંબ સમાજ અને આર્થિક વ્યવસ્થાને આધારે છે, અને એ સર્વ રાજ્યવ્યવસ્થાને આધારે છે, અને એ રાજ્યવ્યવસ્થા પોતે ઉત્તમ ત્યારે ગણાય જ્યારે તે પ્રજાને જવાબદાર એટલે પ્રજાસત્તાક હોય, આમ વ્યક્તિસમષ્ટિ અન્યોન્યાધારે છે એમ ફલિત થયું. બન્નેમાં પોતપોતાના અધિકાર દરજ્જા સત્તા ગૌરવ તેમ કર્ત્તવ્યભાર પ્રમાણેના ન્હાનામોટા સંયમો પાળી નિઃસ્વાર્થી અપક્ષપાતી વિશુદ્ધ ધ્યેયપાલન માટે આગ્રહી, એક શબ્દમાં કહિયે તો સત્યાગ્રહી રહેવું આવશ્યક છે; આમાં તેઓ જેટલી સફળતા મેળવે તેટલાં વ્યક્તિ સમષ્ટિ બન્ને વિશુદ્ધ રહી ઉન્નતિ સાધનારાં સધાવનારાં બને; આમાં જેટલી કચાશ, સંયમના ઇસ્કરૂ જેટલા ઢીલા ને લપટા, તેટલાં તેઓ નબળાં પડી અધોગતિ પામે. આ દૃષ્ટિએ આખું ધીરેધીરે પણ સાવધાન એકાગ્ર ચિત્તે તપાસશો તો જણાયા વિના નહીં રહે કે આપણા જીવનની ન્હાનીમોટી તમામ સફલતા અને ઉન્નતિ માટે સંયમ (સેલ્ફકન્ટ્રોલ), કર્મ કર્યે રાખવું. પરંતુ નિર્મમ નિષ્કામ નિઃસંગ ભાવે વિશુદ્ધ ઊર્ધ્વગામી જીવનની પ્રીતિને વળગીવળગીને કરેલાં કર્મ જ કામ મોહ લોભાદિ મલનું શોધન અને વિશુદ્ધીકરણ ઊર્ધ્વીકરણ (સબ્લિમેશન Sublimation) જમાવતાં જમાવતાં ઉત્તમ દશા લગી પ્હોંચાડવાને સમર્થ છે અને આ જેટલું વ્યક્તિ માટે તેટલું સમષ્ટિ માટે, જેટલું સમષ્ટિ માટે તેટલું વ્યક્તિ માટે પણ સાચું છે. જીવનમાત્રની ઉન્નતિ વિશુદ્ધિ અને સફલતાનું બીજક વિવેકી સંયમ છે. ગોવર્દ્ધનરામનું મહાસૂત્ર ફરી ટાંકીને વિરમું છું: "જેમ જે વધુ સમજે તેમ તેને શિર વધુ ધર્મ." શુભં ભૂયાત્.

બળવંતરાય કલ્યાણરાય ઠાકોર

શ્યામજી વર્મા (અનુસંધાન પૃ. ૨૮૬થી) અને તેમની આંખે આ સૂત્રોના ઉચ્ચારે આશાનું આંજણ આંજી દીધું. શ્યામજીએ ઈ.૧૯૧૯ના જાન્યુઆરીની ૮મીએ વિલ્સનપર એક પત્ર લખીને અમેરિકન-યુરોપી રાજ-લોનમાં રૂા. ૧૦,૦૦૦ આપીને 'પ્રેસિડેન્ટ વિલ્સન' વ્યાખ્યાન-વૃત્તિ જાહેર કરવા ઇચ્છા બતાવી. પણ તેનો અસ્વીકાર થયો. બે વર્ષ પહેલાં સ્વીસ સરકારે પણ તેમની આવી જ દરખાસ્ત નકારી હતી.

છ વર્ષના લાંબા ગાળા બાદ શ્યામજીએ ૧૯૨૦ના ડિસેમ્બરમાં સોશ્યૉલૉજિસ્ટનું પુનઃ પ્રકાશન કર્યું. પણ આશ્ચર્યની વાત એ હતી કે તેમાં હિંદની પરિસ્થિતિ કે દુનિયાની પરિસ્થિતિ વિષે તેમણે એક અક્ષર પણ ન લખ્યો. આ ઉપરથી એક જ અનુમાન થઇ શકે છે કે શ્યામજીની કળા હવે આથમતી હતી. પછી તો નિરાશા અને નાઉમીદે શ્યામજીને બરાબર ભીસમાં લીધા. ઉમ્મર પણ વધતી હતી. એટલે ૧૯૨૩માં એમણે 'સોશ્યૉલૉજિસ્ટ' બંધ કર્યું. એથી એમની રાજકીય પ્રવૃત્તિ સાવ ક્ષીણ બની ગઈ. માત્ર પત્રવ્યવહાર કે મિત્રોની મુલાકાતમાં જ તે પ્રવૃત્તિ મર્યાદિત બની.

આમ સર્વ પ્રકારના રાજપ્રકરણીય કામમાંથી વાનપ્રસ્થને કારણે શ્યામજી પોતાની આર્થિક સ્થિતિ પર વધુ ધ્યાન આપવા લાગ્યા. યુરોપના શેર બજારોના ૨૫ વર્ષ ઉપરાંતના ઝીણવટભર્યા અભ્યાસને લીધે શ્યામજીને પોતાના શેર અને અનામતોના બદલા કરવાની મુક્ત ફાવટ આવી ગએલી. જીનેવામાં એ રોજ શેરબજારમાં જતા અને હિંદ વિષેના પોતાની દંતકથાના ખજાનાના જોરે તે લાભદાયી સોદા પાડતા. કરકસર ને કરુણ જણાય એવી કંજુસાઇની હદ લગી એ જતા. પણ એ કરકસરમાં એક અપવાદ હતો. નાનાં બાળકો એમને ઘણાં પ્રિય હતાં અને એમના જન્મદિને એ એમને સોના નાણાંની ભેટ આપતા.

૧૯૩૦ની શરૂઆતમાં એમની તબિયત લથડી. એમની મૂળની આંતરડાંની બીમારી આ વખતે ઘણા ગંભીર સ્વરૂપે આવી. ઓપરેશનથી તાત્કાલિક રાહત તો થઈ. ને જેવી તબિયત સુધારા પર આવવા લાગી તેવા જ એમણે શેરબજારના ભાવની પૂછપરછ શરૂ કરી દીધી. પણ ત્યાં તો તબિયતે ફરી ઊથલો ખાધો અને સર્વ કોઇએ આશા છોડી દીધી. ભાનુમતીને ખાટલા પાસેથી દૂર ન જવાનું એમણે કહ્યું. અંતે એમણે ૧૯૩૦ના માર્ચની ૩૧મીએ સાંજના છ વાગ્યે દેહ છોડયો. કેટલાક મિત્રો ખબર કાઢવા આવ્યા. ફાની દુનિયા ત્યજી ગએલા વિદ્વાનના ચહેરા પર ચિરકાળ શાંતિ લાગતી હતી. હાજર રહેલા સૌ પર આની ઘેરી અસર થઈ. સેન્ટ જ્યૉર્જના શ્મશાનમાં એમના દેહનો અગ્નિસંસ્કાર થયો. એ જ જગાએ એમની ભસ્મને દાટવામાં આવી.

હિંદમાં એ કાળે (૧૯૩૦ની ૧૨મી માર્ચે શરૂ થએલી દાંડીકૂચ પછીના) આઝાદીના જંગના ઘેરા નાદમાં મોટા ભાગનાં હિંદી પત્રોએ શ્યામજીના જીવન અને મૃત્યુની ઝાઝી નોંધ ન લીધી એમાં કશું આશ્ચર્ય પામવા જેવું નથી. પણ શ્યામજીને જે પ્રશસ્તિ સાંભળીને આનંદ થાત તે તો સરદાર ભગતસિંહ અને તેમના સાથીઓએ આપી. શ્યામજીના મૃત્યુના સમાચાર સાંભળી તેમણે ખુલ્લી અદાલતમાં દેખાવો કરેલા અને સંદેશાઓ મોકલેલા.

શ્યામજીના મૃત્યુ પછી ત્રણ જ વર્ષે તેમની જીવનસંગિની ભાનુમતિનું પણ મૃત્યુ થયું. પોતાની આ જીવનભરની સન્નિષ્ઠ ભાગિયણ ઉપર શ્યામજીને અપાર સ્નેહ હતો. શ્યામજીની ચડતી અને પડતી સફળતા અને નિરાશામાં છેવટ લગી તે ભાગીદાર રહ્યાં હતાં. ભાનુમતિનો અગ્નિદાહ પણ શ્યામજીને જે સ્મશાનમાં દેવામાં આવ્યો હતો ત્યાં જ દેવાયો અને ભસ્મ પણ ત્યાંજ દાટવામાં આવી. તેમની તથા શ્યામજીની સ્મૃતિને સંઘરતી એક તખ્તી ત્યાં મૂકવામાં આવી છે જેના પર માત્ર આટલું જ લખ્યું છે:

શ્યામજી કૃષ્ણ વર્મા: ૧૮૫૭–૧૯૩૦

ભાનુમતિ શ્યામજી વર્મા: ૧૮૬૨–૧૯૩૩

જે ભૂમિ પર પોતે જન્મ્યા અને જે પ્રજામાં પોતે ઊછર્યા તે પ્રજાની આઝાદીને માટે પ્રાણાર્પણે યત્ન કરી જનારા મરજીવાઓના તેજસ્વી મંડળમાં શ્યામજીને સ્થાન મળશે એ નિસંશય. જોકે એ સાચું કે શ્યામજી ક્રાંતિને માર્ગે બહુ આગળ વધ્યા ન હતા. પણ ઈતિહાસને શ્યામજીનું એક ગૌરવ તો કરવું જ પડશે. રાજકીય જીવનના પહેલા દિવસથી પોતે જે માર્ગ સ્વીકાર્યો તેને જીવનના આખરી દિવસ લગી અણિશુદ્ધ રીતે વળગી રહેવાની ભારે હિમ્મત શ્યામજીએ બતાવી. પોતે લખેલો એક શબ્દ કે બોલેલો એક અક્ષર પણ એમણે ખેંચ્યો ન હતો. અને બધા જ વેરઝેર શમી જશે, ત્યારે પણ શ્યામજીની કીર્તિ બે વસ્તુઓ માટે તો જીવન્ત રહેશે જ: એક તો હિંદના રાજકીય ઇતિહાસને કેટલાક રંગીન પ્રસંગો પૂરા પાડનાર અને વીરો અને શહીદોને પ્રેરણા આપનાર 'ઇંડિયા હાઉસ.' અને બીજું હિંદના સ્વાતંત્ર્ય માટેનો એમનો નિર્ભીક, અસરકારક બુદ્ધિયુક્ત પ્રચાર; જડ અને રૂઢિચુસ્ત બ્રિટિશ પત્રો લગી એમણે આ અવાજ પહોંચાડયો. અને કદાચ કાળના વહેણમાં આ પણ લુપ્ત થઈ જશે ત્યારે પણ શ્યામજીનું જીવન અને દૃષ્ટાંત તો, પોતાની માતૃભૂમિને પરદેશીની બેડીઓમાંથી મુક્ત કરવાની, એ માટે અવિરત અને અવિશ્રાન્ત રીતે યત્ન કરતા રહેવા પ્રેરણા તો ભવિષ્યના સેંકડો હિંદી યુવાનોને આપ્યાં જ કરશે.

('ગતિ' સાપ્તાહિકમાં ક્રમશઃ પ્રકટ થએલા શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક લિખિત વિસ્તૃત ચરિત્ર પરથી તારવીને. આ ચરિત્રના વિસ્તારી પૂર્વાર્ધ માટે જુઓ 'કુમાર' વર્ષ ૨૪ પૃ. ૧૭૦)

કણિકા

હું દરરોજ લીંપેલી ભોંય ઉપર ઘસઘસાટ ઊંઘી જતો. એક દિવસ જ્યારે હું ખાટલો લાવ્યો ત્યારે મને ગાદલા કે ગોદડાનો ખ્યાલ પણ ન હતો. પછી તો ધીરેધીરે ગાદલું, ગોદડું અને તકિયો પણ આવ્યાં. છતાં આજે જ્યારે એની સુંવાળપ અને હૂંફ વચ્ચે હું ઊંઘી જવા મથું છું, બરાબર ત્યારે જ મને નિંદ્રાને બદલે દુષ્ટ પલંગના વિચારો કેમ આવ્યા કરતા હશે?

'તારે નિષ્ણાત થવું છે કે નામાંકિત?' મને એકાએક વરદાન મળ્યું.

હું મૂર્ખ, નામના ઉપર જ મોહી પડયો. પ્રથમ મને કશું આવડતું ન હતું એટલું જ; હવે બધાય મને ઓળખે પણ છે.

આવી મનોહર નાગરવેલ શરમની મારી ગૂંચળું વળીને કેમ પડી હશે?

શું આમ્રભારથી લચેલી કોઈ ડાળ એણે દીઠી હશે?

·પુરુષોત્તમ સંઘવી·

શ્યામજી કૃષ્ણજી વર્મા

(અનુસંધાન પૃ૦ ૨૬૫થી)

અહીં લગી શ્યામજીને જિંદગીમાં બધે હરિયાળી જ મળી હતી. દસ વર્ષની દેશી રાજ્યની કારકિર્દી, વકીલ તરીકે કે વ્યાપારી તરીકેની કારકિર્દી—બધે સફળતા, યશ અને શ્રી મળ્યાં હતાં. પણ જૂનાગઢમાં ભાગ્યદેવી એના પર રૂઠી.

જૂનાગઢ તે કાળે ખટપટથી ખદબદતું હતું. ત્યાં જામી પડેલી નાગર નોકરશાહીએ સત્તાનો જાણે ઈજારો જ રાખ્યો હતો. લાંચરુશ્વત તથા ચશ્મપોશીનો પાર નહોતો. પણ શ્યામજીએ આવતા વેંત જ કડક હાથે કામ લેવા માંડ્યું. આથી રાજ્યના નોકરિયાતો તથા નાગર અધિકારીઓ તેના દુશ્મન બન્યા અને શ્યામજી વિરુદ્ધ કાવત્રં કરવા લાગ્યા. તેમનો સામનો કરવામાં પોતાને ઉપયોગી થઈ પડશે એમ માની તથા મિત્રપ્રેમને લીધે શ્યામજીએ મૅકૉનૉકી નામના પોતાના ઑક્સફર્ડના સહાધ્યાયી સિવિલ સર્વંટને ભારે પગારે તથા અનેક શરતો કબૂલ કરી જૂનાગઢમાં નોકરીએ રખાવ્યો. પણ તે સ્વાર્થી અંગ્રેજ સામા પક્ષના કાવતરામાં ભળ્યો અને શ્યામજીને છેહ દીધો. પરિણામે શ્યામજી વિરુદ્ધ ખટપટો અને કાવાદાવા એટલાં પ્રબળ બન્યાં અને પોલિટિકલ એજન્ટ તથા નવાબસાહેબને એવા ભંભેરવામાં આવ્યા કે ૧૮૯૬નાં સપ્ટેમ્બરમાં શ્યામજીને નોકરીમાંથી બરતરફી મળી.

પણ પેલો કૃતઘ્ન અંગ્રેજ મૅકૉનૉકી આટલેથી જ ન અટક્યો. તેણે શ્યામજી સામે અત્યંત નિંદાભર્યું અને બદનક્ષી કરતું અસત્યથી ભરેલું એક તહોમતનામું ઘડી એજન્સીના અમલદારો તથા રાજકીય ખાતાંઓમાં ફેરવ્યું. આથી જ્યારે શ્યામજી જૂનાગઢથી ફરી ઉદેપુરની પોતાની જૂની જગ્યાએ ગયા ત્યારે ત્યાંના એજન્ટ કર્નલ વાઈલીએ શ્યામજીની નિમણુક સામે વાંધો લીધો. પણ ઉદેપુરના મહારાણાને શ્યામજી માટે ખાસ લાગણી હોવાથી શ્યામજી ત્યાં સ્થિર થયા. શ્યામજીએ ત્યાંથી જૂનાગઢ સામે છેલ્લાં પગલાં લેવા માંડ્યાં. આખું વર્ષ અરજીઓ તથા પત્રવ્યવહાર કરી પોતાના ઉપરના આક્ષેપોની સફાઇ કરી, એટલું જ નહિ પણ તેના પરિણામરૂપ પેલા મૅકૉનૉકીનો વધારાનો પગાર અટકાવવામાં આવ્યો અને તેને જૂનાગઢમાંથી બ્રિટિશ નોકરીમાં બદલવામાં આવ્યો.

પણ આ દેશી રાજ્યની ખટપટના બાર વર્ષના અનુભવે શ્યામજીનું મન ખાટું કરી મૂક્યું, અને ૧૮૯૭માં શ્યામજીએ ભાનુમતિ સાથે હિંદનો કિનારો સદાને માટે છોડી દેવાનો નિર્ણય કર્યો.

હિંદ છોડીને ઇંગ્લંડ જવા પાછળ બીજું એક રાજકીય કારણ પણ હતું. શ્યામજીએ પોતાની કારકિર્દીની શરૂઆત સ્વામી દયાનંદના ચરણ પાસે કરેલી. વૈદિક ધર્મ અને ભારતના ભવ્ય ભૂતકાળ પર ભાર મૂકીને સ્વામીજીએ રાષ્ટ્રવાદને એક નવો વળ આપ્યો હતો. પણ લો૦ તિલકના રાષ્ટ્રવાદની હાકલે શ્યામજીએ રોમાંચ અનુભવ્યો. તિલકની વિદ્વત્તા અને ધર્મ, ઈતિહાસ તથા સમાજ પરત્વેની નજરે શ્યામજીને આકર્ષ્યા ને એજ અરસામાં બનેલા જૂનાગઢના કમનસીબ બનાવે બ્રિટિશ ન્યાય ને વફાદારીના તેમના ખ્યાલને આંચકો મારીને હચમચાવી નાખ્યા. રાજકોટ, મુંબાઇ, સીમલા અને વ્હાઇટ હૉલ સર્વત્ર તેણે ન્યાય મેળવવા જે પ્રયત્ન કરેલા તેમાં તેને નિરાશા જ સાંપડેલી. આવે સમયે તિલકે શ્યામજી પાસે એના ‘કેસ’ની પૂરી વિગતો માગી. તિલકની આ સહાનુભૂતિથી આકર્ષાએલા શ્યામજીને ૧૮૯૭માં સરકારના દમન સામે મર્દાનગીથી ઝૂઝનારા તિલક માટે વધુ આદર પેદા થયો. આથી સ્થિર જીવન જોકે હવે એને કોઠે પડી ગયું હતું છતાં એણે રાષ્ટ્રની તૂટતી હરોળને ટેકો આપવા બીજો માર્ગ લેવાનું નક્કી કર્યું. તે માર્ગ એટલે ઇંગ્લંડમાંથી હિંદી સ્વાતંત્ર્યની લડત ચલાવવાનો. અને એ માટે પણ એમણે હિંદ છોડવાનો નિર્ણય કર્યો. એક દેશી રજવાડાનો દીવાન આમ ઉદ્દામવાદ તરફ ઢળે, સાહ્યબીમાં આળોટતો સુખવસ્તુ જીવ એ સહુ છોડી વિદેશમાં પ્રચારાર્થે વસે એ વસ્તુ સૌથી પહેલી શ્યામજીના જ કિસ્સામાં બની. ઇંગ્લંડમાં રહીને પણ વકીલાત કરી શ્યામજી ખૂબ ધનોપાર્જન કરી શકત; પણ એમણે તો ત્યાં જઇ નવા પ્રકારની દેશની વકીલાત માથે લીધી.

દસ વર્ષ બાદ ૧૯૦૭માં પોતાના પત્ર ‘ઇંડિયન સોશ્યૉલૉજિસ્ટ’માં લખતાં શ્યામજીએ એ વસ્તુને સ્પષ્ટ કરી છે: ‘કાદવમાં પગ મૂકવો અને પછી એને ધોવો એના કરતાં કાદવમાં પગ જ ન મૂકવો એ બહેતર છે, એવું એક સંસ્કૃત સુભાષિત છે. દુશ્મન સરકારના હાથે પકડાવું અને કશું ય કાર્ય કરતાં અટકી જવું તે નરી મૂર્ખતા છે. દસ વર્ષ પહેલાં અમારા મિત્ર બાલ ગંગાધર તિલક અને નાતુબંધુઓ પકડાયા ત્યારે જ અમે હિંદ છોડવાનો નિર્ણય કર્યો. કારણ બ્રિટિશ સામ્રાજ્યની હદમાં, પરદેશી સત્તાની ધૂંસરીમાંથી પોતાના દેશને આઝાદ કરવા ઈચ્છતો કોઈ પણ હિંદી સલામત નથી એવી અમારી પાકી ખાતરી થઈ છે.’

જેમ દયાનંદ અને તિલકની વિચારસરણીને લીધે શ્યામજીનું મન હિંદની સ્વાતંત્ર્યપ્રાપ્તિના પ્રયત્ન તરફ વળ્યું હતું તેમ ઇંગ્લંડ આવ્યા પછી સ્પેન્સરના ગ્રંથવાચનને પરિણામે પણ તે સ્વાતંત્ર્યવાદનો પુરસ્કાર કરવા માંડ્યા. ‘દમન સામેનો પ્રતિકાર માત્ર ન્યાય્ય જ નહિ પણ અનિવાર્ય છે’ એ સ્પેન્સરનું વાક્ય તેમનું સૂત્ર બન્યું.

એટલે ઈ. ૧૯૦૨માં જ્યારે એ જગપ્રસિદ્ધ ચિંતક હર્બર્ટ સ્પેન્સરનું અવસાન થયું. ત્યારે સ્પેન્સરના શબની ઉત્તરક્રિયા સમયે, શ્યામજીએ એક અજબ કાર્ય કર્યું. હિંદના એક રહેવાસી તરીકે અને પોતાના તેમજ પોતાના દેશના અસંખ્ય કેળવણી પામેલા વાસીઓ વતી શોક પ્રદર્શિત કરી, પોતાના ભાવ ને આદરના અર્ઘના પ્રતીકરૂપે એક હજાર પાઉન્ડ આપીને ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં સ્પેન્સર સ્મારક વ્યાખ્યાનમાલા શરૂ કરવાની તેમણે જાહેરાત કરી. આ ઉપરથી શ્યામજીની સ્પેન્સર પ્રત્યેની શ્રદ્ધાની પ્રતીતિ થાય છે.

પણ ઑક્સફર્ડમાં જ સ્પેન્સર સ્મારકની સ્થાપનાથી શ્યામજીને સંતોષ ન થયો આથી પાછળથી તેમણે ‘હર્બર્ટ સ્પેન્સર ઈંડિયન ફેલોશિપ’ની જાહેરાત કરી. જેમાં રૂપિયા ૨૦૦૦ની એક એવી પાંચ શિષ્યવૃત્તિઓ હર્બર્ટ સ્પેન્સરના સ્મારક તરીકે હિંદી સ્નાતકોને આપવાનું ઠરાવ્યું. પણ તેમાં એક ખાસ શરત એ હતી કે આ શિષ્યવૃત્તિ ધરાવતો કોઈ પણ વિદ્યાર્થી હિંદમાં પાછો ફરીને બ્રિટિશ સત્તા હેઠળ કોઈ પણ જાતની નોકરી, દરજ્જો કે સેવા સ્વીકારી નહિ શકે. આમ કોઇ ને કોઈ નિમિત્તે શિષ્યવૃત્તિઓ જાહેર કરી બુદ્ધિમાન હિંદી વિદ્યાર્થીઓને યુરોપ આવવાની તક આપવાની તથા તેમનું માનસપરિવર્તન કરવાની તેમની રીત ૧૯૦૯ સુધી સતત ચાલુ રહી.

ઇતિહાસની વણઝાર ઇસુના વર્ષ ૧૯૦૫ પર આવી પહોંચી અને શ્યામજીના જીવનના મહત્ત્વના તબક્કાનો પ્રારંભ થયો. અડતાલીસ વર્ષની એ પાકી ઉમરે શ્યામજીએ ‘ઇંડિયન સોશ્યૉલૉજિસ્ટ’ નામે અંગ્રેજી માસિક પત્રિકા ૧૯૦૫ના જાન્યુઆરીમાં પ્રગટ કરી. ‘સ્વતંત્રતા અને રાજકીય, સામાજિક તથા ધાર્મિક સુધારણાના મુખપત્ર’ તરીકે તેને ઓળખાવીને પત્રિકાની નીતિના બે સિદ્ધાંતોની સ્પષ્ટતા કરતાં શ્યામજીએ નોંધ્યું: ‘બ્રિટન અને હિંદના રાજકીય સંબંધોથી હિંદમાંના હિંદીઓ બ્રિટિશ અમલ પ્રત્યે કેવી લાગણી ધરાવે છે એની બ્રિટનને જાણ કરે એવા નિષ્ઠાવંત હિંદી દુભાષિયાની બ્રિટનમાં ખાસ જરૂર છે...હિંદને માટે સિફારસ કરવાની અમારી ફરજ છે અને એ અમારું ગૌરવ પણ છે.’ પત્રિકાને હિંદ અને ઇંગ્લંડમાં

સારો આવકાર મળ્યો. બધા ખરીદી શકે તે માટે તેની કિંમત કેવળ એક પેન્સ રાખવામાં આવી હતી. આ પત્રિકા દ્વારા શ્યામજીએ પોતાના ઉદ્દામ વિચારોનો પ્રચાર કરવો શરૂ કર્યો. તે દ્વારા એ બ્રિટિશ સત્તા પર કડક પ્રહારો કરતા અને બ્રિટિશ લખાણોનો જ આધાર લઈ બ્રિટિશ જુલમ અને દમન પુરવાર કરતા.

'ઇંડિયન સોશ્યૉલૉજિસ્ટ' પ્રકટ કરવું શરૂ કર્યા પછી શ્યામજીએ પોતાનું બીજું મહત્ત્વનું કાર્ય હાથમાં લીધું. તેમણે લંડનમાં વસતા હિંદીઓનું સાચું ઉદ્દામવાદી સંગઠન કરવાનો નિર્ણય કર્યો. શ્યામજીની આસપાસ વીંટળાએલા ઉદ્દામ જૂથને તેમનો મત પ્રદર્શિત કરવા કે રાજકીય સભાઓ ભરવા બીજી કોઇ પણ સંસ્થાના અભાવે ઇંગ્લંડમાં કામ કરતી કૉંગ્રેસની વિનીત અને બ્રિટિશ સનંદી નોકરોથી સંચાલિત સંસ્થાઓનો ઉપયોગ કરવો પડતો. હવે એમનું પોતાનું મુખપત્ર હતું તો એમની પોતાની સંસ્થા પણ શા માટે નહિ? એ સંસ્થાનાં નામ અને વિચારસરણી બન્ને માટે એમણે આઇરિશ ચળવળનું આલંબન લીધું. 'આયર્લૅન્ડ માટે હોમરૂલ' એ વખતનું ગાજતું સૂત્ર હતું. શ્યામજીએ એના ઉપરથી 'હિંદ માટે હોમરૂલ' એ સૂત્ર પકડ્યું અને ૧૯૦૫ની ૧૮મી ફેબ્રુઆરીએ 'ઈંડિયન હોમરૂલ સોસાએટી'ની સ્થાપના કરી ખુદ ઇંગ્લંડમાં હોમરૂલનો ઝંડો ફરકાવ્યો.

આ પછી શ્યામજીનું ત્રીજું અને સૌથી મહત્ત્વનું કાર્ય 'ઈન્ડિયા હાઉસ'ની સ્થાપનાનું હતું. શ્યામજીની શિષ્યવૃત્તિ લઈ આવતા હિંદી વિદ્યાર્થીઓને રંગભેદને કારણે ઇંગ્લંડમાં રહેવા-ખાવાનો ઘણો ત્રાસ થતો. તેઓ ચામડીના રંગને કારણે આનંદપ્રમોદનાં સ્થાનોમાં ભાગ લઈ શકતા નહિ. આટલું ઓછું હોય તેમ તેમની આસપાસ જાસુસી જાળ બિછાવવામાં આવતી, જેનો ડગલે ને પગલે તેમને કડવો અનુભવ થતો. હિંદી વિદ્યાર્થીઓને પડતી આ બધી મુશ્કેલીઓ દૂર કરવા તેમણે લંડનના આરોગ્યપ્રદ વિસ્તાર ગણાતા હાઈગેટ વિભાગમાં ત્રણ માળનું એક મકાન લઈ ત્યાં 'ઇન્ડિયા હાઉસ'ની સ્થાપના કરી, જેમાં શરૂમાં પચીસેક વિદ્યાર્થીઓને રહેવા-ખાવાની સગવડ ઉપરાંત વ્યાખ્યાનગૃહ, વાચનાલય અને પુસ્તકાલય પણ હતાં. ૧૯૦૫ના જુલાઈની ૧લીએ 'ઈન્ડિયા હાઉસ' ખુલ્લું મુકાયું. આથી હિંદી વિદ્યાર્થીઓને દરેક જાતની સગવડ અને આરામ મળ્યાં એટલું જ નહિ પણ ત્યાં ખાનગી સભાઓ, મસલતો તથા હોમરૂલ સોસાએટીની બેઠકો ભરવાની પણ સુવિધા થઇ. થોડા જ દિવસોમાં તો તે શ્યામજીના નવધર્મનું મંદિર બની ગયું.

પચીસ વર્ષ લગી અખબાર અને વ્યાખ્યાનપીઠ બન્નેથી અણજાણ રહેલા, હિંદના રાજકારણથી અનભિજ્ઞ રહેલા, અને જિંદગીમાં ઘણે મોડે જાહેર જીવનમાં પ્રવેશ કરેલા શ્યામજીએ સાત માસના ટૂંકા ગાળામાં તો ચમત્કાર કરી બતાવ્યો. અને હિંદના રાજકારણના વિશાળ ક્ષેત્રમાં પોતાનો પ્રભાવ પાડ્યો. લંડનમાં જે અનેકરંગી અને ભાતીગળ સમૂહ હતો તેમાંથી જ પોતાનો શ્રોતાવર્ગ પણ ઊભો કર્યો. આ માટે એમણે પ્રચારમાં વેગ આણવા લંડનનાં મહત્ત્વનાં બ્રિટિશ મંડળો અને જાહેર કાર્યકર્તાઓની અમૂલી સહાય મેળવી.

કોઇ ને કોઇ નિમિત્ત ઊભું કરી હિંદી યુવકોને યુરોપમાં લાવી તેમની રાજકીય દૃષ્ટિ અધિક વ્યાપક અને ઉદ્દામ બનાવવાનો શ્યામજીનો હવે એક ધંધો થઇ પડ્યો. તે પ્રમાણે તેમણે સોશ્યૉલૉજિસ્ટના ડિસેમ્બર અંકમાં એક નવી યોજના રજૂ કરી, છ નવી શિષ્યવૃત્તિઓ જાહેર કરતાં લખ્યું: 'હિંદના પ્રથમ પ્રખર હિમાયતી મહાન આઇરિશ એડમન્ડ બર્ક અને પુનાના સ્વ. ગણેશ વાસુદેવ જોષી (સાર્વજનિક કાકા) જે સ્વદેશીની હિલચાલના આદ્યસ્થાપક હતા (એમનું ચરિત્ર ૨૪૧મા અંકમાં આવી ગયું) તેમની પુણ્યસ્મૃતિમાં, હજાર રૂપિયાની એક એવી છ છાત્રવૃત્તિઓ અમે સ્થાપવા ઇચ્છીએ છીએ. આનો હેતુ લેખકો, પત્રકારો ને એવા જ બીજા લાયક હિંદીઓ યુરોપ, અમેરિકા વગેરે દેશોની મુલાકાત લઇને પોતાનાં દેશવાસીઓમાં રાષ્ટ્રીય એકતા તથા આઝાદીના લાભનો જ્ઞાનપ્રસાર કરી શકે એ માટે એમને તૈયાર કરવાનો છે.' આ ઉપરાંત ઇંડિયન હોમરૂલ સોસાએટીની વર્ષાન્ત સભામાં શ્યામજીએ હિંદમાં રાજકીય ઝંડાધારીઓની એક ઉદ્દામ સંસ્થા સ્થાપવા સારૂ દસ હજારની દેણગી જાહેર કરી. એ સંસ્થાનું ધ્યેય હિંદમાં હોમરૂલ અથવા સ્વરાજ્ય સ્થાપવાનું હતું. બાબુ બિપિનચંદ્ર પાલને એ નવી સંસ્થાના પ્રથમ વ્યાખ્યાતા તરીકે નીમવામાં આવ્યા. આમ શ્યામજીએ હિંદનાં ઊગતા ઉદ્દામવાદી બળોને પણ એકઠાં કરવાનું કામ આરંભ્યું.

'ઇંડિયન સોશ્યાલૉજિસ્ટ'માં પ્રકટ થતા શ્યામજીના નિર્ભય ને જહાલ વિચારોએ ઘણાને આકર્ષ્યા હતા. દાદાભાઈ આદિ વિનીત નેતાઓના રાજકીય સિદ્ધાંતો પર પણ તેમણે આકરા પ્રહારો કરવા માંડેલા. હિંદનાં અનેક રાષ્ટ્રવાદી પત્રો શ્યામજીના લેખોનું પુનર્મુદ્રણ કરતાં અને આમ તેમના સ્પષ્ટ અને નિર્ભીક પ્રચારનો આદર કરતાં. આ ઉપરાંત છેક ન્યૂ યૉર્કથી પ્રકટ થતા 'ગૅલિક અમેરિકન' અને 'આઇરિશ રીપબ્લિકન' પત્રો પણ 'સોશ્યૉલૉજિસ્ટ'માંના શ્યામજીના લેખોને સાભાર ઉદ્ધૃત કરતા અને એ રીતે આયર્લૅન્ડ અને હિંદમાં ચાલતાં બ્રિટિશ દમનનો તથા હિંદની આઝાદીની લડતનો વાચકોને ખ્યાલ આપતા. તેના સંપાદક ફ્રીમૅનને શ્યામજી સાથે અંગત મૈત્રી પણ હતી.

શ્યામજીએ આ રીતે નીડરતાથી હિંદની આઝાદી માટે પોતાના પત્ર દ્વારા જે ખુલ્લેખુલ્લો પ્રચાર કરવા માંડ્યો તથા જે વ્યાપક રાજકીય ચળવળ કરવા માંડી તેથી બ્રિટિશ પત્રો દાઝે બળવા લાગ્યાં. વળી હિંદના રાજકીય આકાશમાં જામેલાં ઘટાટોપ વાદળાંની અસર ઇંગ્લંડને ઘરઆંગણે જ કશી ય બીક વિનાનો સતત પ્રચાર ચાલુ રાખનાર પર પણ પડ્યા વિના ન જ રહે. લાગતું જ હતું તેમ શ્યામજીને શિરે આ આફતનું વાદળ ફાટ્યું. લાલા લજપતરાયની હદપારી બાદ બરાબર એક અઠવાડિયામાં જ, બ્રિટનની દરેક સરકારની વિચારણા ને નીતિના એકધારા માપકયંત્ર જેવા 'લંડન ટાઇમ્સે' શ્યામજી પર પ્રહાર કર્યા અને તુરત જ લગભગ એકમતે આ પોકાર બીજાં અંગ્રેજ પત્રોએ ઉપાડી લીધો. આના પછીનું બીજું પગલું તે આ પોકારનો પડઘો આમની સભામાં પડ્યો તે. આમસભામાં 'બળવાખોર શ્યામજી તથા તેમના 'ઈન્ડિયન સોશ્યૉલૉજિસ્ટ' વિષે કડક પ્રશ્નોત્તરી થઈ, એટલું જ નહિ પણ પોતાને બ્રિટિશ નાગરિક નહિ ગણાવતા એ 'અનિચ્છનીય પરદેશી'ને હદપાર કરવાની માગણી થઈ!

આની સાથેસાથે જ 'સોશ્યૉલૉજિસ્ટ' જે મુદ્રાણાલયમાં છપાતું હતું ત્યાં સ્કૉટલૅન્ડ યાર્ડનો એક માણસ પહોંચી ગયો અને 'સોશ્યૉલૉજિસ્ટ'ની નકલ લઈ ગયો. પછીના સમયમાં તો આવી મુલાકાતો વારંવાર થવા લાગી. આથી શ્યામજીના મનમાં બ્રિટિશ સરકારની દાનત વિષે કોઇ પણ જાતની શંકા ન રહી. બ્રિટીશ કેદખાનું, નિંદ્ય એવી શરણાગતિ અથવા ઝડપથી ભાગી છૂટવું—આ ત્રણ જ વિકલ્પો એમની સામે દેખાતા હતા. શરણાગતિ સ્વીકારે એવા એ સ્વમાનવિહોણા ન હતા. કહેવાતી વીરતાભરી શહીદીમાં એ માનતા ન હતા. અને એટલે જ 'હિંદ સિવાયના સર્વે દેશના કચડાએલાઓને આશ્રય આપતા' કહેવાતા એ દેશને શ્યામજીએ છોડી દીધો.

અને પારિસ ચાલ્યા ગયા. આ નવી આઝાદીનો ઉપયોગ શ્યામજીએ હિંદમાંની બ્રિટિશ હકૂમત સામે વધુ જલદ પ્રહાર કરવામાં ને હિંદની પરિસ્થિતિ વિષે પોતાના ખૂબ ઝડપથી વિકસતા જતા વિચારોની તર્કશુદ્ધ અને સુઘડ રજૂઆત કરવામાં કર્યો. ઇંડિયન સોશ્યૉલૉજિસ્ટના આવા જહાલ પ્રચારથી બ્રિટિશ સરકાર એટલી તો ડરી ગઈ કે તેણે હિંદમાં તેની આયાત અને વેચાણ સામે પ્રતિબંધ મૂકયો.

પણ ૧૯૦૫થી ૧૯૦૭ સુધી ઉદ્દામવાદના અદ્વિતીય નેતા ગણાતા શ્યામજીના કેવળ મોટા શબ્દોનો લંડનમાંના હિંદી ક્રાંતિકારીઓને પાછળથી કંટાળો આવવા માંડયો. તેમને અસરકારક 'કાર્ય' જોઈતું હતું. તે તેમને શિવાજી સ્કોલરશિપ મેળવી તાજેતરમાં જ ઇંગ્લંડ આવેલા સાવરકર તરફથી મળ્યું. આથી શ્યામજી લંડન છોડીને જતાં લંડનના ક્રાંતિકારી પક્ષનું નેતૃત્વ સાવરકર પાસે આવ્યું. એ જ અરસામાં ઇંગ્લંડમાં એક જબ્બર ધડાકો થયો. ૧૯૦૭ની ૧લી જુલાઇએ 'ઇંડિયા હાઉસ' સાથે સંબંધ ધરાવતા એક હિંદી જુવાન મદનલાલ ધીંગરાએ હિંદી કચેરીના અગ્રણી કર્મચારી કર્નલ સર વીલિયમ કર્ઝન વાઇલીનું ખૂન કર્યું. સૈકા જૂના બ્રિટિશ અમલમાં ધીંગરાએ હિંદના નૂતન ઇતિહાસનાં મંડાણ કર્યાં. બ્રિટિશ સામ્રાજ્યના હૃદય સમા લંડનમાં જ એણે હિંદી ક્રાન્તિનું રણશિંગું બજાવ્યું. બ્રિટિશ જનતા એથી ખળભળી ઊઠી. એને ભારે આઘાત લાગ્યો. તરત સહુનું ધ્યાન આજસુધી સતત ક્રાંતિના વિચારો ફેલાવતા શ્યામજી પર એ ષડ્યંત્રના યોજક તરીકે કેન્દ્રિત થાય એ સ્વાભાવિક હતું.

શ્યામજીની રાજકીય કારકિર્દીમાં આ સહુથી વધુ તંગ પરિસ્થિતિ આવીને ઊભી હતી. આ ઘડીએ એમણે શિઘ્ર નિર્ણય ટાળવાની વૃત્તિ બતાવી. 'ડેઈલી મેઇલ'ના પારીસના ખબરપત્રીએ બીજી જુલાઈએ ધીંગરાના કૃત્ય બદલ એમનો મત પૂછ્યો, ત્યારે શ્યામજીએ કશા જ મનદુઃખ સિવાય આ કૃત્યને વખોડી કાઢયું, એટલું જ નહિ પણ હિંદી ક્રાંતિકારીઓ તરફથી એ અંગે કડક ટીકા થવા છતાં તેમણે લાંબો વખત મૌન સેવ્યું. આખરે દિવસો બાદ 'ટાઇમ્સ' પર એક લાંબો પત્ર લખી તેમણે એ ધીંગરાની શહાદતને અંજલિ આપી, પણ તે સાથે ધીંગરાના કાર્ય સાથે કશો પણ વ્યક્તિગત સંબંધ હોવાનું ભારપૂર્વક નકાર્યું. પોતાની વિશિષ્ટ રીત અનુસાર ધીંગરાની શહાદતનું ગૌરવ કરવા તેને નામે ચાર નવી શિષ્યવૃત્તિઓની જાહેરાત કરી.

ધીંગરા પ્રકરણની પરિસમાપ્તિ થાય તે પહેલાં જ બ્રિટિશ સરકારે લંડનમાં થતા સર્વ હિન્દી પ્રચારને દબાવી દેવાનાં કડક પગલાં લીધાં. શ્યામજી તો એ વખતે પારિસ વસતા હોવાથી સરકાર તેમને તો કશું કરી શકે તેમ નહોતી. પણ 'સોશ્યૉલૉજિસ્ટ'ના બે અંગ્રેજ મુદ્રકો–આર્થર બોર્સલે અને ગાય આલ્ફ્રેડ—ને રાજદ્રોહના ગુના બદલ જુલાઇ અને ઑગસ્ટ માસમાં ચાર માસ અને એક વર્ષની સજા ફરમાવવામાં આવી. 'ઇંડિયન સોશ્યૉલૉજિસ્ટ' માટે આટલા ટૂંકા ગાળામાં આવી રીતે બીજી વાર ન્યાયાલયમાંથી તિરસ્કાર મેળવવાનું કામ એ સાચે જ ઓછું ગૌરવ ન ગણી શકાય.

પણ ધીંગરાના મુકદ્દમા ને ફાંસીનું ગંભીરમાં ગંભીર પરિણામ તો એ આવ્યું કે 'ઇંડિયા હાઉસ'ના અંતની ઘડીઓ ગણાઇ ચૂકી. શ્યામજીએ પારીસમાં પોતાનું પત્ર પ્રગટ કરવાની ગોઠવણ તો કરી લીધી. પણ 'ઇંડિયા હાઉસ'ને માટે નવી જગા મેળવવાનો એણે કાંઈ પ્રયત્ન પણ ન કર્યો. ઉલટું લંડનમાંની પોતાની સઘળી અસ્કયામત વેચવાની પેરવી કરી પોતે રોકેલી એકએક પાઇ વસૂલ કરી લીધી. આ બનાવો એવી ઝડપે બન્યા કે પારીસમાં વસતા રાષ્ટ્રવાદી હિંદી દળોને તો ભારે આઘાત લાગ્યો. શ્યામજીના વિચાર અને આચારનું વિભિન્નત્વ, બીકણપણાની હદ લગી પહોંચતી તકેદારી, તથા પૈસાની બાબતમાં અત્યંત સાંકડું મન—આ સર્વને લીધે શ્યામજીએ સર્વ હિંદી ક્રાંતિકારીઓનો સદ્ભાવ ગુમાવ્યો.

૧૯૦૫થી લંડનમાં શરૂ થયેલી હિન્દી ક્રાંતિકારી ચળવળના મહાન નાટકની આગ ૧૯૦૯–૧૦માં કરૂણ ટોચ આવી, અને ત્યાં જ તેનો પડદો પડી ગયો. ત્યાર પછી ૧૯૧૦માં શ્યામજીએ શ્રી હેમચન્દ્રદાસ અને શ્રી ગણેશ સાવરકરના ઉમદા કાર્યને અંજલિરૂપ બે શિષ્યવૃત્તિઓ જાહેર કરી. પણ ધીંગરા ને સાવરકરનાં પ્રકરણોમાં શ્યામજીના ઉપર પ્રસિદ્ધિનાં જે તેજ ઝળકી રહ્યાં હતાં, તે હવે શમી ગયાં. અને ૧૯૧૦ની સાલથી તો તેમના પર ઘૃણા અને તીક્ષ્ણ કટાક્ષની ઝડી વરસવા લાગી. બન્ને બાજુથી નિંદા, ગાળગલોચ અને આક્ષેપોનો વરસાદ વરસતો હતો. બ્રિટિશ જાસૂસો અને બંધા બહુરૂપીઓ આસપાસ ભમતા હતા. ઉંમર વધતી હતી. અનારોગ્યનો હુમલો વધુ તીવ્ર થતો હતો; છતાં પણ શ્યામજી તેમના ખૂબ પ્રસિદ્ધ થયેલા, હિંદી પ્રશ્ન વિષેના વિચારોમાંથી જરાકે પાછા ન હઠયા. હકીકતમાં તો શ્યામજીએ હિંદી પ્રશ્નના પ્રચારને અત્યારલગી અણસ્પર્શ્યા રહેલા દેશોમાં પહોંચતો કર્યો. અને અન્ય પ્રજાઓને પણ પરદેશી ધૂંસરી સામેની લડતમાં પણ ઘણી સહાય કરી.

પારીસમાં રહેરહે 'સોશ્યૉલૉજિસ્ટ' દ્વારા શ્યામજીનો ઉગ્ર પ્રચાર તો ચાલુ જ હતો. હિંદમાં અને બ્રિટનમાં બનતી અનેક રાજકીય બાબતો પર તે પોતાના વિચારો નીડરતાથી દર્શાવતા હતા. ત્યાં ૧૯૧૪માં યુરોપના વાતાવરણમાં યુદ્ધ ગૂંજવા લાગ્યું. બ્રિટનની ફ્રાન્સ સાથેની મૈત્રીને દૃઢ કરવાના ઈરાદે રાજા પંચમ જ્યૉર્જ ૧૯૧૪ના એપ્રિલમાં પારીસ આવ્યા. આનું એક દેખીતું પરિણામ એ હતું કે જો યુરોપી યુદ્ધ જાગે તો પારીસમાં વસતા હિંદી રાષ્ટ્રવાદીઓની સ્થિતિ ભારે કફોડી થઇ જાય. શ્યામજીએ તો તણખલાં પરથી જ હવામાનની દિશા જોઈ લીધી અને વસંતઋતુમાં પારીસ છોડી દઇ એમણે જીનીવા મુકામે સ્થાન જમાવ્યું, જ્યાં તે જિંદગીના આખરી દમ લગી શાંતિપૂર્વક રહ્યા.

તેમના જીનીવા પહોંચ્યા પછી એક માસમાં વિશ્વયુદ્ધ શરૂ થયું. અને સતત ૧૦ વર્ષથી જેના દ્વારા હિંદની લડત ચલાવી રહ્યા હતા તે 'ઇંડિયન સોશ્યૉલૉજિસ્ટ'ને સ્વીસ સરકારના દબાણને વશ થઇને બંધ કરવું પડયું. 'સોશ્યૉલૉજિસ્ટ' બંધ રહે તેટલા કાળમાં હિંદી રાષ્ટ્રબળના ઉત્થાન, વિકાસ અને ભાવી વિષે એક ગ્રંથ લખવાની તેમની ઇચ્છા હતી. પણ તે પૂરી થઈ શકી નહિ.

યુદ્ધ ચાલુ હતું તે દરમ્યાન શ્યામજીને આઘાત થાય એવા કેટલાક બનાવ બન્યા. જેના પર શ્યામજીનો સંપૂર્ણ વિશ્વાસ હતો એવા તેના ઓળખીતાઓ તથા મિત્રોએ વિશ્વાસઘાત કર્યો અને હિંદની આઝાદીની લડતને છેહ દીધો. જૂના મિત્રોનો આવો વિશ્વાસઘાત અને નવા મિત્રોની દગાખોરીમાં મિત્રરાજ્યોને વિશ્વયુદ્ધમાં મળેલા વિજયની વાત ભળી અને એની અસર હેઠળ શ્યામજીનું હૈયું ભાંગી ગયું. પોતાની સર્વ આશાઓની ઇમારત તેમણે જર્મનોના વિજય પર બાંધી હતી. પણ ઇતિહાસે લીધેલા અણધાર્યા પલટાએ એ સાવ હતાશ થયા. પણ ડૂબતો માણસ તણખલે બાઝવાનું પણ છોડે નહીં તેમ સાઠ ઉપરની ઉંમર થયા છતાં, નિરાશા અને નિરુત્સાહની ઊંડી ગર્તામાં ડૂબી ગયા છતાં, ૧૯૧૮ના અંતમાં શ્યામજીને પ્રેસિડેન્ટ વુડરો વિલ્સનમાં શ્યામલ આકાશની એક ઉજમાળી રેખા જણાઇ. 'નાની પ્રજાઓની આઝાદી', 'કોઇ મુલક ખાલસા નહિ', 'રાષ્ટ્રસંઘ' વગેરે સૂત્રથી શ્યામજી મંત્રમુગ્ધ બન્યા. (અનુ૦ પૃ. ૨૮૩ ઉપર)



માધુકરી

મુક્તિના સ્વપ્નને જોઇને
રાષ્ટ્રના યજ્ઞમાં વિલીન રે થૈ ગયાં જે બલિ
આજ એ સ્વપ્નને આમ વિલીન તે થૈ જતું જોઇને
ખાંભી નીચે હશે જેમની મુઠ્ઠીભર માટી યે ગૈ હસી;
એમના રક્તની સાક્ષીએ શપથ લઇએ અમે,
એમની એ શહાદતની દુહાઈ દૈને અમે
આજ હે મુક્તિદિન! તારી સન્મુખ આ વચન ઉચ્ચારશું:
'એક દિ સપ્તસ્વરમાં અમે પ્રગટશું તાહરી ઝંકૃતિ,
વિશ્વમાંગલ્યની મ્હોરશું નૂતન કો સંસ્કૃતિ!'

નિરંજન ભગત
(રેખા)

લેફ્ટનન્ટ જનરલ કરીઅપ્પા—હિંદી દળોના વડા સેનાપતિ

હિંદી લશ્કરી દળોના સર્વોચ્ચ અધિકારના જે પદે આજ સુધી કેવળ અંગ્રેજો જ નિમાતા તે સ્થાને સૌ પહેલા હિંદી નિમાનાર લે૦ જનરલ કોદંડરા મદપ્પા કરીઅપ્પા આઝાદ હિંદને માટે ગૌરવ લેવા જેવી વ્યક્તિ છે. ૨૮ વર્ષની ઉજ્જવળ લશ્કરી કારકિર્દી બાદ આજે તેમને આઝાદ હિંદના રાષ્ટ્રીય સૈન્યના જી.ઓ.સી. ઈન સી. બનવાનું માન મળ્યું છે. ૧૯૨૦માં તેમણે લશ્કરમાં પ્રવેશ કર્યો ત્યારથી પોતાની અસામાન્ય નીડરતા, પ્રશસનીય બહાદુરી અને અનન્ય કુશળતાને કારણે એક પછી એક મહત્ત્વનાં સ્થાનો તે મેળવતા ગયા. ઘણાંખરાં મહત્ત્વનાં પદોએ આવનાર તે સૌ પહેલા જ હિંદી હતા. ૧૯૩૩-માં કવેટાની 'ધી સ્ટાફ કૉલેજ'માં દાખલ થનાર પણ તે જ પહેલા હિંદી અફસર હતા. દક્ષિણ વિભાગના ડૅપ્યુ૦ આસિ૦ ક્વાર્ટર માસ્ટર જનરલ નિમાનાર પણ તે જ પહેલા હિંદી, બ્રિગેડ મેજર બનનાર પણ તે જ પહેલા હિંદી, પાયદળ ટુકડીના વડા બનનાર પહેલા હિંદી પણ તે જ, અને હિંદી સૈન્યમાં સીનિયર સ્ટાફની સઘળી નિમણૂકો સૌ પહેલી મેળવનાર પણ તે જ. આમ, અંગ્રેજોએ હિંદીઓને ઊતરતા ગણવાની જે રૂઢ પ્રણાલિકા ઊભી કરી હતી તેને પોતાની વિશુદ્ધ યોગ્યતાથી લે૦ જનરલ કરીઅપ્પાએ તોડી નાખી.

કરીઅપ્પાનો જન્મ ખડતલ સૈનિકોની ભૂમિ તરીકે જાણીતા કુર્ગ પ્રાંતના શનિવર્ષાન્તે નામે ગામડામાં એક મહેસૂલી અમલદારને ત્યાં ૧૯મી સદીના અંત ભાગમાં થયો હતો. શરૂનું શિક્ષણ ગામઠી શાળામાં પતાવી તેઓ મર્કેરાની સેન્ટ્રલ હાઈસ્કૂલમાં જોડાયા. અભ્યાસની સાથે રમતમાં પણ તેમનું આગળપડતું સ્થાન રહેતું. સૌથી આકર્ષક તો તેમની રીતભાત અને સામી વ્યક્તિને મિત્ર બનાવી લેવાની આવડત હતી. એને પ્રતાપે એ નાની વયમાં પણ તેમણે શાળાના હેડમાસ્તર મિ૦ વ્હિટવર્થની એવી તો ગાઢ મૈત્રી સંપાદન કરી કે ફરવા જતા વ્હિટવર્થની મોટર સાયકલની પાછળની બેઠક પર ઘણીવાર કરીઅપ્પા બેઠેલા નજરે પડતા. પહેલા મહાયુદ્ધમાં પોતાના દેશને મદદ કરવા મિ૦ વ્હિટવર્થ ઇંગ્લંડ જઇ લશ્કરમાં જોડાયા. પણ તે 'ચીમા' (કરીઅપ્પાનું મિત્રોમાં જાણીતું નામ)ને ભૂલ્યા નહિ, ત્યાંથી તે તેમને લાંબા પત્રો લખી પોતાના સૈનિકી અનુભવો જણાવતા. ત્યારથી જ કરીઅપ્પામાં લશ્કરમાં જોડાવાની તીવ્ર ઈચ્છા ઉત્પન્ન થઈ અને ભવિષ્યમાં સૈન્યમાં જ નામ કાઢ-



માસમાસનાં પંખી [૩૩] બગલાં



બગલાં તો આપણે ત્યાં નદીનાળાં આદિ સ્થળે પુષ્કળ નજરે પડે છે. આખા પંખીસમાજમાં દૂધધોળા રંગની અદ્ભુત શોભા ધરાવતા આ પંખીનું સૌંદર્ય આવર્ષાઋતુમાં ઓર ખીલી ઊઠે છે, કારણ આ તેનો ગર્ભાધાનકાળ હોઇ તેની પીઠ, પૂંછડી ને છાતી પર કલગી પેઠે ૫-૭ સુંદર મુલાયમ પીછાં ઊગી નીકળે છે. પણ તેનાં આ આભૂષણો તેના વિનાશનું પણ નિમિત્ત બને છે; કારણ એ પીછાંના સૌન્દર્યથી મોહી પશ્ચિમની વિલાસી પ્રજા તેનો શિકાર કરી તે પીછાં વડે પોતાની ટોપીઓ ને ઝભ્ભા શણગારે છે.

લાંબા પગ, ટૂંકી પણ સીધી ભાલા જેવી અણીદાર ચાંચ અને લાંબી ડોક એ તેનાં સામાન્ય લક્ષણો. પણ તેની વિશેષતા છે તેની ઊડવાની પદ્ધતિ. ઇતર પંખીઓ ઊડતી વખતે પગ પેટ આગળ દબાવીને ઊડે, પણ બગલાં તો પોતાના પગ પૂંછડીની પાછળ લાંબા અને સીધા રાખે છે. વળી ઊડતી વખતે પોતાની લાંબી ડોક બે ખભા વચ્ચે એવી રીતે સંકોચીને ઊડે છે કે જાણે ગરદન હોય જ નહિ! અને માથું તથા ચાંચ સીધાં છાતીમાંથી જ ઊગ્યાં હોય! તેમનો ખોરાક કરચલાં, દેડકાં, નાની જીવાત વગેરે છે.

બગલાં આપણે ત્યાં આટલાં જાણીતાં હોવા છતાં તેમની વિવિધ જાતો વિષે બહુ ઓછાને માહિતી હશે. તેમની મુખ્ય બે જાતઃ સમૂહમાં રહેનારી, અને એકલાં ફરનારી. આમાં પહેલી જાત તદ્દન શ્વેત હોય છે અને ઊંચાઇના પ્રમાણમાં તેની ૪ પેટા જાતો થાય છે. તેમાં સૌથી નાની કાગડા જેવડી ને સૌથી મોટી ૧॥ ગજ લાંબી હોય છે. એકચર બગલાંમાં પણ ત્રણ જાતો છે, જે પૈકી ધૂળિયા રંગની કાગડા જેવડી આપણે ત્યાં જાણીતી છે. દોઢ ગજની આસમાની કાયાવાળી બીજી જાતને માથે કાળું છોગું હોય છે. ત્રીજી જાત માત્ર રાત્રે જ દેખાતી હોઇ તેનું માથું, ગરદન ને પીઠ કાળાં હોય છે.

બગલાં ૫૦થી ૫૦૦ની સંખ્યામાં એક જ સ્થળે માળા બાંધે છે. ('વનેચર'ના લેખપરથી)

વાનો તેમણે દૃઢ નિર્ધાર કરી નાખ્યો.

૧૯૧૬માં તે મૅટ્રિક થઈ મદ્રાસની પ્રેસિડેન્સી કૉલેજમાં દાખલ થયા. ત્યાં તે ઇન્ટરના ક્લાસમાં ભણતા હતા ત્યારે જે તક તે ઝંખતા હતા તે તેમને મળી ગઇ. એ વખતે પ્રથમ મહાયુદ્ધ પૂરજોશમાં ચાલતું હતું. આથી હિંદ સરકારે અફસરપદની તાલીમ આપવા માટે થોડાક ઉચ્ચ કક્ષાના હિંદીઓને લેવાનું ઠરાવ્યું. તે મુજબ કુર્ગમાંથી કૅડેટશિપ માટે માત્ર બે યુવાનો પસંદ થયા. કરીઅપ્પા તેમાંના એક હતા.

ત્યાર બાદ ઇંદોરની ડૅલી કૉલેજમાં કરીઅપ્પાની તાલીમ શરૂ થઈ. અત્યંત પરિશ્રમવાળી એ તાલીમને અંતે ૧૯૧૯ના ડિસેમ્બરમાં પરીક્ષા લેવામાં આવી ત્યારે બધાના આશ્ચર્ય વચ્ચે એકવડા બાંધાના કરીઅપ્પાએ લેફ્ટનન્ટના દરજ્જાનું કાંસાનું પદક મેળવ્યું, જે પ્રાપ્ત કરવા અનેકો રાતદિવસ પરિશ્રમ કરતા હતા.

સેકન્ડ લેફ્ટનન્ટ બન્યા કે તરત જ તેમને મેસોપોટેમિયાના યુદ્ધ-મેદાન પર મોકલવામાં આવ્યા, ને ત્યારથી કરીઅપ્પાની યુદ્ધ-વિજયોની તેજસ્વી માલિકા શરૂ થઈ. તે જ્યાંજ્યાં નિમાયા ત્યાંત્યાં હિંદનું ખમીર તેમણે ઝળકાવ્યું. ત્યાર બાદ તે ડોગરા ટુકડી સાથે વઝીરિસ્તાન ગએલા. કમિશન્ડ ઑફિસર તરીકે વિદેશી સૈન્યોના અભ્યાસ અને તાલીમ માટે જગતપ્રવાસે પણ તેમને મોકલાયા, જેને પરિણામે કરીઅપ્પાની જન્મજાત યોગ્યતામાં સંગીન વધારો થયો. તેમની યોગ્યતા, કૌશલ્ય, બહાદુરી ઈત્યાદિ વિષે અધિકારીઓને એવો વિશ્વાસ પેદા થયો કે હિંદી સૈન્યમાં કોઈ પણ મહત્ત્વની જગ્યા હિંદીને આપવાની નક્કી થાય કે તરત કરીઅપ્પાનું જ નામ આગળ આવતું. આમ, એક પછી એક અગત્યનાં પદો તે મેળવતા જ ગયા.

બીજા મહાયુદ્ધમાં મધ્યપૂર્વમાં તથા આરાકાન મોરચે તેમણે બહોળો અનુભવ મેળવ્યો અને મહત્ત્વની કામગીરી બજાવી. પરિણામે તે બ્રિગેડિયર નિમાયા. પછી તેમને અમેરિકાની લશ્કરી કૉલેજ વેસ્ટ પૉઇન્ટની તાલીમપદ્ધતિના અભ્યાસ માટે ત્યાં મોકલવામાં આવ્યા. અમેરિકન સૈન્યના સ્ટાર જનરલ જેટલી યોગ્યતા ધરાવનાર એક હિંદી બ્રિગેડિયરની આવડત તથા કુશળતા જોઈ અમેરિકન અફસરો તો મુગ્ધ થઇ ગયા.

૧૯૪૨ના એપ્રિલમાં તે હિંદી લશ્કરી ઇતિહાસમાં પ્રખ્યાત એવી છઠ્ઠી રાજપૂત રેજિમેન્ટમાં યાંત્રિક તોપ-ટુકડીના લેફ્ટનન્ટ કર્નલ નિમાયા. આ સ્થળે આવનાર તે સૌ પહેલા ભારતીય અમલદાર હતા. તે પછી પૂર્વ વિભાગના જનરલ ઑફિસર-ઇન-ચીફ તે નિમાયા. પણ આ વર્ષની શરૂઆતમાં તો તે દિલ્હી અને પૂર્વ પંજાબ વિભાગના પશ્ચિમ કમાન્ડ નામથી ઓળખાતા ભાગના જી. ઓ. સી. ઈન. સી. નિમાયા. આથી કરીઅપ્પાની સર્વ સૈનિકી કારકિર્દી પર જાણે કળશ ચડી ગયો. કોઇ પણ અંગ્રેજને યે શરમાવે એવી બાહોશીથી આજે તેઓ તે સ્થાન સંભાળી રહ્યા છે. કાશ્મીરનું પહાડી યુદ્ધ તેમની જ નિષ્ણાત દોરવણી નીચે લડાઇ રહ્યું છે.

સૈનિક તરીકે આવી અજોડ પ્રગતિ કરનાર કરીઅપ્પા સ્વભાવે તદ્દન નમ્ર છે. લશ્કરમાં તો તે 'કીપર'ના ટૂંકા અને પ્રેમાળ નામે જાણીતા છે. તેમનો એકમાત્ર શોખ ટિકિટ-સંગ્રહનો છે. તેઓ એક અસરકારક-વક્તા છે અને અંગ્રેજી ભાષા પર અદ્ભુત કાબૂ ધરાવે છે.

આજે કરીઅપ્પાની ઉંમર ૫૦ની આસપાસ હોવા છતાં યુવાનોને શરમાવે એવી સ્ફૂર્તિથી તેઓ કામ કરે છે. તેમના બાહોશ નેતૃત્વ હેઠળ હિંદના લશ્કરી ખમીરની ખ્યાતિ દેશવિદેશ પ્રસરે અને હિંદનો સૈનિક ઈતર દેશના સૈનિક જેવો જ દરજ્જો અને કુનેહ પ્રાપ્ત કરે એવી આપણે આશા રાખીએ. (સંકલિત)

કેળું : આપણું અમૃતફળ

આપણે ત્યાં રાય ને રંક, નાના ને મોટા સૌકોઈમાં એકસરખાં લોકપ્રિય ને વ્યાપક ઉપયોગનાં ફળો બે : કેરી અને કેળાં. પણ આરોગ્ય, ઉપયોગિતા તથા તત્ત્વની દૃષ્ટિએ કેરી કરતાં કેળાં ઘણી વાતે ચડી જાય છે. આમ તો કેળાં બારે માસ વત્તાઓછા પ્રમાણમાં મળે છે, પણ આ મહિનાઓમાં તો તેની ઋતુ ચાલતી હોવાથી તે મબલખ પ્રમાણમાં મળે છે. વિટામિનયુક્ત પુષ્ટિકારક ખોરાક, વૈદકીય ગુણો, સોંઘાપણું તથા ઇતર ઉપયોગિતાની દૃષ્ટિએ કેળાં જેવું ફળ બીજું વિરલ હશે. બધી રીતે કેળાં સર્વોત્તમ અમૃતફળ છે.

અનાદિ કાળથી હિંદમાં જાણીતા આ ફળની લગભગ ૪૦ જાતો થાય છે. તેમાં આપણા ભારતીય વિજ્ઞાનવેત્તાઓએ સ્વર્ણ કદલી, મુક્તા કદલી, માણિક્ય કદલી, ચમ્પક કદલી, એલા કદલી, કર્પુર કદલી, માહિષ કદલી, વન કદલી, શુક કદલી ઈત્યાદિ જાતો ગણાવી છે. તે સૌમાં કર્પુર કદલી ઉત્તમ ગણાય છે. કેળાંની બધી જાતોમાં લીલી છાલનાં પણ પાકયા પછી પીળાં થતાં કેળાં ઉત્તમ છે. કેળની કેટલીક જાત એવી છે કે જે વાવ્યા પછી છ જ માસમાં ફળે છે, જ્યારે બીજી ૧૨-૧૪ માસે ફળે છે. જે છોડ પર એકવાર ફળ બેઠાં હોય તે છોડને ફરી ફળો આવતાં નહિ હોવાથી તેને કાપીને ફેંકી દેવો પડે છે. પણ કુદરતે એવી રચના કરી છે કે એક છોડના મૂળમાંથી બીજા નાના છોડવા ઊગતા જ જાય છે, જેમને વર્ષાઋતુમાં બીજે રોપવાથી તેમનો સ્વતંત્ર છોડ બને છે. છોડ મોટો થયા પછી તેના મધ્યમાંથી એક દંડો ફૂટે છે જેના અગ્રભાગમાં લાલ રંગનાં ફૂલ થાય છે. આ ફૂલમાં ઘણા વિભાગો હોઇ તે દરેક નીચેનું ફૂલ કેળાના રૂપમાં પલટાઈ જાય છે. એક લૂમમાં લગભગ ૫૦થી ૨૦૦ કેળાં થાય છે.

કેળના છોડનાં માત્ર ફળો જ નહિ પણ પ્રત્યેક ભાગ-મૂળિયાં, થડ, પાંદડાં, ફળ, ફૂલ, ફળની છાલ-ઉપયોગી છે. આપણા પ્રાચીન સંશોધકોએ એ બાબતમાં ઘણો ઊંડો વિચાર કર્યો છે. પાકાં કેળાંનાં તો અનેક ગુણો તથા તેમાં રહેલાં તત્ત્વોને કારણે તેને સાર્થરીતે આપણું અમૃતફળ કહી શકાય. કારણ તેમાં સહેલાઈથી પચે તેવાં કાર્બોહાઈડ્રેટ્સ છે, અને તે પણ સાકરના રૂપમાં. તેમાં લોહ છે, તામ્ર છે, કૅલ્શ્યમ છે, ક્લોરીન, મૅગ્નેશિયમ, ફૉસ્ફરસ અને ગંધક પણ છે. પણ ખોરાકની દૃષ્ટિએ કેળાંની ઊંચી યોગ્યતા તો તેમના વિટામિનને લીધે છે. તેમાં અ, બ, ક, ડ વિટામિન છે. પણ તે સૌમાં 'ક' વિટામિનની દૃષ્ટિએ કેળાં બહુ જ સમૃદ્ધ કહી શકાય. રોજ માત્ર બે-ત્રણ કેળાં લેવાથી જ શરીરને આવશ્યક વિટામિન તથા ખનિજ તત્ત્વો આપણને મળી રહે છે. કેળાં જમ્યા પછી યા બપોરે ખાવાં સારાં, પણ તે બરાબર ચાવીને ખાવાં જોઈએ. કેળાં પચવામાં ભારે હોવાથી મંદાગ્નિવાળાએ ઓછાં ખાવાં. કેળાં ખાવા તો ૨-૩ ખાવાં નહિ તો તે કબજિયાત કરે છે. કેળાંમાં રહેલા લોહતત્ત્વને કારણે પાંડુરોગીઓ માટે તે ઘણાં લાભદાયક છે. મધુમેહ, ઉરક્ષત, સંગ્રહણી, મરડો, પ્રદર ઈત્યાદિ રોગોમાં પાકાં કેળાં ગુણકારી છે કેળાં Alkaline હોવાથી પિત્તવાળા રોગીઓને માટે સારાં ગણાય છે. વળી તે બળવર્ધક (ટૉનિક) હોઈ વીર્યવર્ધક પણ છે.

જે વ્યક્તિના શરીર પર માંસ ઓછું હોય તે જો રોજ ખાધા પછી ૩ કેળાં ખાવાનું રાખે તો તેનું શરીર થોડા દિવસમાં માંસલ બને છે. પેશાબ વધારે થતો હોય તેવાઓને પણ કેળાં લેવાથી ફાયદો જણાશે. સૂકી ખાંસીથી હેરાન થનાર પણ જો કેળાં લે તો ખાંસી ઓછી થઈ જઇ કષ્ટ દૂર થાય છે. પાકેલાં કેળાંને ભાઠામાં શેકી મધ સાથે મેળવી ખાવાથી ક્ષતજ ક્ષય તથા રક્તપિત્તમાં લાભ

થાય છે. ગડગુમડ યા ગાંઠ પર પાકું કેળું બાંધવાથી ઘણો ફાયદો થાય છે. દુઃખતી આંખ પર પણ તે બંધાય છે. છાતીમાંથી લોહી પડતું હોય ત્યારે મધ ને કેળાં ખવડાવવામાં આવે છે. મગજની નબળાઈ અથવા માથાનો દુખાવો હોય ત્યારે ઘી-સાકરમાં પાકાં કેળાં વઘારીને ખવડાવવાં. સ્વપ્નદોષથી પીડાતા યુવાનો જો રોજ ઘી સાથે કેળાં ખાવાનું રાખે તો ઘણો લાભ થશે. કેળાનું અજીર્ણ થયું હોય તો થોડા એલચીના દાણા ખાઇ જવાથી તે પચી જશે.

પાકાં કેળાંમાંથી મુરબ્બો, ચટણી તથા કાતરી વગેરે બનાવાય છે. વળી તેમાંથી સુગંધીદાર અત્તર પણ બને છે, જે બીજી વસ્તુઓમાં ભેળવી સુગંધ ઉત્પન્ન કરવામાં વપરાય છે. પાકાં કેળાંની માફક કાચાં કેળાં પણ ઘણાં ઉપયોગી છે. હિંદમાં ઘણે ઠેકાણે તેનું શાક કરવામાં આવે છે. પણ તેનો મહત્ત્વનો ઉપયોગ તો તેમાંથી પુષ્ટિકારક લોટ બનાવવાનો છે. કાચાં કેળાંને કાપીને સૂકવ્યા પછી ચક્કીમાં દળીને લોટ કરવામાં આવે છે. આ લોટ સુંવાળો તથા ચિકાશવાળો હોવાથી તેની રોટલી સુંદર અને સ્વાદિષ્ટ બને છે. કેળાંનો લોટ મૂલ્યવાન ખાદ્ય પદાર્થ ગણાય છે અને જો ઘઉં અગર જવના લોટમાં તે ઉમેરીને તેની ભાખરી કરવામાં આવે તો પોષણ તેમજ સ્વાદની દૃષ્ટિએ તે ભાખરીની કિંમત ઘણી વધે. એક પ્રોટીન સિવાય બાકી તમામ તત્ત્વો તે લોટમાં હોય છે. આજના અન્નસંકટના સમયમાં જો આ લોટનું મોટા પ્રમાણમાં ઉત્પાદન કરી કામમાં લેવાય તો ઘણી મુશ્કેલી દૂર થાય તેમ છે.

કેળાંનાં પાંદડાંમાં પણ અજબ ગુણો છે. તેની પથારીમાં સૂવાથી બળતરા શાંત થાય છે. તેને ચંદનના પાણીમાં ભીંજવીને ધૂપ કરવાથી પણ બળતરાની શાન્તિ થાય છે. કોઇ પણ દાઝેલા ભાગ પર કેળાંનાં પાંદડાંને છૂંદીને તેનો રસ ચોપડવાથી ફાયદો થાય છે. દાઝેલા પર રૂઝ લાવવાનો અકસીર મલમ કેળનાં પાનના રસમાંથી બનાવવામાં આવે છે. કેળનાં પાનને તવા ઉપર બાળીને તેની રાખ બનાવી ખાંસીવાળા બાળકને મધ સાથે એકબે રતીની માત્રામાં ચટાડવાથી ફાયદો થાય છે. આપણે ત્યાં પાપડ આદિનો લોટ બાંધવામાં વપરાતું કેળનું પાણી શોષ, પેસાબનો અટકાવ, કાનનાં દરદ, અતિસાર, ખરાબ લોહી ઇત્યાદિમાં ઉપયોગી છે. તે પાણીમાં જો સાકરની ભૂકી નાખી કેફી નશાબાજોને પાવામાં આવે તો દારૂની ગરમી અને નશો નાશ પામે છે. નકામી ગણીને ફેંકી દેવામાં આવતી કેળાંની છાલમાંથી પણ ઝીણા તંતુ નીકળે છે, જેમાંથી કપડું બને છે. જપાનમાં આ સૂતરમાંથી કાપડ વણાય છે. કેળાંની નસમાં તથા થડમાં અમૂલ્ય ક્ષારો રહેલા છે, જે Kainite ક્ષાર કરતાં પણ વધુ ઉપયોગી છે. ગામડાંમાં તો કેળાંની છાલ બાળીને બનાવાતો ક્ષાર વૉશિંગ સોડાની માફક કપડાં ધોવા માટે વપરાય છે. આમ, કેળનો છોડ દરેક રીતે ઉપયોગી હોવા છતાં હિંદમાં હજુ તેના પદ્ધતિસર વાવેતર પાછળ ધ્યાન અપાયું નથી એ શોચનીય છે. (પ્રતાપ, ગુજરાતીપંચ, મૉડર્ન રીવ્યૂ, જય હિંદ પરથી તારવીને) વધુ માહિતી માટે જુઓ: 'કુમાર' વર્ષ ૧૧, પૃ. ૩૯૪; વર્ષ ૧૪, પૃ. ૫૩૪; વર્ષ ૧૬, પૃ. ૫૨૭; વર્ષ ૧૭, પૃ. ૪૮૬; વર્ષ ૨૧, પૃ. ૧૪૨; વર્ષ ૨૨; પૃ. ૨૪૧.

ઘાતકી વિનાશથી લુપ્ત થતાં હિંદનાં પ્રાણીઓ ને પંખીઓ

સરજનહારે જે વિરાટ સૃષ્ટિ રચી છે તેમાં માનવી તો તેનો કેવળ અલ્પ ભાગ જ હોવા છતાં બાકીની જે પંખીસૃષ્ટિ, પ્રાણીસૃષ્ટિ આદિ વિશાળ ભાગ છે તેના પર પોતાની બુદ્ધિના બળને કારણે તેનું જ શાસન ચાલે છે. પરંતુ જે શાસનકર્તા હોય છે તેને શિરે બીજાના રક્ષણ અને શ્રેયની પણ જવાબદારી હોય છે. એ રીતે પ્રત્યેક દેશના માનવી પર તે તે દેશના પંખી તથા પ્રાણીસમાજનું રક્ષણ કરવાની મહત્ત્વની જવાબદારી રહેલી છે.

પણ દુર્ભાગ્યે હિન્દમાં આજ સુધી એ બાબતમાં ખાસ ધ્યાન અપાયું નહિ હોવાથી અનેક કારણોસર કેટલાંક પ્રાણી ને પંખી તો તદ્દન નાશ પામ્યાં છે અથવા પામવાની અણી પર છે. છેલ્લાં ૭૫ વર્ષમાં હિન્દમાં મનુષ્યવસતિ જેમજેમ વધતી ગઈ તેમતેમ જંગલો કપાતાં ગયાં. પરંતુ જંગલો કપાવાને લીધે આપણે કેટલી વિપુલ પ્રાણીસંપત્તિ ગુમાવવી પડી છે તેનો ઘણાને ખ્યાલ નહિ હોય.

સિંધુ અને ગંગા-જમનાના પ્રદેશમાં એક કાળે ગેંડા વિહરતા હતા અને પાવાગઢ પાસે હાથીનો વસવાટ હતો. સિંહની તો હિંદભરમાં એક કાળે વ્યાપક વસતિ હતી. મુંબાઈના ટાપુ ઉપર વાઘ, અન્ય પ્રાણીઓ તથા મોરની સારી એવી સંખ્યા હતી. પરંતુ જેમજેમ આ સ્થાનો પરનાં જંગલો કપાયાં અને વસવાટ વધતો ગયો તેમતેમ એ સર્વ પશુપંખીઓ ઓછાં થતાં ગયાં. આજે હાથી શોધવા હોય તો નેપાળ ને આસામ જવું પડે; સિંહ તો માંડ ગીરનાં જંગલોમાં ગણ્યાગાંઠ્યા બચ્યા છે; મુંબાઇના ટાપુ પરના વાઘ તો તદ્દન લુપ્ત થઈ ગયા છે; અને મોર જેવા રૂપસુંદર પંખીને માણસો વીણીવીણીને મારીને ખાઈ ગયા છે!

તે ઉપરાંત મનુષ્યના સ્વચ્છંદ શિકારને કારણે પણ હજારો નિર્દોષ પશુપંખી દરરોજ માર્યાં જાય છે. શિકાર એ શૌર્યનો સૂચક એક શોખ છે ખરો, પણ તેની ય મર્યાદા છે. રસ્તામાં સિંહ-વાઘ હરણ-સસલાં કે પંખી જે કંઇ હડફટે ચડે તે સૌ પર ગોળી છોડવી એ નરી ક્રૂરતા છે આ રીતે રજવાડી ઘરના માણસો તથા ડફેરો, વાઘરીઓ આદિ ભટકતી જાતોના હાથે અસંખ્ય પશુપંખીનો નાશ દર વર્ષે સતત થયે જાય છે. વળી સુંદર પીછાંના વેપારીઓની લોલુપવૃત્તિને લીધે હિંદનાં જે કેટલાંક રંગવૈવિધ્ય ધરાવનાર નિર્દોષ પખીઓનો નાશ થાય છે તે તો અકલ્પ્ય છે. તેમને કારણે ઘોરડ (બરટાડ઼), મોનલ ફીઝન્ટ, બ્લૅક પાર્ટ્રીજિસ, ઇગ્રેટસ, પૅડી બર્ડ્ઝ અને ઓરિઅલ્સ જેવાં રંગસમૃદ્ધ પંખીઓ તદ્દન લુપ્ત થવા માંડયાં છે. વળી ખાદ્ય માટે પણ કુંજ, કુલંગ, બતકો, તેતર, લાવરી, હંસ, મોર, સસલાં, હરણ, સારસ ઈત્યાદિનો અવિચારી નાશ થઈ રહ્યો છે.

હિંદમાંથી જે કેટલાંક પશુઓ તદ્દન લુપ્ત થઇ ગયાં છે તેમાં એક શિંગડાવાળો ગેંડો તથા જંગલી ચિત્તા મુખ્ય છે. આ પ્રાણીઓ માનવીની ઘાતકીવૃત્તિને પરિણામે આજે શોધ્યાં પણ નથી જડતાં. આપણા ગુજરાત-કાઠિયાવાડમાં થતા કાળિયાર નામનાં સુંદર હરણ પણ આજે અદૃશ્ય થતાં જાય છે. સ્વાદિષ્ટ માંસની લાલચથી લલચાઇને તેનો એવો તો અનિર્બંધ શિકાર થયો કે આજે તે લગભગ લુપ્ત થઈ ગયાં છે. એ જ હાલ છીંકારા તથા જંગલી ભેંસોના છે.

માત્ર જાતોની દૃષ્ટિએ જ નહિ પણ વસતિની દૃષ્ટિએ પણ હિંદની પ્રાણીસૃષ્ટિનો ઘણો લોપ થયો છે. ગોદાવરીથી માંડી બંગાળ સુધીના પ્રદેશમાં પંખીઓ અને પ્રાણીઓનો એટલો તો અનિયંત્રિત ને બેફામ સંહાર થયો છે કે પહેલાં જે હિંદ 'શિકારીઓનું અને નિસર્ગપ્રેમીઓનું સ્વર્ગ' કહેવાતું તેમાંનું હવે કશું જ રહ્યું નથી.

હજી પણ જો વેળાસર હિંદની આ પ્રાણીસંપત્તિનું સંરક્ષણ કરવાને અસરકારક પગલાં સરકાર અને પ્રજા તરફથી નહિ લેવામાં આવે તો કેટલાંક ઉત્તમ પંખીઓ તથા પ્રાણીઓને આપણે ગુમાવી બેસીશું. આપણે પરાધીન હતા ત્યારે કેટલાક અંગ્રેજોએ આ દિશામાં ઘણા પ્રશસ્ય પ્રયાસો કરેલા. તેમાં હિંદમાં વસીને પ્રાણીસૃષ્ટિનો અભ્યાસ, સંશોધન અને સંરક્ષણનું કાર્ય કરનાર કર્નલ બર્ટન મુખ્ય

છે મુંબાઈની નૅચરલ હિસ્ટરી સોસાએટી દ્વારા તેમણે પ્રાણીસૃષ્ટિના સંરક્ષણની ઝુંબેશ ઉઠાવી છે. એ માટે તેમણે જે કેટલાંક સૂચનો કર્યાં છે તે ઘણાં અગત્યનાં છે. ખેડૂતોને પાકના રક્ષણ માટે અપાતી બંદૂકો મોલ વઢાઈ જાય ત્યારે પાછી લઈ લેવામાં આવે, પ્રાણીઓના રક્ષણ માટે જમીનનું યોગ્ય વિભાગીકરણ કરવામાં આવે, શિકાર માટેના પરવાના તથા શિકાર કરવાના નિયમોનું કડક નિયંત્રણ કરવામાં આવે, પ્રાણીજીવનના રક્ષણ માટે મંડળો સ્થાપવામાં આવે, પ્રાણીઓનાં રક્ષણ માટેના કાયદાઓનો અસરકારક રીતે અમલ કરવામાં આવે અને લોકમત જાગૃત કરવામાં આવે તો જ સરજનહારની એ પ્રાણીસૃષ્ટિનો વિનાશ અટકાવી શકાય. આ ઉપરાંત કેન્દ્રીય સરકાર તરફથી પણ કેટલાંક ઝડપી અને અસરકારક પગલાં લેવાવાં જરૂરી છે. તેને માટે પૂર્વ આફ્રિકાના 'ક્રુગર નૅશનલ પાર્ક'ની માફક ઠેરઠેર સંરક્ષણસ્થાનો(Sanctuaries) સરકારે ઊભાં કરવાં જોઇએ. મલાયામાં પ્રખ્યાત નિસર્ગશાસ્ત્રી થીઓડોર હબ્બક(Hubback)ના નેતૃત્વ હેઠળ આ બાબતમાં જે સુંદર વ્યવસ્થા થઈ છે તેવી હિંદમાં પણ થવી જોઇએ. તે માટે ઠેરઠેર સંરક્ષિત જંગલો અને બાગો ઊભાં કરવા જોઈએ અને તે સારુ સરકારે ખાસ જુદું ખાતું કાઢવું જોઇએ.(બૉમ્બે નૅચરલ હિસ્ટરી સોસાએટીના મંત્રી શ્રી સાલીમઅલીએ બહાર પાડેલા વિનતિપત્ર ઉપરથી)

મલાયા

એશિયા ખંડના છેક અગ્નિ ખૂણામાં, સાઈકલના પેડલના આકાર જેવા આવેલા મલાયાના પ્રદેશમાં થોડા વખત થયાં તોફાનો તથા ઉગ્ર ત્રાસવાદ ફાટી નીકળ્યાના સમાચારો આવી રહ્યા છે. એ ત્રાસવાદીઓ અદ્યતન શસ્ત્રાસ્ત્રોથી સુસજ્જ હોઇ તેમણે કેટલોક પ્રદેશ પણ કબજે કર્યો છે અને ત્યાંના રબર અને કલાઇના વીસેક જેટલા અંગ્રેજ તથા ચીની ઉદ્યોગપતિઓનાં ખૂન પણ કર્યાં છે.

બ્રિટિશ સામ્રાજ્યમાં મલાયા ખૂબ સમૃદ્ધ પ્રદેશ ગણાય છે અને હાલના ડૉલર-ખરીદના કાળમાં તો તે બ્રિટિશો માટે અક્ષરશઃ કામધેનુનો પ્રદેશ છે; કારણ ત્યાંથી ઉત્પન્ન થતા કાચા પદાર્થો-રબર, કલાઈ ઈત્યાદિ અમેરિકા મોકલી ત્યાંથી બ્રિટન કરોડો ડૉલર ખેંચી લાવે છે. ગઈ સાલ એ રીતે બ્રિટને ૧૭૦ કરોડ ડૉલર અમેરિકા પાસેથી ખેંચેલા. વળી પ્રમાણમાં અમેરિકાનો માલ પણ મલાયામાં ઓછો આવતો હોવાથી અમેરિકા ત્યાંથી બહુ ડૉલર મેળવી શકતું નથી. આમ, અત્યારે જ્યારે બ્રિટનને ડૉલરની ઘણી જરૂર છે ત્યારે ડૉલર મેળવી આપતો મલાયા એક રીતે તેની ધોરી નસ જેવો છે. આથી ગમે તે ઉપાયે તેણે એ તોફાનોને દાબી દેવાનો નિશ્ચય કરી જંગી શસ્ત્રસામગ્રી તથા લશ્કરો ત્યાં મોકલ્યાં છે. પરંતુ હજુ એ તોફાનો બંધ થવાનાં ચિહ્નો જણાતાં નથી. કોઈ કહે છે કે એ તોફાનો પાછળ કૉમ્યુનિસ્ટોના હાથ હોઈ તેમણે જ ત્યાંના ચીના મજૂરોને હાથ પર લઇ આ તોફાન શરૂ કરાવ્યાં છે. જ્યારે બીજો મત એવો છે કે ત્યાંની દબાએલી પ્રજાએ જ બ્રિટિશ ચૂસણનીતિ સામે બળવો પોકારીને આઝાદીની માગણી કરી છે. બીજા મહાયુદ્ધ પછી એશિયાનાં અનેક રાષ્ટ્રો—હિંદ, બ્રહ્મદેશ, હિંદી-ચીન, ઈન્ડોનેશિયા આદિમાં જાગૃતિ આવી હોઈ તેમણે સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યું છે. એ જ પ્રમાણે હવે ૨૦૦ વર્ષથી પારતંત્ર્ય ભોગવતા મલાયામાં પણ એવી જાગૃતિ આવે અને તે માટે તે જંગ માંડે એ સ્વાભાવિક ગણાય.

૭૦૦ માઇલ લાંબો અને વધુમાં વધુ ૨૦૦ માઇલ પહોળો આ વિષુવવૃત્તીય પ્રદેશ ધનધાન્ય તથા ખનીજ સંપત્તિથી ભર્યોભર્યો છે. ત્યાં સૌથી મોટી પેદાશ રબર અને કલાઈની છે. એ બંને ઉદ્યોગો મોટે ભાગે ઇસ્ટ ઈંડિયા કંપનીના જેવી બ્રિટિશ પેઢીઓના હાથમાં



એશિયાના અગ્નિ ખૂણામાં આવેલા મલાયાના ઉપરના નકશામાં ત્યાંના મુખ્યમુખ્ય શહેરો, રાજકીય વિભાગો તથા પર્વતો ઉપરાંત તેના જમણી બાજુના નાના આલેખમાં બીજા દેશોના મુકાબલે તેનું સ્થાન કેવું મોકાને સ્થાને આવેલું છે તે બતાવ્યું છે.

હોઈ તેમાંથી તે અઢળક ધન પેદા કરે છે. એ રબરની વાડીઓમાં કામ કરવા માટે હિંદમાંથી—ખાસ કરીને તામીલનાડમાંથી—હજારો હિંદી મજૂરોને ત્યાં લઇ જવામાં આવેલા; અને હિંદીઓએ પણ પોતાના જન્મજાત કૌશલ્યને કારણે રબરની એ વાડીઓ ઉછેરવાનું કાર્ય એવું તો હસ્તગત કરી લીધું છે કે રબરના ઉદ્યોગમાં એમની જ મજૂરી મોટો ભાગ ભજવે છે. રબરને અનુકૂળ એવી ભેજવાળી ગરમ આબોહવા ત્યાં હોવાથી રબરની મબલખ વાડીઓ ત્યાં ઠેરઠેર આવી છે. એકએક વાડી એટલે જાણે એક નાનકડું ગામ. જગતનું લગભગ અરધું રબર આ દેશ પેદા કરે છે. મધ્યમાં આવેલા પર્વતની તળેટીમાંની કલાઈની ખાણોમાં ચીની મજૂરો કામ કરે છે. મલાયા જેટલી કલાઈ બીજા કોઈ દેશમાંથી નીકળતી નથી. રબરની માફક ત્યાં અનનસ અને કોકોની પણ વાડીઓ છે. મધ્યમાં આવેલા પર્વતો ઉપર સાગ, સીસમ અને વાંસનાં ઘોર જંગલો છે. તેમાં હાથીનાં ટોળાં રખડે છે અને વાઘદીપડાનો તો પાર નથી, ત્યાં નેતરના વેલા પણ ખૂબ થાય છે, જે ૬૦૦ ફૂટ લાંબાં હોય છે. એ વેલાઓમાં અજગરો પણ હોય છે. આ સિવાય મલાય ખેડૂત ડાંગર પકવે છે, નાળિયેર, કેળ તથા શેરડી પેદા કરે છે ને તજ, મરી, જાયફળ ને જાવંત્રીની પણ વાડીઓ ખીલવે છે. મલાયાની લગભગ અરધા કરોડની વસતિમાં ૨૧ લાખ ત્યાંના મલાય લોકો છે, ૨૩ લાખ ચીનાઓ છે ને ૭ા લાખ હિંદીઓ છે. મલાય લોકો બધા ધર્મે મુસલમાન છે. તેમનો મુખ્ય ખોરાક માછલી ને ચોખા છે. મલાયાને છેડે આવેલું સિંગાપોર તો આંતરરાષ્ટ્રીય મહત્તાનું નાકું હોઇ તેના મારફત મલાયાની મોટી પેદાશ પરદેશ ચડે છે.

રાજકીય રીતે મલાયાના ત્રણ ભાગ પડે છે (૧) સીંગાપુર,

પેનાંગ, મલાક્કા આદિનો સીધો બ્રિટિશ અમલ હેઠળનો પ્રદેશ; (૨) નેગ્રી, સેમ્બીસન, પાહાંગ, પેરાક ને સેલાન્ગોરનો ફેડરેટેડ મલાયા સ્ટેટનો પ્રદેશ; ૨૭૫૦૦ ચો૦ માઈલનો આ પ્રદેશ પણ બ્રિટિશ સંરક્ષણ હેઠળ છે અને તેનો વહીવટ બ્રિટિશ કમિશ્નર ચલાવે છે; (૩) જોહોર, કેડાહ, કેલન્તન, પેર્લિસ અને ટ્રેન્ગનુ એ પાંચ દેશી રાજ્યોનો પ્રદેશ. આ પાંચે દેશી રાજ્યો બ્રિટિશોના તાબા હેઠળ છે.

મલાયા સાથે હિંદનો વેપાર છેક પ્રાચીન કાળથી ચાલતો હતો. ખાસ કરીને ત્યાંથી તેજાના આદિ મસાલાઓ હિંદ લાવવામાં આવતા. આજે પણ મલાયામાં મળી આવતાં ઘણાં હિંદુ અને બૌદ્ધ મંદિરો પરથી એમ લાગે છે કે તે કાળે હિંદુઓનું ત્યાં સારું એવું પ્રાબલ્ય હતું. નવમી સદીમાં સોઇ વિજય નામનું વિશાળ બૌદ્ધ સામ્રાજ્ય ત્યાં હોવાનો ઉલ્લેખ મળે છે. પણ પછી વેપારને નિમિત્તે ત્યાં મુસલમાનોએ પગપેસારો કરી ૧૬મી સદીમાં હિંદુ સત્તાનો નાશ કર્યો. એટલું જ નહિ પણ ત્યાંના મૂળ રહેવાસીઓ જે હિંદુ અને બૌદ્ધ ધર્મે રંગાયા હતા તેમને બળજબરીથી મુસલમાન બનાવી દીધા. ગરમ મસાલાનો જે વ્યાપાર હિંદુઓના હાથમાં હતો તે પણ તેમણે પચાવી પાડ્યો. ત્યાર બાદ આવ્યા પોર્ચુંગીઝો. તેમણે ૧૫૧૧માં મલાયાના મલાક્કા શહેર પર હુમલો કરી તે જીતી લઇ ત્યાં પોતાનો પગદંડો જમાવ્યો અને મુસલમાનોના હાથમાંનો વેપાર તેમણે પડાવી લીધો. પછી તો મલાયાની સમૃદ્ધિથી આકર્ષાઇને ડચો, ફ્રેન્ચો અને અંગ્રેજો પણ ત્યાં દોડયા. ડચોએ ત્યાંના રહેવાસીઓની મદદથી પોર્ચુંગીઝોને મલાક્કામાંથી હાંકી કાઢયા, પણ ડચોને ય ૧૭૯૫માં અંગ્રેજોએ હરાવ્યા અને ત્યાં પોતાના સામ્રાજ્યનો પાયો નાખ્યો. જોકે ત્યાં સૌ પહેલું બ્રિટિશ કારખાનું તો છેક ૧૬૧૩માં ચાલુ થઇ ગયું હતું. ધીમેધીમે બ્રિટિશોએ પોતાની રાહુ છાયા તે પ્રદેશ પર પ્રસારવા માંડી. ૧૭૮૬માં પેનાંગ અને ૧૮૧૯માં સીંગાપુર તેમણે ખરીદી લીધું. ૧૮૬૭ સુધી મલાયાનો કારભાર હિંદમાંથી ચાલતો. પણ ત્યાર બાદ વસાહત ઑફિસ તરફથી તેની જુદી વ્યવસ્થા કરવામાં આવી. ધીમે ધીમે મલાયાનાં દેશી રાજ્યો તથા સુલતાનોએ પણ બલશાળી બ્રિટિશ સામ્રાજ્યવાદ સાથે સંધિ કરી તેમનું સાર્વભૌમત્વ સ્વીકારી લીધું. આમ ૨૦મી સદીની શરૂમાં આખા મલાયા ઉપર બ્રિટિશ ઝંડો રોપાઈ ગયો.

જ્યારથી બ્રિટિશોએ મલાયાની ભૂમિ પર પગ દીધો ત્યારથી તેમણે એ કાચા સોનાના સમૃદ્ધ દેશને લૂટવા સિવાય કશું જ કર્યું નથી. ત્યાંનો કાચો માલ—રબર, કલાઈ, લાકડું ઈત્યાદિ—વહાણો ભરીભરીને પરદેશ મોકલીને અનર્ગળ ધન પોતાને દેશ તેઓ ખેંચી ગયા છે. બીજા મહાયુદ્ધ વખતે જાપાનના સામર્થ્ય આગળ હારી જઈ જ્યારે બ્રિટિશો ચાલી ગયા ત્યારે મલાયામાં નવી જાગૃતિ આવી. જાપાન જ્યારે હાર્યું ત્યારે જતાંજતાં તેણે ત્યાંના લોકોમાં હથિયાર વહેંચી આપ્યાં જેના વડે તેઓ બ્રિટિશોનો સામનો કરી પોતાનું સ્વાતંત્ર્ય મેળવી શકે. ફરી પાછા બ્રિટિશો આવ્યા ત્યારે તેમણે પ્રજાના અસંતોષને ઠંડો પાડવા આ વર્ષની ફેબ્રુઆરીની પહેલીએ મલાયાનું ફેડરેશન રચવાની યોજના જાહેર કરીને પ્રજાને સ્વરાજ્ય આપ્યાનો કેવળ દેખાવ કર્યો. પણ મલાયાના રાષ્ટ્રવાદી પક્ષે તે યોજના ફગાવી દીધી. ત્યાર બાદ બ્રિટિશોની સ્વભાવગત દમનશાહી શરૂ થઇ. પરિણામે પ્રજાએ સશસ્ત્ર પ્રતિકારનો આખરી માર્ગ લીધો હોય એમ લાગે છે. જોકે બ્રિટિશો અને તેમના ટેકેદારો તો તે લડત કૉમ્યુનિસ્ટોનું જ કારસ્થાન હોવાનું જણાવી પોતાના સમસ્ત બળથી તેને કચડી નાખવા કટિબદ્ધ બન્યા છે.

પરદેશના પત્રમિત્રો — Our Friends Abroad

જાપાનના પત્રમિત્રો

હિંદી પત્રમિત્રો સાથે પત્રમૈત્રી ઈચ્છતા જાપાનના પત્રમિત્રોનાં સરનામાં નીચે આપ્યાં છે. તે દરેકની નીચે 'JAPAN' ઉમેરી લેવું.

(1) Yoshiko Akagawa, 168, Miyoshi Kiru-shi, Gunma—15, girl; (2) Hideo Okodo, 16 Nishigawa Ushikawa-machi, Toyohashi-shi Aiichi—20, boy; (3) Kunio Yamaguchi, 220 of 5-chome Kaijin-machi, Funabashi-shi Chibaken—18, boy; (4) Kingo miya, 494 Hatsudai Yoyogi, Shibuya-ku, Tokyo—20, boy; (5) Shoji Hagino, C/o Shinsenryo Bettsutosho Kitashirakawa Skyoku Kyoto-city—20, boy; (6) Yoshio Fujihara, 40 of 44 Hiyoshi Hidaka-machi, Shirosaki-gun, Hyogo—20, boy; (7) Shigeyuki Ishii, 1088 Ohaza Ohasa Jzentsuji-machi, Nakatadotsu-gun, Kagawa-gun—20, boy; (8) Shigeo Suzuki, 176 Shida Kawagi-mura Ogasawara,-gun Shizuoka—16, boy; (9) Tohru Watanabe, C/o 16 Sakuragaoka Shibuya-ku Tokyo—17, boy; (10) Mitsuyasu, Saito, 323 Ohaza Nishijima,Gukayapmachi Ohzato-gun Satitama-ken—17, boy; (11) Yauji Kaneko, 74 1-chome, Hodogaya-machi, Hodogaya-ku, Yokohama-shi—16, boy; (12) Michie Maeno, 431 1-chome, Shijukudori Kiru-shi Gunma—15, girl; (13) Tsohio Hoshika, Nagatsuki-machi, Matsuzaka-shi, Mie-ken—20, boy; (14) Yoshinori Uematsu, C/o Ohshima Fumi, 23, of 2-chome Kanda, Chiyoda-ku, Tokyo—20, boy; (15) Susumu Nagahashi, 191 of 1-Amanuma Suginami-ku, Tokyo—20, boy; (16) Harumi Kaneko, 2661 Isumi Komae-mura, Kitatama-gun, Tokyo—15, boy; (17) Toshiji Yamaguchi,Heiwadori Sanjo Asahikawa,Hokkaido—20, boy; (18) Taizo Horiuchi, C/o Tenruso Oro Oro National Sanatorium, Akaza-mura, Hamana-gun, Soizuoka—20, boy, (19) Giro Tanaka, 522 Kitanakano-machi 3-chome Teranouchinoboru 3-chome Ohmiyadori, Kamikyoku, kyoto—20,boy;(20) Miyoko Ohno, 52 of 2 Kamiyamachi Himegishi Hyogo-ken—20, girl; (21) Yoshimi Samata, C/o Dormitory of Ohkura, College of Economy, Kokubunji-machi, Kitatama-gun, Tokyo—20, boy; (22) Tadashi Kogiso, 546 Kushibiki-machi, Ohmiya-shi, Saitama-ken—16, boy. (ઉલ્લેખ: કૃષ્ણવદન જેટલી, અમદાવાદ)

રશિયન પત્રમિત્રો

(1) Ladmilla Vasich, Ukraine, Pottava Ulitza Sholom, Aleikham 53, U.S.S.R. રશિયાના વધુ પત્રમિત્રો ઇચ્છનારાઓએ નીચેની સંસ્થાને લખી જણાવવાથી તે સંસ્થા તેમને સરનામાં મોકલી આપશે. The British-Soviet Society, Friendship Office, 15 Devonshire Street, London, W.1., ENGLAND. (માહિતી મોકલનાર: ગિરધારીલાલ શ્રૉફ, અમદાવાદ)

તાજી તવારીખ : ઑગસ્ટ

તા. ૨ ડૉ. ખાનસાહેબને ૩ માસ નજરકેદ.

તા. ૩ પાકિસ્તાને જોધપુર રેલવે બળજબરીથી કબજે કરી • કાશ્મીર યુદ્ધમાં પોતે ભાગ લેતું હોવાની પાકિસ્તાનની કબૂલાત.

તા. ૧૦ સિંધુ નદીનાં પૂરથી સક્કર વિસ્તારનાં ૧૨૦ ગામડાં પર પાણી ફરી વળ્યાં.

તા.૧૨ ઑલિમ્પિકમાં હિંદે હૉકીમાં ઈંગ્લંડને ૪ ગોલે હરાવી ૪થી વાર સર્વોપરિતા સ્થાપી.

તા. ૧૩ ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી મદ્રાસપ્રાંતના ગવર્નર નિમાયા.

તા. ૧૪ યૂનોના કાશ્મીર કમિશને હિંદ-પાકિસ્તાનને યુદ્ધવિરામની યોજના આપી.

તા. ૧૫ આઝાદીની પ્રથમ સંવત્સરીની સર્વત્ર શાનદાર ઉજવણી. • બ્રાઝીલની રાજધાની રિયોડીજાનેરોમાં એક રસ્તાને મહાત્મા ગાંધીનું નામ અપાયું.

તા.૧૬ રંગૂનની ઉત્તરે સામ્યવાદી બળવાખોરો તથા સરકારી સૈનિકો વચ્ચે ભીષણ યુદ્ધ.

તા. ૧૮ ઑસ્ટ્રેલિયા સામે ચોથી ટેસ્ટમૅચમા ઈંગ્લંડની ૧ ઇનિંગ અને ૧૪૯ રને હાર.

તા. ૧૯ હિંદ સાથેનો ઝગડો યૂનો સમક્ષ લઈ જવાની નિઝામની જાહેરાત.

તા. ૨૧ હૈદરાબાદમાં રઝાકારો તરફથી એક પખવાડિયામાં ૧૯૪ ખૂન ને ૩૫૦ આગો.

તા. ૨૨ હૈદરાબાદનાં ૨૫૦ ગામોએ આઝાદ થઈ હિંદી સંઘ સાથે જોડાવાનો નિર્ધાર કર્યો. • લડાક ખીણના લામાનું પાકિસ્તાન સૈનિકોએ ખૂન કર્યું. પાંચસો બૌદ્ધોની કત્લ.

તા. ૨૩ એક સદીના બ્રિટિશ ઇજારા બાદ હિંદની પોતાની માલિકીના પહેલા હિંદી જહાજ ‘ધ ઇન્ડિયન ટ્રેડરે’ હિંદ બ્રિટન વચ્ચે સ્વતંત્ર જહાજી વ્યવહાર શરૂ કર્યો.

તા. ૨૬ લોo ટિળકના એક વખતના સહકાર્યકર, જાણીતા પત્રકાર અને નાટ્યલેખક તથા ‘કેસરી’ અને નવાકાળ’ના માજી સંપાદક શ્રી કૃષ્ણાજી ખાડિલકરનું અવસાન.

તા. ૨૯ પ્રજાને સંપૂર્ણ જવાબદાર તંત્ર આપવાની વડોદરાનરેશની જાહેરાત.

તા. ૩૦ ગંગાનાં જબ્બર પૂરથી કાનપુર-ઉનાઉ જિલ્લાનાં ૩૦૦ ગામો ડૂબી ગયાં.

આ માસ (સપ્ટેમ્બર) ઈતિહાસમાં

તા. ૧ દક્ષિણ આફ્રિકામાં ટ્રાન્સવાલ પર અંગ્રેજોએ કાબૂ જમાવ્યો, ૧૯૦૦.

તા. ૫ રૂસો-જાપાન યુદ્ધમાં જાપાને રશિયાને નમાવી સંધિ કરવા ફરજ પાડી, ૧૯૦૫.

તા. ૯ હિંદી સાહિત્યમાં નવયુગ પ્રકટાવનાર ભારતેન્દુ હરિશ્ચન્દ્રનો જન્મ, ૧૮૫૦.

તા. ૧૫ આજના યુદ્ધમાં મહત્ત્વનું સ્થાન ધરાવતી ટૅંકનો સૌ પહેલો ઉપયોગ થયો, ૧૯૧૬.

તા. ૧૮ કોમી દાવાનળની શાંતિ માટે ગાંધીજીના ૨૧ દિવસના પહેલા ઉપવાસ, ૧૯૨૪.

તા. ૨૨ પહેલા મહાયુદ્ધમાં જર્મન નૌકા એમડને છેક મદ્રાસ આવી તોપમારો કર્યો, ૧૯૧૪.

તા. ૨૩ માનસશાસ્ત્રના વિકાસમાં મોટો ફાળો આપનાર સિગમુંડ ફ્રૉઈડનું મૃત્યુ, ૧૯૩૯.

તા. ૨૭ બ્રાહ્મો સમાજના સ્થાપક પ્રખર સુધારક રાજા રામમોહનરાયનો જન્મ, ૧૮૩૩

તા. ૨૮ દિલ્હીના છેલ્લા મુઘલ સમ્રાટ બહાદુરશાહનું રાજ્યારોહણ થયું, ૧૮૩૭.

તા. ૩૦ સંતસમ ચારિત્ર્યવાળા ગાઢ વિદ્વાન ને દેશસેવક જસ્ટીસ તેલંગનો જન્મ, ૧૮૫૦.

આ માસની વ્યક્તિ-વિશેષ : **મહર્ષિ નિકોલસ રેરિક**



કળાદ્વારા માનવ જીવનની સફળતાનો સંદેશ પ્રકટાવનાર પયગંબરી આત્મા, અધ્યાત્મવાદને સહજ રીતે ચિત્રોમાં રજૂ કરનાર જગત્શ્રેષ્ઠ ચિત્રકાર અને સૌંદર્યવિધાતા તથા હિંદી સંસ્કૃતિના અનન્ય પ્રેમી આ રશિયન કળાકાર-તત્ત્વચિંતકનો જન્મ ૧૮૭૪ની ૨૭મી સપ્ટેમ્બરે લેનિનગ્રાડમાં એક પ્રસિદ્ધ ઍટર્નીને ત્યાં થયો હતો. બાળપણ પોતાની જાગીર પર રખડપાટમાં વિતાવવાથી એ વયમાં જ સૌંદર્યપિપાસા તેમનામાં અંકુરિત થઈ ઊઠેલી. પણ પિતાની ઈચ્છા તેમને ધારાશાસ્ત્રી બનાવવાની હોવાથી તેમને તે અભ્યાસક્રમ સ્વીકારવો પડયો. પરંતુ તે સાથે કળાશાળામાં પણ અભ્યાસ ચાલુ રાખી બંનેમાં પ્રાવીણ્ય મેળવ્યું. ૧૮૯૬માં પ્રકટ થએલા તેમના પહેલા ચિત્ર ‘સંદેશવાહકે’ તેમને કલ્પનાતીત ખ્યાતિ અપાવી. પછી તો તેમની કલાપ્રવૃત્તિ વધતી જ ચાલી. ૧૯૦૦માં તે રશિયાની મુખ્ય કળાશાળાના નિયામક નિમાયા. તેમનાં ચિત્રો યુરોપમાં રજૂ થતાં એક નૂતન કલાપ્રવર્તક તરીકે તેમનો સ્વીકાર થયો. ૧૯૧૦માં યુરોપની ‘વર્લ્ડ ઑવ્ આર્ટ’ સંસ્થાના ને ૧૯૧૭માં મૅક્સીમ ગૉર્કીએ બોલાવેલી કળાપરિષદના તે પ્રમુખ નિમાયા.

૧૯૨૦માં તે અમેરિકા ગયા, જ્યાં ભરાએલા તેમનાં ચિત્રોના પ્રદર્શને અમેરિકાને ઘેલું બનાવ્યું. એ ઉત્સાહમય આવકારમાં મહર્ષિએ પોતાની કલા વિષેનાં જીવનસ્વપ્નોની સિદ્ધિનું ક્ષેત્ર જોતાં ત્યાં રહીને તેમણે કરેલા સતત પ્રયત્નોને પરિણામે પ્રખ્યાત ‘માસ્ટર ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ યુનાઇટેડ આર્ટ્સ,’ આંતરરાષ્ટ્રીય કલાસંસ્થાન સમું ‘કોરોના મંડી,’ કલાકારો માટે ‘કોર આર્ડેન્સ,’ ‘એટલાસ’ નામની પ્રકાશન સંસ્થા અને છેલ્લે રેરિક મ્યૂઝિયમ ત્યાં સ્થપાયાં. ‘રેરિક મ્યૂઝિયમ’ તો આજે સંસ્કારિતાનું ગહાધામ ગણાય છે.

૧૯૨૪માં તેમણે એશિયાની સંસ્કૃતિની શોધખોળ માટે એક સંઘ હિમાલય ઉપાડયો. ૧૦,૦૦૦ માઈલના એ વિકટ પ્રવાસમાં હિમાલય, કાશ્મીર, મૉંગોલિયા, તિબેટ આદિ ઠેકાણે ફરી અપૂર્વ સંસ્કારસામગ્રી તથા ૩૫૦ ઉત્કૃષ્ટ ચિત્રો જગતને આપ્યાં. હિમાલય પ્રત્યે તેમને એવું જબરૂં આકર્ષણ પેદા થયું કે ૧૯૨૯માં હિમાલય પર કુલુની ખીણમાં પોતાનું સ્થાયી નિવાસસ્થાન સ્થાપ્યું. અને હિમાલયની સૌંદર્યસમૃદ્ધિ પોતાનાં ચિત્રોમાં છલકાવી દીધી. વળી ત્યાં અનેક ક્ષેત્રોમાં સંશોધન કરવા ‘હિમાલયન રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ’ સ્થાપી.

તેમનું મહત્ત્વનું કાર્ય તો કળા આદિ સંસ્કૃતિપરાયણ સંસ્થાના સંરક્ષણ માટે રેડ ક્રૉસની માફક ‘બૅનર ઑવ્ પીસ’ની સ્થાપનાનું હતું. શાંતિ કરાર તરીકે આ ધ્વજ દુનિયાભરમાં સ્વીકારાયો છે. ગયે વર્ષે જ ડિસેમ્બરની ૧૩મીએ તેમનું અવસાન થયું.

‘પિલ્ગ્રિમ ફાધર્સ’નું અમેરિકા—પ્રયાણ : (આ માસનો પ્રસંગ-વિશેષ) ઈ. ૧૬૦૩માં ઇંગ્લંડની ગાદીએ આવેલો જેઇમ્સ સ્ટુઅર્ટ પહેલો રાજાઓના ઇશ્વરી હકકમાં માનતો હોવાથી પોતાની અમર્યાદ સત્તાને અડચણરૂપ થઇ પડે તેવા પ્યૂરિટન પંથના લોકો પર તેણે અત્યાચાર ગુજારવા માંડયા. સ્વધર્મને પ્રાણથી પણ વહાલું ગણનારા પ્યૂરિટનોએ થોડો વખત તો આ જુલમ સામે ટક્કર ઝીલી. પણ આખરે પોતાનો ધર્મ છોડવા કરતાં પોતાના પ્યારા દેશને છોડી દેવાનો તેમણે દુઃખદ નિર્ણય કર્યો; અને ઈ. ૧૬૨૦ના સપ્ટેમ્બરની ૬ઠ્ઠીએ પ્લીમથ બંદરેથી ૧૦૦ પ્યૂરિટન અંગ્રેજ સ્ત્રી પુરુષો આંસુભરી આંખે પોતાના દેશને આખરી સલામ કરી ‘મે ફ્લાવર’ નામના વહાણમાં બેસી નવા શોધાએલા અમેરિકા ખંડ તરફ ચાલી નીકળ્યા. ત્યાં પહોંચ્યા પછી પહાડસમ અનેક મુશ્કેલીઓનો સામનો કરી સ્થિર થયા. ઇતિહાસમાં ‘Pilgrim Fathers’ તરીકે ઓળખતા આ દૃઢ નિશ્ચયી લોકોએ જ આમ આજના સૌથી બલિષ્ઠ દેશ અમેરિકાનો પાયો નાખ્યો.

વર્ષા સમ વારિ નહિ પ્રેમ સમો નહિ ત્યાગ,
વેણુ સમી ચિનગારી નહિ, વિરહ સમી નહિ આગ.

—સ્નેહરશ્મિ

મહર્ષિ અણ્ણાસાહેબ પટવર્ધનને ત્યાં પરોણા બનેલા એક ગૃહસ્થે પોતે ટિકિટ વિના મુસાફરી કરી આવ્યાની બડાશ હાંકતાં તે વેળા તો અણ્ણાસાહેબ કંઈ બોલ્યા નહિ; પણ બેએક કલાકે એક માણસને સ્ટેશને મોકલી પરોણાના ગામ સુધીની ટિકિટ મંગાવીને તે મહેમાના દેખતાં ફાડી નાખી કહ્યું: 'પરમેશ્વરને ત્યાં આવું મંજૂર હોતું નથી. માટે તે ન કરવું જોઇએ'.

કહેવતોના અર્થ: 'જેને પાણીએ ઘર બળે નહિ'—પાણી ગમે તેવું ખદખદતું હોય, છતાં તેની અંદરના પાણીના તત્ત્વને લીધે તેનાથી કંઈ આગ લાગી શક્તી નથી; તેવી જ રીતે સગાંવહાલાંમાં ગમે તેટલા ઝગડા થાય પણ તેનાથી ઘર ભાંગતું નથી કે કોઈનું અનિષ્ટ થતું નથી—અંતે તો એકસંપ થવું જ પડે છે. એ ભાવ દર્શાવતી એને મળતી બીજી કહેવતો: 'સાસુવહુના કજીઆ ને ખીચડીના ઊભરા;' 'ડાંગે માર્યાં પાણી જુદાં થાય નહિ,' વગેરે.

અનેકાર્થી શબ્દ: દાંતી = માથાની લીખ વગેરે કાઢવા કાંસકીના દાંતાનું અંતર ઓછું કરવા તુવેરની દાળ ડાંગર વગેરે ઘાલી સજ્જડ કરેલી કાંસકી; બાળકને નવાં દાંત ફૂટતાં હોય ત્યારે તેને પહેરાવવાનું ઘરેણું; ધારિયું; ખેડૂતનું એક વાવણીનું ઓજાર; ચાઓળ;તડ કેફાટ;ઘસરકાથી કે દાંતથી દોરા પર મૂકાએલો કાપ; એક જાતની વનસ્પતિ.

ગણિતગમ્મત: ગમે તે આંકનો ઘડિયો લઇને તેની છેલ્લી હારના પહેલા ચાર આંકડાનો સરવાળો કરીએ તો તેના એકમમાં (છેલ્લો આંકડો)હંમેશ મીંડું જ આવશે દા.ત.

૧૨	૧	૧૨		૨૬	૧	૨૬
૧૨	૨	૨૪		૨૬	૨	૫૨
૧૨	૩	૩૬		૨૬	૩	૭૮
૧૨	૪	૪૮		૨૬	૪	૧૦૪
		૧૨૦				૨૬૦

—હર્ષદરાય પ્રે. હીરાકણી

ગરમ સ્વેટર કે બીજાં ઊનનાં કપડાં બદન પર પહેરવાથી આવતી ખરજ દૂર કરવાનો રસ્તો એ છે કે ઊનનાં કપડાં ધોઈ રહ્યા પછી છેલ્લા નિખારવાના પાણીમાં થોડાક ચમચા ગ્લીસરીન નાખવું. તેમાં નિખારેલાં કપડાં મુલાયમ બનશે અને ખરજ નહિ આવે.

પાણીમાં ઓગાળેલા ટંકણખારના દ્રાવણમાં બગડી ગયેલા દુધના ફોદા ઓગાળવાથી સારોગુંદર(CasinGlue)બનશે. (મ.પ જ)

ચોમાસામાં ફૂલી જઈને ચોંટી જતાં બારીબારણાંને એવી જગ્યાએ મીણબત્તી ઘસતાં, જરા ફેર માલૂમ પડશે.


એક કાંડા-ઘડિયાળ બનાવવામાં ૧૫૦ થી ૮૦૦ ભાગ વપરાય છે.

સહારાના રણનો વિસ્તાર ૨૦ લાખ ચોરસ માઈલ-આપણા હિંદ કરતાં યે વધારે છે.

ડુંગરાળ પ્રદેશ પર વસતા લોકોનાં નાક સાંકડાં હોય છે જ્યારે સપાટ પ્રદેશ પરના લોકોનાં પહોળાં હોય છે

દેશદેશની ધારાસભાઓનાં નામ:

૧ ડેન્માર્ક	Rigsdag
૨ બેલ્જિયમ	The Chambers
૩ સ્વીડન	Riksdag
૪ સ્વિટઝર્લૅન્ડ	Bundesrat
૫ ચીન	Yuan
૬ નૉર્વે	Storthing
૭ બલ્ગેરિયા	Sobranye
૮ સ્પેન	Cortes
૯ ફ્રાન્સ	National Assembly
૧૦ આયર્લૅંડ	Oireachtas
૧૧ જાપાન	Diet
૧૨ હોલેન્ડ	States General
૧૩ ઈંગ્લંડ	Parliament
૧૪ અમેરિકા	Congress



ચોમાસાના દિવસોમાં કપડાં જલદી અને સુગમ રીતે ઘરના ઓરડામાં સુકવવા માટે ફોટોગ્રાફીના કામમાં વપરાતી, ચિત્રમાં, વર્તુળમાં બતાવેલી, પીન વાપરવાથી જગ્યાનો પણ બચાવ થશે અને કપડાં સરળતાથી પાસે પાસે સુકવી શકાશે.



ચિરાગ: ગુજરાતની મસ્જિદો માં પ્રાર્થનાસ્થાન આગળ ગોખમાં કોતરાએલું નજરે પડતું આ પ્રતીક રૂપ ભાસ્કર્ય ગુજરાતનું વિશિષ્ટ શોભન છે. પ્રફુલ્લ કમળના પૂર્ણચક્રમાંથી સાંકળો વડે લટકતા દીપકપાત્રની એમાં રચના કરેલી છે.

સખત ચોંટી ગએલાં બાટલી કે બરણીનાં ધાતુનાં ઢાંકણાં ઉઘાડતી વખતે કાચ કાગળ (એમરી પેપર) વાપરી જોજો. એથી પકડ મજબૂત થઈ છટકી જશે નહિ.


માખી છત પર ઊંધી કેમ ચાલી શકે છે?

માખીના પગ પોલા હોઈ તેના છેડે નાની ગાદી જેવું હોય છે. આથી માખી જ્યારે કોઇ પણ ઠેકાણે બેસે છે ત્યારે એના ભારથી પગમાંની હવા બહાર નીકળી જઈ ત્યાં શૂન્ય (વૅક્યૂમ) ઉત્પન્ન થાય છે અને બહારની હવાના દબાણને લીધે માખીના પગ તે જ્યાં બેઠી હોય ત્યાં ચોંટેલા રહે છે. આ કારણે જ તે ભીંત,છત કે ગમે ત્યાં સહેલાઈથી બેસી તેમજ ફરી શકે છે.

ખોટી વાત: મોરલીનો અવાજ સર્પને મીઠો અને આકર્ષક લાગે છે એવી ધારણા મોટા ભાગે છે. જમીનથી ઊંચે થએલો અવાજ સાપ સાંભળી જ શકતો નથી; માત્ર જમીન ઉપર થએલો અવાજ જ તે સાંભળે છે. મોરલી વગાડતી વેળા વાદી પોતાનો હાથ ડોલાવે છે, કાં તો માથું હલાવે છે, તે જોયાથી જ સાપ પોતાની ફેણ હલાવે છે.

તમે જાણો છો?

સર્વ પ્રાણીઓમાં વ્હેલ માછલીનું આયુષ્ય સૌથી લાંબું છે—૫૦૦ વર્ષ; ઑસ્ટ્રેલિયામાં કીડીની ૨૦૦૦ જાતો શોધાઈ છે; લંડનના રેડિયો સ્ટેશન(બી.બી.સી.)થી ૪૯ ભાષાઓમાં કાર્યક્રમો અપાય છે; સર્વ પ્રાણીઓમાં જિરાફ જ એક એવું છે કે જે કોઈ પણ જાતનો અવાજ કાઢી શકતું નથી. શોધખોળથી એમ જણાયું છે કે તેને અવાજ કરનારું સ્વરયંત્ર (લૅરિંક્સ) જ હોતું નથી!



આર્કિબાલ્ડ કૉફર્ડ ફોટો ડૉ. એસ. બી. કૂપર, એ.આર પી.એસ. ('નિહારિકા'ના સૌજન્યથી)

ફોટોગ્રાફીમાં તસ્વીર-આલેખનની બે પદ્ધતિઓ છે: એક ચાલુ પદ્ધતિ, જેમાં તેજ તથા છાયાના બધા જ વર્ણોનું સંપૂર્ણ આલેખન લાવી, ચહેરા પરની ઝીણામાં ઝીણી વિગતો કઢાવવામાં આવે છે. તેને 'લો કી' (Low Key) પદ્ધતિ કહે છે. બીજી 'હાઈ કી' (High Key) પદ્ધતિમાં 'છાયા'ના બધા જ ભાગો કમી કરીને માત્ર 'તેજચિત્ર' બનાવવામાં આવે છે, અને પાત્ર ઉપરથી તથા તેની પશ્ચાદ્‌ભૂમિમાંથી છાયાના અંશો દૂર કરીને એકલા પ્રકાશની મદદવડે પાત્રનું લાક્ષણિક વ્યક્તિત્વ કઢાવવામાં આવે છે. આ પદ્ધતિમાં પ્રકાશરચનાની ચાતુરી તથા એક્સ્પોઝિંગ, ડેવેલપિંગ ને પ્રિન્ટિંગ સુધીની ફોટોગ્રાફીની બધી જ ક્રિયાઓમાં ઊંચા પ્રકારનું કૌશલ તથા કાળજી હોય તો જ સફળ થવાય છે. એવી વિરલ સફળતા મેળવનાર આ ઉપરની તસ્વીર અમદાવાદમાં ગઈ વિજયાદશમીએ (૧૨મી ઑક્ટોબરે) ત્યાંના 'નિહારિકા' ફોટો-કલા મંડળના ઉપક્રમે ભરાએલા અખિલ હિંદ ફોટો-કલા પ્રદર્શનમાં શ્રેષ્ઠ રૌપ્યપદક પામી છે. આપણા દેશનાં રાષ્ટ્રીય તેમજ દુનિયાભરનાં આંતરરાષ્ટ્રીય પ્રદર્શનોમાં શ્રેષ્ઠ જ ઉત્કૃષ્ટ 'હાઈ-કી' તસ્વીર તરીકે બહુમાન પામેલી આ કલાકૃતિ 'તેજચિત્ર' હોવા છતાં પણ તેમાં ઠુમાશભર્યા રૂપેરી વાળ, અવસ્થા આંકતી ચહેરા પરની કરચલીઓ ને રેખાઓ, આસમાની આંખોમાંની સજીવતા તથા દાઢી પરના વાળ સુધીની બારીક વિગતો ઉતારી બતાવીને એ વ્યક્તિની લાક્ષણિકતાને બોલતી કરી દીધી છે એ તેનું ગુણવૈશિષ્ટ્ય છે. આવી 'હાઈ-કી' તસ્વીરો ફોટો-ચિત્રકલામાં બહુ વિરલ નીકળી આવે છે.

COLUMBIA

કોલંબિયા

નવી રેકોર્ડસ્

NEW **RECORDS**

બિચ્ચારાં નિરાશ્રિતો! વર્ષોથી રહેતાં પોતાના વહાલા વતનનો આજે તેમને ત્યાગ કરવો પડ્યો છે. સો કે હજારની સંખ્યામાં નહીં, બલ્કે લાખોની કતારમાં એ ધરતીનાં બાલુડાં આજે અન્ય પ્રદેશો તરફ જઈ રહ્યાં છે. કેવું કરૂણ દશ્ય ! આ સઘળું ઈંદુલાલ ગાંધીએ જાતે અનુભવ્યું છે અને 'ધરતીનું રૂદન' નામના ગીતમાં તે વર્ણવ્યું છે. તે ગીત ભાઈશ્રી રતિકુમાર વ્યાસે એક રેકૉર્ડ પર રજૂ કર્યું છે તે સાંભળવી ભૂલશો નહિ.

રતિકુમાર વ્યાસ, શારદા ઘીયા અને પાર્ટી

GE 8193 | **ધરતીનું રૂદન** ભાગ ૧-૨

— તેમની જ બીજી રેકૉર્ડસ્ —

GE 8073 | સુભાષ તમે પાછા ભારતમાં આવજો ★ GE 8085 | દેવનાં દીલડાં દુલાવ્યાં જોગંધર આગ્યુમાં

આ સિવાયની સુંદર રેકૉર્ડસ્

કુ. મથુરીબેન ખરે

GE 8192 | સાધુનું ગીત / નિશ્ચય કરો રામનું નામ

★

ગોસ્વામી ઈશ્વર ગિરિજી

GE 8172 | બેદલનો સંગ કેમ કરીએ / દેવ તારે કાજે

આ રેકૉર્ડસ્ ગ્રામોફોનના વ્યાપારીની દુકાને જઈ જરૂર સાંભળો

★ **કોલંબિયા ગ્રાફોફોન કું.લી.** ★

કલકત્તા ▲ મુંબઈ ▼ મદ્રાસ ▲ દિલ્લી

COLUMBIA GRAPHOPHONE CO. LTD. CALCUTTA – BOMBAY – MADRAS – DELHI